
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૧૦ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી


સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

[illegible]

# નમસ્કાર મંત્રના આરાધક બનવા માટેની પૂર્વ તૈયારી

(૨)

જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે તે જ્ઞાનના પાંચ પ્રકાર છે. તેમાં શ્રુતજ્ઞાન સ્વ-પર પ્રકાશક હોવાથી મુખ્ય છે. શ્રુતજ્ઞાન ચૌદપૂર્વ અને બાર અંગ સ્વરૂપ છે અને તે સાગર જેટલું વિશાળ છે. બાહુબળ વડે સ્વયંભૂરમણ સાગરને પાર પામવો દેવ સહાય વડે જ શક્ય છે, તેમ દેવ અને ગુરુની ભક્તિ વિના પોતાના પ્રયત્નથી શ્રુતસાગરને પાર પામવો અશક્ય છે. આ મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે દેવ-ગુરુને પ્રણામ એ જ શ્રુત-સાગરને પાર પામવાનો ઉત્તમ ઉપાય છે તે દેવ ગુરુને પ્રણામ નમસ્કાર મંત્ર વડે થાય છે. તેથી તેને ભણવો જોઈએ, ગુરુ પાસે વિધિપૂર્વક ગ્રહણ કરવો જોઈએ, તે માટે ઉપધાન તપ કરવો જોઈએ. શ્રી નવકાર મંત્રના ઉપધાન હોય છે, તેમાં ૧૮ દિવસ સુધી ગુરુનિશ્રામાં પૌષધમાં રહી ૧૨॥ ઉપવાસનો તપ કરવો પડે છે. આ તપની સાથે રોજ બે વખત પ્રતિક્રમણ, પ્રતિલેખન, ત્રણવાર દેવવંદન, એકસો લોગસ્સનો ઉભા ઉભા કાયોત્સર્ગ, એકસો ખમાસમણા, ગુરુવંદન, [illegible]



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

नमो नमो ऽरि हंताणं। नमो

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमो ऽरि हं ता णं। ०

नमोऽरिहंताणं। नमोऽरिहंताणं। नमोऽरिहंताणं।

० ० ०

नमोऽरिहंताणं। नमोऽरिहंताणं। नमोऽरिहंताणं।

० ० ० ० ०

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૦ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

ॐ


- **HASTAKSHAR NU AKSHAY PATRA**

  Personal Diaries comprising of Divine everyday thoughts,
  musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 10**

  August 2018
  300 Copies / 224 Pages
  For Private Circulation only.

---

- **PUBLISHER**



  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



  Mumbai / Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Shri C. K. Mehta
  Mumbai

---

- **ENHANCED & DESIGNED BY**



  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
  bharti@mindfiesta.com
  +91 98252 15500



- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com

  www.navkarday.com

  Amazon Kindle

---

- **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

  C/o Shri Sudhirbhai Pandya,
  'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
  Jamkhambhaliya - 361305.
  (Dist: Devbhumi Dwarka)
  +91 2833 - 254156


- **ખાસ વિજ્ઞપ્તિ**

  ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
  ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
  પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
  પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




**'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખરેખર અચરજનું અક્ષયપાત્ર પણ છે.**

આજ પર્યંત પ્રગટ થયેલ દરેક ડાયરીમાંથી જે ભાવો વ્યકત થયા છે, તે ભાવો જાણે કયાંય પૂરાં જ થતાં નથી, ચિત્રાવેલીની જેમ નવા-નવા અર્થ નીકળ્યા જ કરે છે. ખેતરમાં જેમ બીજમાંનો અંકુર માટીના સાત પડ તોડીને ધરતીમાંથી માથું બહાર કાઢી વિકસે, તે રીતે જેમ જેમ આ પદાર્થોનું ભાવન થાય છે, તેમ તેમ મનની જૂની ગ્રંથિઓને તોડીને નવા નવા અર્થો માથું ઊંચકીને બહાર આવતા જ જાય છે, જે તેઓના વિશિષ્ટ અનુપ્રેક્ષાઓનાં ચિન્મય અજવાસની જ મ્હોટી કૃપા છે.

**ખરે જ, ગુરુમહારાજ એક એવા યુગાવતાર હતાં કે
સમષ્ટિ આખીને પોતાની સાથે ઊંચે ને ઊંચે લઈ જઈ શકે.**

ઘણી વખત થાય કે સાહેબે... શું કર્યું છે? પણ પછી તરત થાય છે કે સાહેબે શું બાકી રાખ્યું છે? સવારથી સાંજ સુધીની સાધુજીવનની પ્રક્રિયા કરતાં કરતાં આવેલા વિચારોને રોજેરોજ અક્ષરદેહ આપવો, તે નાની વાત નથી. મુનિઓ અને શ્રાવકોને પાળવાનાં આચારો તથા ખાસ સૂચનોની સૂચિ, અરે... તેમાં પણ જ્યારે બોરસણ ગામમાં વિશિષ્ટ સાધનાર્થે ૪ મહિના જેવી સ્થિરતા કરી, તેમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક, આત્મિક, સામાજિક દ્રષ્ટિએ જે કંઈ પ્રવૃત્તિ થઈ, પોતાનો વિકાસ થયો, તે પણ સરવૈયા તરીકે લખીને તો ગુરુમહારાજે કમાલ જ કરી છે.

ॐ

વળી આ ભાગમાં સાહેબજીના ચાતુર્માસોની વિગત, તે-તે ચાતુર્માસમાં કયા ગ્રંથોનું વાંચન થયું અને કઈ આત્મિક સાધનાની પ્રવૃત્તિ-પ્રગતિ થઈ તેનો ય ઉમદા ઉલ્લેખ છે. આપણી ૭૨૦૦૦ નાડીઓ, તેના અદ્ભૂત કાર્યો અને અધ્યાત્મના રહસ્યોને પામવા કુંડલિની શકિતનાં ઉચ્ચ દ્વારોને પણ પૂરેપૂરા સ્પર્શ્યા હોય તેવો આભાસ આ ડાયરીઓના લખાણથી પ્રત્યક્ષ થાય છે. હા... એમને જે સ્થળે જે ભાવોલ્લાસ જાગ્યા, તે પણ અહીં કયાંક સહજ ભાવે કંડારાઈ ગયો છે. તે વાંચતા અમને બધાને રોમાંચ થયો છે, તો સાધુપણા માટેની પ્રેરણાનાં જે શાસ્ત્રીય પદાર્થો કહ્યા છે, તે તો સીધા અંતરને ચોટ લાગ્યા વિના રહ્યા નથી. એ સર્વ પઠન કરતી વેળાએ સાહેબજીનાં હૃદયનાં એક એક તારમાં મૈત્રીભાવ, સમત્વગુણોનો ખજાનો ઉપરાંત સાધક જીવન જીવવાની સમસ્ત કળા કંડારાયેલી હતી, તેનો સુજ્ઞ પરિચય થાય છે.

આ પ્રકાશનનો ખ્યાલ આવતા પૂ.સાહેબજીની અત્યંત જૂની ડાયરીઓ પણ ભારતના ચારે ખૂણેથી અમોને પ્રાપ્ત થઈ રહી છે, જેથી વર્ષોનો ક્રમ જે આગળ-પાછળ ઝૂલાં ખાઈ રહ્યો છે, તે સમજી શકાય તેમ છે. મોકલનારને ધન્યવાદ. જેમ જેમ ભાગો આગળ વધતા જાય છે, તેમ તેમ ચોમેરથી કૃતિની માંગણી પણ વધતી જાય છે. જેઓ સાધક આત્માઓ છે તેમને ખબર પડતાં જ બધા ભાગોની માંગણી કરે છે, ત્યારે જ ભવિજનોને આટલી ઉપયોગી કૃતિ બની છે, તેનો સાચો ખ્યાલ આવે છે.

પૂજ્યપાદ્ પંન્યાસજી ભગવંતે તો સ્વ આરાધના માટે આ સઘળું લખ્યું છે, પણ આ મહત્વશીલ પ્રકાશન જેઓની અપ્રતિમ ગુરુભક્તિ થકી થઈ રહ્યા છે, તેમાં સાહેબજીના આશીષ પ્રાપ્ત **સી.કે.મહેતા**ની અત્યંત ઉત્કૃષ્ટ ઉદારતા અને રાજકોટનાં અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાનાં પુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની ભાવિતાત્મા **ભારતીબેન**નો અવિરત શ્રમ જ આ ડાયરીઓનાં જીર્ણોદ્ધારક ભાવ બન્યા છે.

બધાની ભક્તિનું બૃહદ્ ફળ એટલે જ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નો દીપંતો ભાગ ૧૦.

ઑગષ્ટ, ૨૦૧૮
ઓશવાળ કોલોની, જામનગર.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

ૐ

## ઍક જ સૂર્ય... ઍક જ ચંદ્ર...
## અને ઍક જ ધ્રુવતારક સમા
## મારા ગુરુમહારાજ



અષાઢ-શ્રાવણનો મેઘો તો ક્યારેક ત્રુઠે અને ક્યારેક રૂઠે, કિન્તુ શબ્દસાધનાનો આ પર્જન્ય યજ્ઞ તો આપણને પ્રેમનિહિત શ્રદ્ધામાંથી ભક્તિ અને તેમાંથી અભયની મુશળધાર વૃષ્ટિમાં સતત ભીંજવવા જાણે કૃતસંકલ્પ જ છે. બીજમાં વડલો હોય તેમ આ રોજનીશીનાં એક એક અક્ષરનાં નકશીકામની અંદર તત્ત્વોની અનેક શાખા-પ્રશાખાઓ સમાયેલી છે. પાને પાને આંતરજગતને આલોકિત કરતું અજવાળું છે. બધા સાધકો હૃદયનાં ભાવોથી ગ્રહી શકે તેવા તેઓનાં મૈત્રીમંત વચનામૃતો તો જાણે સૌ માટે એક જ સૂર્ય... એક જ ચંદ્ર... અને એક જ ધ્રુવતારક સમા ધ્રુવામૃત છે!

**ગુરુમહારાજ આજે પ્રત્યક્ષ હોત તો**
**પ્રશમરસનિમગ્ન તેઓની આજાનબાહુ કાયા ફરતે ત્રણ પ્રદક્ષિણા આપીને કહેત કેઃ**
**'આપની પરિક્મ્માથી જન્મોજન્મની પરિક્મ્મા તૂટી જાય તેવું કરજો.'**

સાહેબજી, હું મનોમન પોરસાઉં છું કે તમે મારા ગુરુમહારાજ છો! આપની અંતર્યાત્રાનાં યાત્રી થવા આ અક્ષયપાત્રોને જેવા ખોલું છું કે તરત અધ્યાત્મની નવી ક્ષિતિજો પણ સાથે-સાથે ખૂલતી જાય છે... ને તે બંધ કર્યા પછી મારી જાત સાથે જ 'વૉક ધ ટૉક' ચાલુ થઈ જાય છે. આપના હસ્તાક્ષર સાથે નિરંતર અને ક્યારેક પ.પૂ.પં. શ્રી વજ્રસેનવિજયજીની નિશ્રામાં ય ઉજવું છું હવે હું અધ્યાત્મનો ઓચ્છવ!

ઑગષ્ટ, ૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા









ચેતોઽચલં ચંચલતાં વિમોચ્ય
સંકોચ્ય પંચાઽપિ સમં સમીરાન્ ।
પશ્યન્તિ યન્મૂર્ધ્નિ શાશ્વતશ્રિ-
સારસ્વતં જ્યોતિ રુપાસ્મહે તત્ ॥

ૐ

પુના કેમ્પ, સં. ૧૯૯૪ કારતક સુદ ૧, ગુરૂવાર

## મુનિનો જઘન્ય આચાર

(૧) ઉપવાસાદિ તપના પારણા સિવાય નવકારસી નહિં.
(૨) એક દિવસે બે કે અધિક વિગઈ વાપરવી નહિં.
(૩) ખાસ કારણ સિવાય સાંજે વાપરવું નહિં.

## સાધુપણાનો સાર

મુનિએ નવીન કર્મબંધને રોકવા તથા
પૂર્વકર્મને નિર્જરવા માટે
ઔદયિકભાવને આધીન ન થવું.
દરેક મુનિએ ક્ષાયોપશમાદિ ભાવો
પ્રાપ્ત કરવા માટે નિરંતર ઉદ્યમશીલ રહેવું.
ઔદયિકભાવને આધીન થનાર
તથા ક્ષાયોપશમાદિ ભાવો મેળવવા
પ્રયત્ન નહિ કરનાર સાધુ,
સાધુપણાના સારથી વંચિત રહે છે.
ક્ષાયોપશમાદિ ભાવો કેળવવા
અને
ઔદયિક ભાવોમાં ઉદાસીન રહેવું.
આ જ સંયમપણાનો સાર છે.

ॐ

પુના કેમ્પ, સં. ૧૯૯૪, કારતક સુદ-૨, શુક્રવાર

## દરેક મુનિઓએ પાળવા જેવા આચાર

(૧) કોઈપણ ચીજનો સંચય કરવો નહિ.
(૨) શેકેલું અને ભૂંજેલું ધાન્ય વાપરવું નહિ.
(૩) બિનજરૂરી ભાજી-સૂકી મેથી લેવી નહિ.
(૪) નિત્ય એકાસણાદિ ઓછો તપ કરવો નહિ.
(૫) રોગવૃદ્ધિનાં મૂળ નિદાન સમા મિષ્ટાન્નને સ્પર્શ ન કરવો.
(૬) આહાર અને પાણી ઉત્પાદનની પુરતી ગવેષણા કરવી.
(૭) ઉપકારીઓના અવર્ણવાદ સ્વપ્ને પણ ચિન્તવવા નહિ.
સાધુનો માર્ગ એવો છે, જે કાંઈપણ ઉન્નતિ વાંછે નહિ.

'સહજ ભાવે થાય તે થાઓ.'

## મુનિધર્મનું પરમ રહસ્ય

ઔદયિકભાવોમાં હર્ષ-શોક ત્યજવા અને
ક્ષાયોપશમાદિભાવોની પ્રાપ્તિ
આદિમાં જ આનંદાદિ માનવો એ છે.

## શ્રાવકનો જઘન્ય આચાર

(૧) જિનપૂજા
(૨) જિનવાણી શ્રવણ (સામાયિકાદિ)
(૩) અભક્ષ્યાદિ ત્યાગ

ૐ

તા-૧-૧-૧૯૩૮ (પોષ સુદ ૧, ૧૯૯૪)

: મુનિઓ તથા શ્રાવકોને ખાસ સૂચના :

કોઈપણ વાતના અસંતોષને
કદાપિ હૃદયમાં સ્થાન આપવું જ નહિ.
આરાધના હંમેશાં શક્તિ અને સામગ્રી મુજબ થાય છે.
શક્તિ ક્ષયોપશમને અને સામગ્રી પુણ્યોદયને આધીન છે.
માટે અસંતોષ નહિ કરતાં
શક્તિ અને સામગ્રી મળે એવી દશા પ્રાપ્ત કરવામાં
યથાશક્તિ ઉદ્યત રહેવું એ જ આપણું કર્તવ્ય.
વિરાધના ન થઈ જાય એ માટે સાવધ રહી,
આરાધના માટે યથાશક્તિ મથનારને
અસંતોષનું કોઈ કારણ જ નથી.
આરાધના યથાશક્તિ કરવી પણ એનો અસંતોષ ધરી
આર્તધ્યાન થાય એવા વિચારો નહિ કરવા.
પ્રભુ શાસનની પ્રાપ્તિ પછી
માનસિક વ્યગ્રતાને અવકાશ જ નથી,
કારણકે પ્રત્યેક પ્રવૃત્તિ આદિ કયા ભાવનાં યોગે છે
એનો વિચાર પણ કરી શકાય છે...
અને સમાધાન પણ મેળવી શકાય છે.

ॐ

પોતામાં યોગ્યતા છે કે નહિ, એના વિચારમાં આત્મા રહે, એ સત્ય છે, યોગ્ય જ છે. ધર્મ પામેલાને ધર્મ આપવાની ઇચ્છા હોવી જ જોઇએ, એમાં જરા ય વિવાદ જ નહિ.

'પોતામાં જેટલું હોય એટલું જ આપવાનું છે?'
આ ખ્યાલ રહે અને સદા જ પ્રયત્ન થાય તો
દંભને આવવાનો અવકાશ નહિ.

ધર્મના નામે લોક સાથે તેમ ભોળવવાની કોઈને જ છુટ નહિ. લોક તેમ ભોળવનારા તો પરિણામે ઉત્સૂત્રભાષી જ બની જાય છે. સ્વપરના તારક થવાના બદલે તેઓ ડુબાડનારા જ બને છે. શ્રી જિનેશ્વર દેવનો ધર્મ ચાલે છે એ બરાબર છે, એમાં શંકા જ નહિ. માત્ર લાભ માર્ગને દૂર કરી કીર્તિ ધામધુમ જ્યાં જ્યાં ચાલતી હોય તેના વિનાશ માટે શક્ય કર્યા કરવું અને પ્રભુમાર્ગનું સત્ય શાસ્ત્રના પ્રમાણોમાં જાહેર કર્યા કરવું, એના જેવી આ કાળમાં બીજી આરાધના આપણે એક પણ સાધી શકીએ એવી આપણી સ્થિતિ જણાતી નહિ. ધર્મ પ્રદાનનું કામ સહેલું નહિ, માટે જ એ કામ એની યોગ્યતા ધરાવનારા ઉપર રાખી, આપણે તો આપણી શક્તિના પ્રમાણમાં અસત્યના પ્રતિકાર - સત્યના પ્રચાર માટે સજ્જ રહેવું.

ॐ

ધર્મપ્રદાનનો સમય આવી જ લાગે તો,
આપનાર અને લેનારની લાયકાત આદિ અંગે
શાસ્ત્રાજ્ઞાઓ સામે રાખી કુશળ અનુગ્રહ બુદ્ધિએ વર્તવું,
જેથી સ્વપરના અહિતની સંભાવના નહિ રહે.
એ અતિશય જરૂરનું છે કે:

આપણાથી અન્યનું હિત ન સધાય એ જુદી વાત છે, પણ કોઈનું ય અહિત ન થાય એની પૂરતી સાવચેતી રાખવી. દરેક કાળમાં શાસનના પ્રભાવકો ઓછા જ હોય છે અને ઓછા જ રહેવાના. જગતની આર્થિક સ્થિતિ આદિના વિચારથી શાસ્ત્રસિદ્ધ ઉપદેશકો માટે બહુ જરૂરી નથી અને અયોગ્ય આદેશો કરનારાઓ તો તે ધ્યાનમાં પણ લેવાના નથી, એટલે નામના પ્રભાવકો અને નામના સાધુઓનું સંઘર્ષણ કાયમ ચાલુ જ રહેવાનું છે. એ જ રીતિએ ધર્મ તરફ જ ધૃણા ધરાવનારાઓ સાચા ધર્મ ઉપદેશકોની સામે પણ કોલાહલ ચાલુ જ રાખવાના છે. જૂના ઘટે કે નવા વધે એ વિચાર બહુ અગત્યનો નથી, જે રહે એ સાચા આરાધક રહેવા જોઈએ અને જે આવે એ સાચા આરાધક બનવા જોઈએ, આ જ વાતનું આપણું લક્ષ્ય જીવંત રહે એ બસ છે.

ૐ

મુંબાઈ, પોષ વદ-૬

૦ મુનિઓથી શાસનની નિંદા થાય એવું કંઈપણ ન થવું જોઈએ એવી ચિંતા આદિ એકાંત પ્રશસ્ત છે. પ્રભુ શાસનની થયેલી સમજ(અનુસાર) શ્રોતાઓને તેઓની યોગ્યતા મુજબ સંભળાવવું. એવી દૃષ્ટિ આવશે તો જ સમાધિ રહેશે. ક્ષયોપશમના પ્રમાણમાં જ બોલવાનું છે. ક્ષયોપશમ વધારવાના પ્રયત્નો કરવા એ હિતાવહ છે, બાકી ક્ષયોપશમના અભાવમાં દુનિયાના દરિદ્રોની માફક આર્તધ્યાન ન જ થવું જોઈએ. સારી રીતિએ સ્વપરના ઉપકારની શક્તિ પ્રાપ્ત થાય, એની ચિંતા હિતાવહ છે, પણ એવી શક્તિ ન આવે એની મુંઝવણ રહેવી જરૂરી નથી. શુભ પ્રયત્નથી જ શુભ ક્ષયોપશમ શક્ય છે, પણ નકામી ચિંતાઓ કશી કરવાની નહિ.

શુદ્ધ હૃદય હંમેશા આધારની નિશ્રામાં જ રહેલ છે.

અશ્રદ્ધાળુઓના ઘોંઘાટની ચિંતા જ ન રહેલ.

સ્પષ્ટ માર્ગદર્શન કરી આરાધનામાં ઉજમાળ રહેનારને સદા આનંદ જ રહેલ છે. લોકહેરી આત્માને સ્પર્શી ન જાય અને શુદ્ધ આરાધનામાં દત્તચિત્ત રહેવાય તો અસમાધિ દૂર જ રહે. આરાધના હંમેશા યથાશક્ય જ થાય છે. માત્ર એમાં દંભ ન આવી જાય, એની સાવચેતી રાખી આરાધનામાં મસ્ત રહેવાય તો તો પછી કલ્યાણ જ છે.

ૐ

## ૮૧ વિચારકર્ણિકાઓ

(૧) દિદૃક્ષા જ સૃષ્ટિ છે, શાંત વાહિતા જ મુક્તિ છે.

(૨) ઈંદ્રિયસુખો પ્રતિકારરૂપ વ્યાધિ છે. એ પ્રતિકાર પણ અતિપ્રતિકૂળ અરુચિ અધિક વ્યાધિ નિપજાવનાર છે.

(૩) ઈંદ્રિયવૃત્તિરહિત સુખ તે ઉપશમ સુખ.
તે અત્યંત સારભૂત છે.

(૪) દોષાવરણનું તારતમ્ય છે,
માટે તેનો નિઃશેષ નાશ પણ છે, તે જ મુક્તિ છે.

(૫) સર્વ શત્રુઓનો ક્ષય, સર્વ વ્યાધિઓનો વિલય, સર્વ અર્થનો સંયોગ અને સર્વ ઇચ્છાઓની પૂર્તિ વડે જે સુખ થાય તેનાથી અનંતગણું સુખ મોક્ષમાં છે.

(૬) સર્વવ્યાપીને બંધ અને મોક્ષ ન ઘટે.
મોક્ષતત્ત્વની શ્રદ્ધાવાળાને જ ધર્મમાં મન સ્થિર રહે.
મુક્તિની ઇચ્છા મોટો યોગ છે.

(૭) મુક્તિની ઇચ્છા વડે અમૃતક્રિયાનો યોગ થાય છે.

(૮) કર્મને નિમિત્તે કષ્ટ સહન કરવાથી તે તપ નહિ, પણ જ્ઞાને કર્મવિપાકને સમતા વડે સહવાથી તપ થાય છે.

(૯) મોક્ષના હેતુમાં અગ્નિ સમા કર્મ બાળવાની શક્તિ છે. ઘણાં ઈંધન ઘણુંય કાળે અને થોડાં ઈંધન થોડાં કાળે બળે.

(૧૦) દંડાદિ વિના ઘટ ન થાય. મૃત્તિકાભેદે ઘટભેદ હોય, તેમ જ્ઞાનદર્શનના ભેદે મુક્તિફળમાં ભેદ હોય પણ રત્નત્રય વિના નહિ જ. રત્નત્રય દંડાદિનાં સ્થાને છે, ફળભેદ દળભેદે છે. જ્ઞાનાદિ ગુણમાં એકરૂપણાનો સંદેહ નથી. વ્રતાદિથી કોઈને સિદ્ધિ ન દેખાય તો પણ વ્રતાદિ તજવા યોગ્ય નથી. ફળનો સંદેહ છતાં કૃષિકાર બીજ વપન કરે છે, તો જ અવસર આવ્યે તેનું ફળ મેળવે જ છે ને?

(૧૧) અંશગ્રાહી નયરૂપી કુંજર વસ્તુતત્ત્વરૂપી વૃક્ષને ઉખેડે છે, પણ તેને સ્યાદ્વાદરૂપી અંકુશ વડે ધારણરૂપ રોકે છે.

(૧૨) નૈયાયિક, વૈશેષિક, નૈગમનયાનુસારી છે. વેદાંતી સંગ્રહનયને અનુસરે છે. સાંખ્ય વ્યવહારનયાનુસારી છે. સૌગત ઋજુસૂત્રનયને અનુસરે છે. મીમાંસક શબ્દનયને અનુસરે છે, જૈન દર્શન પૂર્ણવસ્તુને માને છે, તેથી છ એ દર્શનને એકત્ર કરે છે. સ્યાદ્વાદ સૂત્રે ગુંથાયેલાં છ એ દર્શનો સમ્યક્ બને છે, જેમ હીરાથી પરોવાયેલાં છૂટાં રત્નો માળા બનીને કંઠે ધારણ કરવા લાયક બને છે.

(૧૩) વચનમાત્ર શ્રુતજ્ઞાનથી સ્વસ્વમતનો આવેશ થાય છે. નયવિચારરૂપી ચિંતાજ્ઞાનથી સંક્લેશ ટળે. ભાવનાજ્ઞાનથી 'ચારિ સંજીવની ચાર' ન્યાયે અજાણ વ્યક્તિને માર્ગે લાવી શકાય છે.

ૐ

(૧૪) પરપ્રાણિનો નાશ, પીડાનો ઉત્પાદ અને ચિત્તનો સંક્લેશ
એ ત્રિવિધ હિંસા કથંચિત્
નિત્યાનિત્યવાદી જૈનમતમાં ઘટે છે.

(૧૫) તંદુલનું સંતુષપણું, તાંબાનું શ્યામપણું અને
રત્નનું મલિનપણું ક્રિયાથી જાય છે.

(૧૬) નીચે દર્શાવેલ ૭ નયમાં
પહેલાં ૪ અર્થનય છે અને ત્યાર પછીના ૩ શબ્દનય છે.

(I) નૈગમનય - Figurative સંકલ્પમાત્રગ્રાહી
(II) સંગ્રહનય - Generic સામાન્ય માત્રગ્રાહી (General - common)
(III) વ્યવહારનય - Distributive
(IV) ઋજુસૂત્રનય - Present condition
(V) શબ્દનય - Discriptive
(VI) સમભિરૂઢ નય - Usage specific
(VII) એવંભૂતનય - Active

દ્રવ્યાર્થિક ૩ : સામાન્ય, ઉત્સર્ગ, અનુવૃત્તિ.
પર્યાયાર્થિક ૪ : સામાન્ય, વિશેષ, અપવાદ, વ્યાવૃત્તિ.
દ્રવ્યાર્થિકના કુલ ૩ ભેદ પડે છે : સત્, અસત્, ઉભય.
નૈગમનય = ધર્મોને પ્રાધાન્યવશાત્ અંગીકાર કરે તે.

ॐ

સંગ્રહનય = અંતર્ભેદોમાં ભેદ ન માને તે.

વ્યવહારનય = અંતર્ભેદોને સ્વીકારે તે.

ઋજુનય, શબ્દનય અને અર્થનય એમ બહુ ૩ ભેદ પડે છે.

(૧૭) આ ઉપદેશપદમાં કહ્યું છે કે: માતા-પિતાની પૂજા કરવા જોઈએ અને માતા-પિતાનો વધ કરવો જોઈએ. આમાં

કયા માતા-પિતાની પૂજા? જન્મદાતા.

કયા માતા-પિતાનો વધ? ભવ આપનાર.

ભવનો જન્મ આપનાર માતા-પિતા કોણ?

અહંકારરૂપી પિતા અને મમકારરૂપી માતા અથવા માયારૂપી માતા અને માનરૂપી પિતા અથવા વિષયરૂપી માતા અને કષાયરૂપી પિતા અથવા તૃષ્ણારૂપી માતા અને લોભરૂપી પિતા.

સંસારરૂપી પુત્રનો જન્મ આપનાર વિષયાભિલાષરૂપી માતા અને કષાયકલાપ રૂપી પિતાનો સત્વર વધ કરવો જોઈએ. તે માટે દેવ અને ગુરુને શરણે જવું જોઈએ. દેવે બતાવેલા શ્રુતધર્મનો અને ગુરુએ બતાવેલા ચારિત્ર-ધર્મનો આશ્રય લેવો જોઈએ. શ્રુતધર્મરૂપી માતા અને ચારિત્રધર્મરૂપી પિતાનું શરણ સૌએ સ્વીકારવું જોઈએ. શ્રુતધર્મના સારરૂપી નવકાર માતા અને ચારિત્રધર્મના સારરૂપી કરેમિભંતે પિતાનો આશ્રય સ્વીકારવો જોઈએ.

ॐ

(૧૮) જીવનમાં ૩ પ્રકારનો અભ્યાસ કેળવવો જોઈએ:

સતતાભ્યાસ = માતૃ-પિતૃ પૂજન
વિષયાભ્યાસ = દેવ-ગુરુની ભક્તિ
ભાવાભ્યાસ = સંવેગ-નિર્વેદનો ભાવ.

માતા-પિતાના પૂજનમાં અને દેવ-ગુરુની ભક્તિમાં જેટલે અંશે સંવેગ અને નિર્વેદનો ભાવ રહેલો છે, તેટલે અંશે ધર્મ છે. ભાવાભ્યાસમાં તે પ્રકર્ષને પામે છે, તેથી ભાવાભ્યાસ એ નિશ્ચયથી અને તેના કારણરૂપ સતતાભ્યાસ અને વિષયાભ્યાસ એ વ્યવહારથી ધર્મ છે.

<u>સંવેગ</u> = દેવ અને મનુષ્યભવ સંબંધી સુખમાં ખેદબુદ્ધિ.
<u>નિર્વેદ</u> = તિર્યંચ અને નરકગતિ સંબંધી દુઃખોમાં ઉદ્વિગ્નતા.
દુઃખનાં કારણભૂત પાપમાં ખેદબુદ્ધિ એ નિર્વેદભાવ છે.
સુખનાં કારણભૂત ધર્મમાં ઉપાદેયબુદ્ધિ એ સંવેગરસ છે.

સંવેગરસ = ધર્મમાં પ્રેમ.
નિર્વેદભાવ = પાપમાં ઉદ્વેગ.

ધર્મપ્રેમ અને પાપઉદ્વેગ નિશ્ચયથી ભાવાભ્યાસ છે.

(૧૯) વિધિનિષેધ રૂપ શાસ્ત્ર વાક્યના ચાર અર્થ છે:

પદાર્થ = શ્રુતજ્ઞાન, વાક્યાર્થ = ચિંતાજ્ઞાન,
મહાવાક્યાર્થ = ભાવનાજ્ઞાન, ઐદંપર્યાર્થ = આજ્ઞા બહુમાન.

(I) અવગ્રહ - પદાર્થ : વૃક્ષસામાન્ય, શ્રુતજ્ઞાન, શાબ્દબોધ.
સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના, પ્રત્યવસ્થાન.
(II) આકાંક્ષા(ઈહા) - વાક્યાર્થ : આમ્ર અને નીંબનો સંશય,
ઈહા - પરિવ્રાજકાદિમાં બહુ શાસ્ત્રની સંભાવના અને
વાક્યાર્થ - પદવિગ્રહ - શ્રુતમય - ચિન્તાજ્ઞાન.
(III) અપાય - મહાવાક્યાર્થ : આમ્ર છે પરન્તુ નીંબ નહિ.
ભાવ - વૃક્ષાદિ દ્વારા પુરુષ પ્રતીતિ કરીને થતો બોધ.
મહાવાક્યાર્થ - ચાલના - ચિંતામય અને ભાવનાજ્ઞાન.
(IV) પ્રવર્તન - ઐદંપર્યાર્થ : આમ્રાદિનું શીઘ્ર તત્ર ગમન,
પ્રત્યવસ્થાન - ઐદંપર્યાર્થ - ભાવનામય - આજ્ઞાબહુમાન.
હેયોપાદેયોપેક્ષ્ય વિષયક શુદ્ધ અધિકારી બોધ - તાત્પર્યાર્થ.
અવગ્રહ = Perception, ઈહા = Conception,
અપાય = Judgement, ધારણા = Retention.
o સ્વરૂપથી, હેતુથી અને અનુબંધથી હિંસા ભેદ અને
પરિગ્રહ ત્યાજ્ય છે. આજ્ઞાવિરાધના ભેદ અને ત્યાજ્ય છે.
તપ અને ધ્યાન ક્યા, કેવા રીતે, શા માટે કર્તવ્ય છે?
હેતુ શુદ્ધ, અનુબંધ શુદ્ધ રીતે તથા
આજ્ઞાપાલન અર્થે તપ અને ધ્યાન કર્તવ્યરૂપ છે.
વિધિનિષેધરૂપી વાક્યોનો સાર: 'ધર્મમાં આજ્ઞા જ
પ્રધાન છે અને તે વસ્તુને સ્થિર કરવા માટે છે.'

ॐ

(२०) 'બ્રહ્મ' શબ્દ ઉપરથી બ્રાહ્મણ અને 'શ્રમ' શબ્દ ઉપરથી શ્રમણ-શ્રમણ શબ્દો બન્યાં છે. બ્રહ્માંડના વિચારમાંથી બ્રહ્મભાવના અને પિંડના વિચારમાંથી શ્રમભાવના વિકસિત થયા છે. બ્રહ્મ ભાવનામાંથી 'હું બ્રહ્મ' આત્મઅભેદની ભાવના અને શ્રમભાવનામાંથી આત્મૌપમ્યની ભાવના પ્રગટે છે. એકમાં સ્વરૂપાસ્તિત્વ અને બીજામાં સાદૃશ્યાસ્તિત્વ મુખ્ય બનીને અભેદનો વિચાર વિકસે છે. સ્વરૂપાસ્તિત્વમાં ત્રૈકાલિક એકતા અને સાદૃશ્યાસ્તિત્વમાં સાર્વદૈશિક એકતા સધાય છે. જ્યાં કાળ અને ક્ષેત્ર બંનેમાં એક જ આત્માની શ્રદ્ધા જ્યારે સ્થિર થાય છે, ત્યારે અંદરથી નિર્વિકલ્પતા અને બહારથી પરમ અહિંસા સધાય છે. બન્ને દૃષ્ટિ પૂર્ણ અહિંસામાં પરિણામ પામીને પોતાની સાર્થકતા અનુભવે છે. ધર્મની પરમ - ચરમ પ્રતિષ્ઠા અહિંસામાં અનુભવાય છે. અહિંસાનું તાત્પર્ય દૈશિક અને કાલિક અનુભવાય છે. અભેદનું ભાન અહિંસામાં પરિણામ પામે છે.

(२१) આત્મવિદ્યાનો જિજ્ઞાસુ પોતાના પિંડસ્થિત સ્વરૂપ ઉપરાંત સર્વગત ને સર્વસાધારણ પરમાત્મસ્વરૂપને પણ જાણવા તલસે છે. આત્મવિદ્યા મનુષ્યને પોતાનું સ્વરૂપ

ॐ

વિચારવા અને અનુભવવા પ્રેરે છે. આ પ્રેરણા તેને ઈતર પ્રાણીજગત અને વિશ્વ સાથેના પોતાના સંબંધ વિશે પણ વિચારવા પ્રેરે છે, જેનાથી જીવનનું રૂપાંતર થાય છે. તે સ્થૂલલક્ષી મટી સૂક્ષ્મલક્ષી અને સર્વલક્ષી બનવા મથે છે.

વ્યક્તિરૂપે પોતે જુદો દેખાવા છતાં તત્ત્વથી પોતે સર્વની સાથે અભેદની દૃષ્ટિ કેળવે છે. આ અભેદદૃષ્ટિ જ માનવ ધર્મનું સાધ્ય અને ચારિત્ર નિર્માણનો પાયો છે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે।' એ ઉક્તિ મુજબ પ્રત્યેક પિંડમાં જેમ દેહાદિથી ભિન્ન ચિદાત્મા છે, તેમ સમગ્ર બ્રહ્માંડમાં પણ એક ચિદાત્મા છે, જે સર્વવ્યાપી અને સર્વસમર્થ છે.

તેનું જ અપર નામ 'પરબ્રહ્મ પરમાત્મા' છે.

આત્મૌપમ્યની ભાવનામાંથી આ અભેદદૃષ્ટિ ફલિત થાય છે, અને એનું જ બીજું નામ 'બ્રહ્મભાવના' છે.

તત્ત્વદર્શનને નીચેના ૩ શબ્દોથી પણ ઓળખાવાય છે:

યોગાલાભ,

ઋતંભરાપ્રજ્ઞ,

કૈવલ્યલાભ.

તેની દૃઢ શ્રદ્ધાને 'સમ્યગ્દર્શન' કે 'તત્ત્વશ્રદ્ધા' કહેવાય છે.

તે પરોક્ષ દર્શન યા ગૌણ દર્શન છે.

ૐ

(૨૨) ◎ <u>અનુપ્રેક્ષા સ્વાધ્યાય</u> ◎

અનુપ્રેક્ષા સ્વાધ્યાયમાં સત્ય એ
'વ્યક્તિનું સત્ય' રહેતું નથી.
વ્યક્તિના mediumથી Cosmic truth
પ્રકાશતું હોય છે અને અનુપ્રેક્ષા સ્વાધ્યાય
Effortless effort બની રહે છે.
સત્યના ઋતનો ભાવ વિશ્વવ્યવસ્થાના
અર્થાત્ Cosmic orderના પાયાનો વિચાર છે.
સૂત્રનો પ્રકાશ પુરવાર કરવાનો હોય નહિ.
જો મને સૂત્રના પ્રકાશમાં શંકા થાય,
તો આંખના ઈલાજની આવશ્યકતા જાણવી.

(૨૩) અગમ્ય, અવાચ્ય, અવ્યાકૃત શબ્દો પ્રતિષ્ઠિત છે,
તેને 'અનિર્વાચ્ય' પણ કહે છે.
મન જ્યારે મુખ્યપણે ઈંદ્રિયલક્ષી-બહિર્ગામી હોય છે, ત્યારે
તેની અમુક જ શક્તિ ખીલે છે, પણ જ્યારે તે અંતર્મુખ
થઈ વિશેષ એકાગ્ર થાય છે, ત્યારે તેની શક્તિનો બીજો
પ્રકાર ઉઘડે છે. તે અતીંદ્રિય પ્રત્યક્ષ છે. તે વિશિષ્ટશક્તિને
'આર્ષજ્ઞાન' યા 'ઋતંભરાપ્રજ્ઞા' પણ કહેવાય છે.
આગમપ્રમાણનું મૂળ તે જ્ઞાન છે.

ॐ

(૨૭) ભારતીય દાર્શનિકોએ પ્રમેય તત્ત્વની ચર્ચા કરી પહેલાં જ પ્રમાણ તત્ત્વની ચર્ચાને સ્થાન આપ્યું છે, તેથી પ્રમેય વિષયક ઘણી ગેરસમજુતીઓ દૂર કરી શકાય છે.

| | | |
|---|---|---|
| ચાર્વાક | - | પ્રત્યક્ષ પ્રમાણ |
| બૌદ્ધ | - | પ્રત્યક્ષ, અનુમાન |
| સાંખ્યાદિ | - | પ્રત્યક્ષ, અનુમાન, આગમ |
| નૈયાયિક | - | પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન |
| પ્રભાકર | - | અભાવ સાથે ઉમેરતા ચાર |
| કુમારિલ | - | અર્થાપત્તિ સહ ઉમેરતા પાંચ |
| ચરક | - | યુક્તિ સહ ઉમેરતા છ |
| પૌરાણિક | - | ઐતિહ્ય સહ ઉમેરતા સાત |
| અન્ય | - | સંભવ સહ ઉમેરતા આઠ. |

(૨૮) ભૂત (સત્ત્વ), સ્કંધ (ઘડ), ધાતુ (ધારે અને પોષે), કાય (સંસ્થાન), દ્રવ્ય (ગુણ, ક્રિયાને દ્રવે-વહાવે) વગેરે સમાર્થક છે, તેથી જગત પાંચ ભૌતિક કહેવાય છે.

આમ માનનાર મત બાર્હસ્પત્ય, લોકાયત, પૌરંદર કે ચાર્વાક તરીકે ઓળખાતો છે.

કેટલાક મત ચાર ભૌતિક કે ભૂતને જ માને છે, કેમકે પાંચમું તત્ત્વ આકાશ પ્રત્યક્ષ - ઇંદ્રિયગ્રાહ્ય નથી.

ॐ



## <u>ત્રિગુણાત્મક તત્ત્વો</u>

સત્ત્વ - સુખ - સત્
રજસ્ - દુઃખ - ચિત્
તમસ્ - મોહ - આનંદ
(પચીસમું તત્ત્વ)

એ ત્રણે ગુણો એટલા માટે કહેવાય છે કે એક જ મૂળ તત્ત્વનાં તે પરસ્પર અવિભાજ્ય ઘટકો છે. મૂળ કારણ ત્રિગુણાત્મક અવ્યક્ત એવું એક સત્ તત્ત્વ છે. એ મૂળ પ્રકૃતિમાંથી જ જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન, સ્થૂળ, સૂક્ષ્મ, અવ્યક્ત, ભોક્તા, ભોગ્ય અને ભોગનાં સાધન આદિ ઉત્પન્ન થાય છે.

જૈન મતે એનું જ નામ 'કર્મ પ્રકૃતિ' છે.

તેને બાંધનાર ચેતનતત્ત્વ જુદું - સત્ અંશ બંનેમાં સમાન છે.

<u>ચેતનના બે સ્વતંત્ર ધર્મો: ચિદ્ અને આનંદ</u>

તેમાંથી જ્ઞાન, સુખ આદિ પરિણામો આવિર્ભાવ પામે છે.

જ્ઞાતા અને ભોક્તા તે જીવ છે.

જડ અને ભોગ્ય એ નિર્જીવ છે.

વિવિધ કાર્યો ઉપરથી સાદૃશ્યના સિદ્ધાંતને આધારે મૂળ એક કારણને શોધવાની પ્રક્રિયા સાંખ્યાદિ શાસ્ત્રોમાં સ્પષ્ટ છે. એના આધારે જ અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે અલગ-અલગ મતના બ્રહ્મવાદી સમાજમાં નીકળેલાં છે.

ॐ

(૨૭) જ્ઞાનશક્તિ એટલે અવબોધશક્તિ.
વીર્યશક્તિ એટલે પુરુષાર્થશક્તિ.
શ્રદ્ધાશક્તિ એટલે સંકલ્પશક્તિ.
દ્રવ્યમાં પરિણામી નિત્યતા એટલે પ્રદેશાર્થ નય.
શક્તિમાં પરિણામી નિત્યતા એટલે ગુણાર્થ નય.

(૨૮) સ્વચ્છ દર્પણ રૂપ બુદ્ધિતત્ત્વમાં પુરુષની અને
પુરુષમાં બુદ્ધિગત ધર્મોની છાયા
સન્નિધાનને કારણે પડે છે, તે આરોપિત છે.
કર્તૃત્વશક્તિ = રાગદ્વેષાદિનું સંવેદન.
ભોક્તૃત્વશક્તિ = સુખદુઃખાદિ સંવેદન.

(૨૯) સ્થાપના નિક્ષેપ કેવળ આદેશરૂપ નથી,
કિન્તુ તે મનોભાવના રૂપ પણ છે.
ઉત્સર્ગ કે સામાન્ય = General ordinance
વિશેષ કે અપવાદ = Exceptional.

(૩૦) सर्वे जीवात्मानस्तत्त्वतः परमात्मान एव ।
- યોગશાસ્ત્ર टीका प्र-४
અર્થાત્: તત્ત્વથી સર્વ જીવાત્મા પરમાત્મા જ છે.
दलतः परमात्मा एव जीवात्मा - द्वा० द्वा० श्लोक० टीका
અર્થાત્: દલથી પરમાત્મા જ જીવાત્મા છે.

ૐ

(31) વિશ્વ સંચાલક પાંચ સમવાયી ઉપર
જે શુભભાવનું પ્રભુત્વ છે, તે શુભભાવ કયો?
ચતુઃશરણાગમનાદિ વડે ઉત્પન્ન થતો
શુભભાવ એ જ વિશ્વનો સંચાલક છે.
એ ભાવની ઉત્પત્તિ અરિહંતાદિના આલંબને છે,
તેથી વિશ્વના સાચા પ્રભુ અરિહંતાદિ ગણાય છે.
પાંચ સમવાયનું નાયકત્વ પણ તેમની જ દયા છે.
સાધકને સર્વપ્રકારના દોષોમાંથી મુક્ત કરાવનાર
એ નાયકત્વ પુરું પાડીને પ્રભુએ જીવોને:
પુરુષકારના અહંકારી, ભાગ્ય-દૈવતાના પૂજારી,
કાલને પરાધીન, નિયતિના ગુલામ અને
સ્વભાવના દાસ થતાં બચાવ્યાં છે.
વળી પ્રત્યેક કારણને તેના સ્થાને ઘટતો ન્યાય આપીને
સદા પ્રસન્ન રહેતાં શીખવ્યું છે.
ચિત્તને સમત્વભાવની તાલીમ પાંચ કારણવાદથી મળે છે.
જેમ જેમ સમત્વભાવ વધે છે,
તેમ તેમ કર્મ ક્ષય વધતો જાય છે.
સમ્યક્ત્વ સમત્વભાવરૂપ છે.
વિરતિ અધિક સમત્વભાવ સૂચક છે.
અપ્રમાદ એથી પણ અધિક સમત્વભાવને સૂચવે છે.

ॐ

એક આગમ અનુપ્રેક્ષતા, ભગવદ્ગીતાદિ ઉત્તરોત્તર
અધિક અધિક સમત્વભાવરૂપ હોવાથી
અધિક અધિક નિર્જરાના હેતુ છે.
પરસ્વરૂપ પુદ્ગલોને સ્વસ્વરૂપ અને
સ્વસ્વરૂપ જીવોને પરસ્વરૂપ જાણવા
તે અસમત્વભાવરૂપ છે.

(૩૨) हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥१॥
एवं सव्वे वि नया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा ।
अन्नोन्ननिस्सिया उण हवंति ते चेव सम्मत्तं ॥२॥

અર્થાત્
સ્વપ્રતિપક્ષ નયો મિથ્યા દૃષ્ટિ છે.
અન્યોન્ય સાપેક્ષ નયો સમ્યક્ત્વ છે.
ક્રિયારહિત જ્ઞાન તથા અજ્ઞાન સહિત ક્રિયા હણાયેલા છે.
દેખતો છતો પાંગળો બળી ગયો અને
દોડતો છતો આંધળો પણ બળી મુઓ.
આમ સાપેક્ષનયો સમ્યગ્દૃષ્ટિ - નિરપેક્ષ મિથ્યાદૃષ્ટિ છે.
'सापेक्षं सत्यं।' 'निरपेक्षमसत्यं।'
કહે એક અને ચિત્તમાં જુદું હોય એ માયા છે.

ૐ

(33) ઈચ્છા - શરણ - સામર્થ્ય

નાણેણ વિણા ચરણં પઢમગુણઠાણપુટ્ઠિકરં ॥

- ઉપદેશમાલાવૃત્તૌ । (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

દ્રવ્ય = ષડ્દ્રવ્યો, એ બાહ્ય વસ્તુ છે.

ભાવ = તેના પર્યાયો, એ અભ્યંતર વસ્તુ છે.

સદ્દહણા = શ્રદ્ધા, અનુમોદન = ગુણવંતની પ્રશંસા છે,

કારણકે તે બંને મોક્ષરૂપી સાધ્યનાં સાધન છે.

કષાયાદિ થોડું ઓછું હોય, પણ ભાવગુણ અધિક હોય,

તો તે આત્મા સેવા પામવાને યોગ્ય છે.

સંયમનાં સ્થાનક અસંખ્યાત છે.

'અસંજઓ સંજએ મણ્ણમાણો પાવસમણોત્તિ વુચ્ચઇ ।'

સંયમ વિણ સંયતતા થાપે, પાપ શ્રમણ તે ભાખ્યો રે.

જ્ઞાન - દર્શન - ચારિત્ર

રાગ એ આત્માની અવસ્થારૂપ છે.

દ્વેષ એ વિશ્વની અવસ્થારૂપ છે.

ભવતત્ત્વની અવસ્થા

ઘોર કર્મ ઉપાર્જન કરાવીને ભવાટવીમાં ભટકાવે છે.

ભવત્વની વિરાધનાથી જ જીવ ભવમાં ભટકે છે.

એ વિરાધના ન હોય, ત્યાં સુધી ભવભ્રમણ મટે એમ નથી.

## યોગનિર્દેશે ૩ વિભાગ

ઇચ્છાયોગ = શ્રદ્ધાનાધિક્ય, શાસ્ત્રયોગ = વાક્યાધિક્ય

સામર્થ્યયોગ = શક્ત્યાધિક્ય.

આદા હું મહં ણાણે, આદા મે દંસણે ચરિત્તે ય ।
આદા પચ્ચક્ખાણે, આદા મે સંજમે જોગે ॥૧॥

સર્વ ભવો સાથે આત્મકલ્યાણ એ જ જ્ઞાન, એ જ દર્શન, એ જ ચારિત્ર, પચ્ચક્ખાણ અને એ જ સંયમ છે.

(૩૪) ચૌદ ગુણસ્થાનકોમાં કૃતજ્ઞતા પ્રથમ ગુણસ્થાને, પરીષહજય છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને સમદર્શિત્વ, પરમાત્મ સમદર્શિત્વ ૮ થી ૧૨મે ગુણસ્થાને તથા સ્વયં પરમાત્મ સ્વરૂપ ૧૩-૧૪મે ગુણસ્થાને આવે છે. 'પ્રત્યેક વિચાર કે વાક્ય સાપેક્ષ હોય છે', એવું પુનઃ પુનઃ જ્ઞાનપૂર્વક ભાવવું તે અનેકાન્તનું તાત્પર્ય છે. ઉપાસનાની દ્રષ્ટિએ પ્રથમ ભગવાનનો અનુગ્રહ હોય છે, તેથી જ આપણને તેમના પ્રત્યે અનુરાગ થાય છે. સંસારમાં પણ માતા-પિતાના અનુગ્રહથી જ સંતાનમાં તેમના પ્રત્યે અનુરાગ થતો દેખાય છે, એ પણ આ ક્રમની સાક્ષી પુરે છે.

અનુગ્રહ શક્તિ સાથે નિગ્રહ શક્તિ ન માનીએ તો અનુગ્રહનું સંવેદન અકિંચિત્કર બની જાય છે. ભીમ કાન્ત ગુણ સાથે રહીને જ કાર્યકર બને છે.

ॐ

## (૩૪) Creative meditation

Spiritual sense of thingsનો અનુભવ
Creative meditationનું કામ છે.
Deep within - deeper mostનો touch
અનુભવવા માટે પ્રયાસ કરવો જોઈએ.

સમસ્ત દ્વાદશાંગનો સાર ધ્યાનયોગ છે. ધ્યાન વડે સ્વશક્તિ ખીલે Opening our consciousness to infinite invisible શક્તિ બને છે. પ્રથમ opening effort વડે છે. opening થયા પછી બધું સહજ - Effortless effortનું કામ છે. નમસ્કાર વડે Touch and Opening અને સામાયિક વડે Sublimation and transformation કામ. ધ્યાનયોગ સામાયિક સ્વરૂપ છે, જે નવકાર વગર ન આવે.

શ્રી નમસ્કારમંત્રેણ સકલ ધ્યાન સિદ્ધિ: |

અર્થાત્: શ્રી નમસ્કારમંત્ર વડે સર્વ ધ્યાનોની સિદ્ધિ થાય છે.

---

Let my individual consciousness be totally responsive to God. This meditation is to practice the presence. Few moments come when we become

consciously aware of the presence
by the force of meditation
with a responsive attitude.

(38) you have to know the very simple things, such as the revelation of one power and the nothingness of the armies of aliens. God is much more than a word or a long list of synonyms. God is an experience & no one Knows God until he has had the experience.

(39) પોતે જ રસ્તાના સાથી થયા ત્યાં ઘણું ગયું,
કેમકે સાધુનો માર્ગ એવો છે કે
જે કાંઈપણ ઉન્નતિ વાંછે નહિ, સહજ ભાવે થાય તે થાશે.

ધામ, ધૂમ અને ધમાધમ

ધૂમ તે ઉન્માર્ગી પાશ્ચાત્યાદિકનું પરાક્રમ અને
ધામ તે ભોળા ગૃહસ્થ લોકોનું પરાક્રમ તથા
ધમાધમ તે બન્નેની કરણી.

ૐ

(૩૮) અસ્તિત્વનું જ્ઞાન તે નિશ્ચય દશા છે,
સવિકલ્પ ઉપયોગ તે નિર્વિકલ્પ સમાધિ છે ને પ્રત્યાખ્યાન
પરિણામરૂપ સાકરી જ્ઞાનદશા તે નિર્વિકલ્પ ઉપયોગ છે.

હેતુ = નિશ્ચય દૃષ્ટિએ વ્યવહારક્રિયા.
સ્વરૂપ = નિશ્ચય ભાવનો પક્ષ.
અનુબંધ = નિશ્ચય આત્મા શુદ્ધ પ્રવૃત્તિ.

કૃષ્યાદૌ ફલસંશયેઽપિ યથોપાયત્વનિશ્ચયાત્ ।
પ્રવૃત્તિસ્તથા ધર્મેઽપિ ઇતિ ન્યાયાનુસારિણઃ ॥૧॥

(પરિશિષ્ટ-૨)

(૩૯) ક્રિયા એ કેડી તથા નિસરણી છે.
ગુરુ એ અગ્નિ હોવાથી પાપને બાળે છે.
ગુરુ એ પાંગળાને લાકડીનો ટેકો, સંસારસાગરમાં
પાટીયું, બાળ કાંટાને કાઢનાર કાંટો, અટવી ઉલ્લંઘવા
માટે સાથ, ડાંગરને રહેવાના ફોતરાં, અટવીને પાર
ઉતારનાર વોળાવો અને ગુરુ કૂળ એ ઘાસ છે, તે હોય
પછી જ અનાજ પાકે છે. આમ ગુરુ અતિઆવશ્યક છે.
જ્ઞાનનાશ્ય કર્મ જ્ઞાનથી, ક્રિયાનાશ્ય કર્મ ક્રિયાથી જાય.
વિષથી વિષ, મલથી મલ, અસતથી અસત ઉચ્છેદ છે.
અશુભ વાસનાનો નાશ શુભ સંકલ્પથી છે.

ૐ

પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ શુભ સંકલ્પમય ક્રિયા વડે
અશુભ સંકલ્પને દૂર કરતો કરતો જીવ આરાધક થાય છે.

અસંગ ક્રિયા લક્ષ્યરૂપ છે, આલંબન રૂપ નહિ.

અસંગ ભાવરૂપ ક્રિયા, શુદ્ધ ઉપયોગ અને
શુદ્ધ વીર્યવિલાસની સાથે તાદાત્મ્ય ઘનિષ્ઠતા કરે છે,
જ્ઞાનક્રિયાની અભેદ ભૂમિકા છે.

અવિરતિની જેમ શક્તિ નિગૂહન પણ કર્મબંધનો હેતુ છે.
સત્કર્મોમાં શક્તિ નિગૂહન એ પણ મોહકર્મનો ઉદય છે.

નહિ સહન કરવા યોગ્ય પરભાવમાં
સહન કરવું તે ચારિત્રમોહનો ઉદય છે.

જે સ્પર્શ વર્ણાદિનું જ્ઞાન થાય છે,
પણ ઇષ્ટાનિષ્ટરૂપે પરિણમન ન થાય તે ઇંદ્રિયજય છે.

દ્રવ્યજય ઇંદ્રિયોની પ્રવૃત્તિના સંકોચરૂપ છે.
ભાવજય ચેતના અને વીર્ય ગુણની સ્વરૂપને અનુકૂળ
પ્રવૃત્તિરૂપ છે. શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા શોભે છે.
સંકલ્પહીન કર્મરૂપે નહિ.

શુભોપયોગ દશામાં સાપેક્ષ ત્યાગની એક મર્યાદા છે.
નિરપેક્ષ ત્યાગમાં વિકલ્પ નહિ,
તેમ પરિસ્પંદાદિ ક્રિયા પણ નહિ.

ॐ

(૪૦) શક્તિથી કાંઈક અધિક શક્તિ ફોરવવી તે ધર્મ છે.
શક્તિથી પણ ન્યૂન શક્તિ ફોરવવી
તે ચારિત્રધર્મની પ્રતિપક્ષ છે,
રાગ-દ્વેષની જેમ શક્તિ નિગૂહન પણ
ચારિત્રની પ્રતિપક્ષ ક્રિયા છે.
શક્તિને ગોપવનાર ધર્મપુરુષાર્થનો
આરાધક બની શકતો નથી.
પ્રાપ્ત શક્તિને ધર્મમાર્ગે ન ફોરવવા દેનાર કર્મ
'ચારિત્રમોહનીય' ઇત્યાદિ છે.
તેમાં ચારે પ્રકારના કષાયોનો
ઓછો-વધતો વ્યાપાર છે.
પ્રમાદને જગાવીને કષાયો જગાવે છે.

o विषयस्य समापत्तिरुत्पत्तिर्भावसंश्रितः ।
आत्मनस्तु समापत्तिर्भावो द्रव्यस्य तात्त्विकः ॥१९॥

टीका: अर्थस्यात्मनोः कथमनैकवृत्त्याऽस्तु तथा ऐकात्म्य परिणामः संभवति, चेतनत्वाचेतनयोर्विरोधादिति ।
आत्मनस्तु समापत्तिर्द्रव्यस्य, परमात्मद्रव्यस्य तात्त्विकः सहजशुद्धो भावः परिणामः ॥१९॥

-योगावतार द्वा-२०/१९ (परिशिष्ट-३)

ॐ

## If I rest, I rust.

## જો હું શક્તિનું ગોપન કરું, તો જરજાઈ જાઉં.

આત્મભિન્ન વસ્તુ સાથે જે એકત્વ પરિણામ થાય છે, તે આપણી વૃત્તિગત ચૈતન્યમાં થાય છે, તેથી તે તાત્ત્વિક સમાપત્તિ નથી. જીવાત્મા અને પરમાત્મા વચ્ચે જે સમાપત્તિ થાય છે, તે પણ આપણા વૃત્તિગત ચૈતન્યમાં થાય છે, પરંતુ તે તાત્ત્વિક છે, પરમાર્થદૃષ્ટિએ સત્ય છે, કારણકે ત્યાં ચેતન અને અચેતનના વિરોધ જેવો વિરોધ નથી. સ્વરૂપાસ્તિત્વથી અને સાદૃશ્યાસ્તિત્વથી તાત્ત્વિક એકત્વ જીવમાત્ર સાથે થાય. વ્યવહારમાં જીવમાત્ર સાથે ભેદ જણાય છે, તે ભેદનયથી સત્ય છે, અભેદનયથી અભેદ સત્ય છે.

'ભાવસંવિત્તિ: ઉત્પત્તિ: |'

એ શબ્દ વૃત્યારૂઢ ચૈતન્યથી એકત્વ પરિણામને જણાવે છે. તે તત્કાલ પુરતી સમાપત્તિ છે. 'દ્રવ્યસ્ય તાત્ત્વિકો ભાવ: |' એ શબ્દો ત્રૈકાલિક અને સાર્વદિક ભાવને જણાવે છે. સાર્વદિક સાથે સાર્વદેશિક એકતા પણ સંગ્રહનયથી રહેલ છે અને તે તાત્ત્વિક છે અને સાથે પારમાર્થિક છે. સ્યાદ્વાદ એ રાજા, ન્યાયાધીશ તથા અનેકાન્ત ભાવના છે.

ॐ

(૪૧) સેતુ અને દિવાલ, મિનારા અને કુવા

અંતરને એક કરે, શાસ્ત્રોનો સરવાળો કરે, ગુણોનો ગુણાકાર, પ્રેમની પ્રગતિ કરે એવા સેતુની જરૂર છે. તે સેતુ બાંધવા માટે સહાનુભૂતિનો એક શબ્દ બસ છે. પ્રેમનો એક પલકાર, સદ્ભાવનો એક આવકાર, આંખની એક આભા નજર, ઈશ્વરની નાનકી પ્રાર્થના જ પૂરતી છે. વચ્ચેનાં અંતર દૂર કરે એવા પુલ રચવાના બદલે અંતરને વધારે એવી દિવાલ તો ન જ ચણવી જોઈએ. દિવાલ અને પુલ એમ પરસ્પર વિરૂદ્ધ વસ્તુઓ છે, તેમ ઊંચો મિનારો ને પાતાળ કુવો એ પરસ્પર વિરૂદ્ધ છે. મિનારો ઊંચે પરંતુ કુવાના પગથિયા નીચે લઈ જાય છે. મનોહર મિનારા અને સોહામણા સેતુઓ બાંધજો, પણ ઊંચી દિવાલો અને પાતાળ કુવાઓ તમે સર્જશો નહિ. સર્જવાનું કામ તો સરળ છે, પણ તમે જરૂર યાદ રાખજો કે એક ભેદને ભાંગો છો, તો બીજો ભેદને વધારે છે, વળી એક ઊંચે લઈ જાય છે, તો બીજો નીચે લઈ જાય છે.

(૪૨) ભયમાંથી ચિંતા પ્રગટે છે. ચિંતામાંથી હતાશા અને હતાશા પેટની નસો અને મગજના જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે છે. જઠરના રસો વિષમ થઈ જાય છે. પરિણામે

અપચો, અરૂચિ, ગેસ, માંદું, અલ્સર અને કેન્સર, એમ પછી એમ આવતા જાય છે. અલ્સરનું કારણ તમે માનો છો તે ખોરાક નહિ, તમને ખાય છે તે ચિંતા છે. ડોક્ટરોની મોટી ભૂલ એ જ થાય છે કે તેઓ મનનો ઉપચાર કર્યા વિના જ માત્ર શરીરનો ઉપચાર કરે છે. પેટની મુશ્કેલીઓ મનના કારણે છે, એવું જાણનારા કેટલા છે? મનમાં રહેલા ચિંતા છોડી અને સાજા થાઓ. Fear consciousness છોડીને નિરોગી થાઓ.

Even this will pass away.

એમ વિચારો કે આ સમય પણ વટી જશે.

Firmness at the centre and flexibility at the circumference.

પાયાની વાતમાં દૃઢતા, બીજે નહિ.

સ્વાસ્થ્ય અને સુખની ઈચ્છા હોય તો

પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો અને ગાઢ ઊંઘ લ્યો.

જીવનના આનંદમય પાસાનો જ વિચાર કરો.

ચિંતાથી તો લોહીનું દબાણ વધે છે. સાંધાના રોગનું કારણ ચિંતા જ છે. જઠરને સ્વસ્થ રાખવા ચિંતા ઓછી કરો. ચિંતા શરદીનું કારણ છે. ચિન્તાથી ડાયાબીટીસ થાય છે.

(૭૩) આધ્યાત્મિક શાંતિ એટલે ક્લેશો-વિકારોની શાંતિ.
મનના ક્લેશોનો વિજય એ જ મહાન વિજય છે.
તપ પણ ક્લેશોને પાતળા પાડવા અને
સમાધિને પુષ્ટ કરવા માટે છે.

There is a difference between
the presence of God &
the consciousness of that presence.
Saints & Rishis live in consciousness
of the presence of God.
'ઉત્તમા સહજાવસ્થા, દ્વિતીયા ધ્યાન ધારણા ।'
If you are not able to live
in the consciousness of God, then
you have to practise 'ધ્યાન ધારણા ।'
પ્રતિમા પૂજા & તીર્થયાત્રા etc. are the
secondary means.
He only is advancing in the life,
whose heart is getting softer, whose
blood warmer, whose brain quicker
& Spirit is entering into Living Peace.

ૐ

(૪૪) મિથ્યાત્વ એટલે અવિવેક અને
રાગ-દ્વેષ એટલે તૃષ્ણા.

વિવેક વડે મિથ્યાત્વ જાય છે અને તૃષ્ણાના ત્યાગ વડે
ચારિત્રમોહ જાય છે. મિથ્યાત્વમોહ અવિવેકને ઉત્પન્ન
કરે છે અને ચારિત્રમોહ એ તૃષ્ણાને ઉત્પન્ન કરે છે.
વિવેક ઉત્પન્ન થયા પછી પણ તૃષ્ણાનો નાશ કરવા,
મોહને જીતવા માટે ચારિત્રપાલનની જરૂર છે.
વિષયની સમાપત્તિ અને જડ અર્થની સમાપત્તિ બન્ને
ચિત્તવૃત્તિમાં થાય છે છતાં બન્નેના સ્વભાવ ભિન્ન છે,
તેથી 'સામાન્યમેકત્વકરં' ના ન્યાયે
આત્માની સમાપત્તિને 'તાત્ત્વિક સમાપત્તિ' કહી છે.

तव प्रेष्योऽस्मि दासोऽस्मि सेवकोऽस्म्यस्मि किङ्करः।
ओमिति प्रतिपद्यस्व नाथ! नातः परं ब्रुवे ॥१॥

(પરિશિષ્ટ-૪)

(૪૫) બુદ્ધિ દ્વારા જ્ઞાનયોગ તે દિવ્યભાવ,
હૃદય દ્વારા ભક્તિયોગ તે દિવ્યશાંતિ,
સંકલ્પ દ્વારા કર્મયોગ તે દિવ્યકર્મ-વિધાન છે.
સત્ તત્ત્વોનું રક્ષણ, દુષ્ટ તત્ત્વોનો વિનાશ અને
ધર્મ તત્ત્વનું સંસ્થાપન અવતાર કાર્ય દ્વારા થાય છે.

ॐ

જેનાથી લૌકિક અને પારમાર્થિક કલ્યાણ થાય તે ધર્મ.

અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય તે ધર્મ.

તે બાહ્યાંતર જીવનને દિવ્ય લક્ષ્ય તરફ લઈ જતો નિયમ છે.

અહિંસા સર્વાત્મભાવ રૂપ છે.

જેઓ બહારથી સંયમનો દેખાવ કરે છે અને
મનમાં વિષયોનું ચિન્તન કરે છે, તેઓ મિથ્યાચારી છે.

કરવા યોગ્ય કરવું તે પ્રવૃત્તિધર્મ છે.

ન કરવા યોગ્ય ન કરવું તે નિવૃત્તિધર્મ છે.

આત્મસાક્ષાત્કાર એટલે પ્રભુની સાથે એકતાની અનુભૂતિ.

વીર પૂજા એટલે વિભૂતિની પૂજા.

(૪૬) વિશ્વનું નિર્માણ કરનાર બ્રહ્મ છે, કાળ છે. દ્વાદશાર, ષોડશાર, સહસ્ત્રાર વગેરે કાળના પર્યાયવાચી શબ્દો છે.

આસ્તિકવર્ગ બ્રહ્મ અને દૈવ તત્ત્વને માને છે.

નાસ્તિકવર્ગ સ્વભાવવાદ, યદૃચ્છાવાદ,
ભૂતવાદ અને યોનિવાદને માને છે.

ત્રીજોવર્ગ ભાગ્ય અથવા અદૃષ્ટને માને છે.

સ્વભાવવાદી અને કાળવાદીને મોહગ્રસ્ત પણ કહે છે.

કાળપરમાત્માની નિયતૃશક્તિ છે. બ્રહ્મકાળનો પણ કાળ છે.

'કાળ' શબ્દ પર્યાયને - 'સ્વભાવ' શબ્દ દ્રવ્યને અનુસરે છે.

कालो हि दुरतिक्रमः । कालो हि बलवत्तरः ।
कालः कलयति प्रजाः ।

અર્થાત્: કાળ ઓળંગી શકાય એવો નથી. કાળ બળવાન છે. કાળ પ્રજાને ગ્રસી જાય છે (કોળિયો કરે છે).

કાળ એ વસ્તુથી ભિન્ન નથી, કિન્તુ વસ્તુનો જ એક અભિન્ન પર્યાય છે. પર્યાયવાદ એ અણુવાદ છે.

(૪૭) <u>આત્મવિદ્યા</u>

બધા ભાવોની પાછળ બ્રહ્મતત્ત્વ છુપાયેલું છે. એના સાક્ષાત્કારથી પ્રત્યેક વ્યક્તિ કૃતકૃત્ય બને છે. તેની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે. જેમ બે અરણિના મંથનથી અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ આ ભૌતિક શરીર વડે પ્રણવનો જપ કરવાથી અને તેના અર્થનું ધ્યાન કરવાથી દેવત્વ, પરમાત્મત્વ પ્રાપ્ત કરી શકાય છે. એ વિરાટ બ્રહ્મનો સાક્ષાત્કાર આ જ શરીરમાં થઈ શકે છે. જેમ તલમાં તેલ, દહીંમાં ઘી, સ્ત્રોતોમાં જળ અને કાષ્ઠમાં અગ્નિ રહે છે, તેમ બ્રહ્મ પણ આત્માની અંદર જ છે. સત્ય અને તપ વડે એ બ્રહ્મતત્ત્વને જોવાનો જે વારંવાર પ્રયત્ન કરે છે, તેને તે પોતાના આત્મામાં જ દેખાય છે.

એ દેવને પોતાની અંદર રહેલો છે,

ૐ

એમ માની જેઓ એનો આ શરીરમાં સાક્ષાત્કાર કરે છે,

તેમને જ શાશ્વત સુખ અને શાંતિ મળે છે,

અધીર કે અજાણ્યાઓને નહિ.

આ આત્મવિદ્યા છે.

આનું મૂળ તપ છે. તપ અર્થાત્ સહનશીલતા.

સહનશીલને જ આત્મલાભ થાય છે.

(૪૮) સર્વમય આત્મા

- આત્મા દાનાદિ ધર્મમય છે.
- આત્મા મૈત્ર્યાદિ ભાવનામય છે.
- આત્મા સાક્ષી છે, જગત નાટકવત્ જોવા છે.
- આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રમય અમૃતવત્ છે.
- આત્મા એક છે, જગત કારાગારવત્ અનેક છે.
- આત્મા અભિન્ન છે, જગત પંથવત્ ભિન્ન છે.
- આત્મા નમસ્કાર છે, જગત કપિરવત્ અહંકાર છે.
- આત્મા નિત્ય છે, જગત ઇંદ્રજાળવત્ અનિત્ય છે.
- આત્મા શુભાસ્રવ-સંવર-નિર્જરારૂપ સુવાસિત છે.
- આત્મા સામાયિક છે, જગત વિષયવત્ વિષમભાવ છે.
- આત્મા પવિત્ર છે, જગત અશુચિગૃહવત્ અપવિત્ર છે.
- આત્મા શરણભૂત છે, જગત સ્વપ્નવત્ અશરણભૂત છે.

ૐ

## (૩૯) સમર્પણભાવ - નમનક્રીડા

એકાંત વિના વાંચન, ચિન્તન, મનન, ધ્યાન,
મૌન દૃષ્ટિ કે ગતિ કાંઈ નહિ.

Not extension but dimension,

વિસ્તાર નહિ પણ ઊંડાણ પ્રત્યે જો આપણું વલણ રહેશે તો
એકાંત ચિંતનના રસને ઘેરો કરવો જ રહ્યો.
શબ્દ કરતાં ચિત્રમાં વધુ ઊંડાણ છે,
ચિત્ર કરતાં શિલ્પમાં અને શિલ્પ કરતાં
સજીવ આકૃતિમાં વધુ ઊંડાણ છે.
સજીવ આકૃતિની બાહ્ય રેખાઓ કરતાં
તેના જાગ્રત, અજાગ્રત અને અર્ધજાગ્રત
(conscious, unconscious & subconscious)
મનમાં ઉત્તરોત્તર વધુ ઊંડાણ છે.

દુનિયાની સૌથી પ્રાથમિક જરૂરીયાત છે પરમ પ્રકાશમય
ઈશ્વરીય તત્ત્વ સાથે જોડાણ કરવાની. એ જોડાણ
થાય શી રીતે? એક જ ઉપાય છે અને તે સમર્પણભાવ.

Ask and receive, seek and find,
knock and it will open.
કોઈપણ લોકો ઈશ્વરને મારે અનુભવતો છે.

ૐ

પ્રત્યેક શ્વાસનું સાર્થક્ય ઈશ્વરને દેવું જોઈએ,
એ માટેની તમન્ના જેટલી તીવ્ર, તેટલી અનુભવ શીઘ્ર.
સમર્પણભાવ એ જ વાસ્તવિક નમનયોગ.

(૪૦) દ્રવ્ય, સામાન્ય, અન્વય, અભેદ વા અસ્તિત્વ-
એ સૌ શબ્દો એક જ અર્થને કહે છે.
પર્યાય, વિશેષ, વ્યાવૃત્તિ વા ભેદ એક જ અર્થને કહે છે.
પરમાર્થ તથા નિશ્ચય પણ એકાર્થક છે.
પરમાર્થ = સંવૃતિ બૌદ્ધ
પારમાર્થિક = વ્યાવહારિક (માયિક) વેદાંત.
તત્ત્વજ્ઞાનની અને આચાર - વ્યવહારની નિશ્ચયદૃષ્ટિ
એક નથી. તત્ત્વજ્ઞાનની નિશ્ચયદૃષ્ટિ ભેદદ્ નહિ, પણ
અભેદદ્ અને વ્યવહારદૃષ્ટિ ભેદદ્ નિરૂપણ કરે છે.
આચાર વિષયક નિશ્ચયદૃષ્ટિ મોક્ષલક્ષી છે અને
વ્યવહારદૃષ્ટિ તેને અનુસરતા ભેદરૂપ છે.
એક જગતના સ્વરૂપને વિષય કરે છે,
બીજી મોક્ષમાર્ગને અનુસરીને છે.
આશયની વિશુદ્ધિ, માનસિક પરિણામ
એ આચારદૃષ્ટિનો નિશ્ચય અને
કાયિક-વાચિક પ્રવૃત્તિ એ વ્યવહાર છે.

ॐ

તત્ત્વોના સ્વરૂપનું અભેદનયથી નિરૂપણ તે
તત્ત્વદૃષ્ટિએ નિશ્ચયનય - ભેદદૃષ્ટિથી વ્યવહારનય છે.

(૯૧) <u>આપણે માત્ર આપણા શરીરમાં જ નથી રહેતા.</u>
<u>જ્ઞાનરૂપે બધાં જ શરીરોમાં રહીએ છીએ.</u>

(૯૨) મિથ્યાત્વ, ત્રિયોગ અને કષાયાદિથી પ્રેરાઈને
જીવ જે પ્રવૃત્તિ કરે, તે દ્રવ્ય-ભાવ ઉભય કર્મ.
બંનેને કાર્યકારણ ભાવનો સંબંધ છે.
બીજાંકુર ન્યાયે દ્રવ્ય અને ભાવકર્મ પરસ્પર કારણ છે.
ભાવકર્મ જીવનો ચૈતન્યિક પરિણામ છે,
તેથી જીવ તેનો ઉપાદાનરૂપ કર્તા છે.
દ્રવ્યકર્મ પુદ્ગલોનો સૂક્ષ્મવિકાર છે,
જીવ તેનો નિમિત્ત કર્તા છે.
પુણ્ય-પાપ કર્મની કસોટી કેવળ શુભાશુભ ક્રિયા નહિ,
કિન્તુ કર્તાનો માનસિક ઈરાદો પણ છે.

<u>કર્મના પર્યાયવાચી શબ્દો</u>

માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય,
ધર્માધર્મ, અદૃષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય વગેરે.
'દૈવ', 'ભાગ્ય', 'પુણ્ય', 'પાપ' વગેરે શબ્દો
લગભગ સર્વ દર્શનોમાં વપરાય છે.

માયા, અવિદ્યા અને પ્રકૃતિ એ ભાવકર્મના અર્થમાં છે.
'અપૂર્વ' શબ્દ મીમાંસાનો, 'વાસના' શબ્દ બૌદ્ધોનો,
'ધર્માધર્મ,' 'અદૃષ્ટ' તથા 'સંસ્કાર' શબ્દો નૈયાયિકોના,
અને 'માયા' 'અવિદ્યા' શબ્દો એ વેદાંતના શબ્દો છે.

(૯૩)કષાય એ માનસિક કીચડ છે, તે જ કર્મનો લેપ છે.

જો કષાય ન હોય તો
કોઈપણ ક્રિયા જીવને બંધનમાં રાખી શકતી નથી.
જો કષાયનો વેગ અંદર વિદ્યમાન હોય તો ક્રિયા
બહારથી ન હોવા છતાં અંદરથી બંધન ચાલુ જ હોય.
કર્મમાં નિર્લેપતા લાવનાર માનસિક કીચડ ત્યાગ છે.
કર્મવ્યક્તિ અપેક્ષાએ આદિ, પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે.

કર્મબંધના હેતુ મિથ્યાત્વાદિ પાંચ છે.
તે બધાનો સમાવેશ કષાય અને યોગમાં
અને તેનો સંક્ષેપ કેવળ કષાયમાં પણ થાય છે.
કષાયોના વિકલ્પ અનેક છે,
તે બધાનો સંક્ષેપ રાગ-દ્વેષમાં થાય છે.
કારણ, મિથ્યાત્વ કે પ્રમાદાદિ પણ
રાગ-દ્વેષના સંબંધથી જ કર્મબંધના કારણ ગણાય છે.
રાગ-દ્વેષની માત્રા વધે, એટલે જ્ઞાન વિપરીતરૂપે પરિણમે.

ॐ

ન્યાય-વૈશેષિક જેને મિથ્યાજ્ઞાન, વેદાંત જેને અવિદ્યા,
યોગસાંખ્ય જેને પ્રકૃતિ-પુરુષનું અભેદ જ્ઞાન કહે છે,
તેને જૈનદર્શન 'મિથ્યાત્વ' કહે છે.

અહીં કર્મની બંધકતા, કર્મભેદ પેદા કરવાની શક્તિ તો
ફક્ત રાગ-દ્વેષના કારણે જ આવે છે.

રાગ-દ્વેષનો ઘટાડો કે અભાવ થતાં જ મિથ્યાજ્ઞાન,
અજ્ઞાનતાદિ ઘટવા લાગી, સંપૂર્ણ નાશ પણ પામે છે.

રાગ-દ્વેષનો નાશ કરવાનાં ઉપાયો બે અથવા ત્રણ છે:
જ્ઞાન-ક્રિયા અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.
તેમાં જ કર્મ, ભક્તિ, જ્ઞાન અને યોગ એ
ચારે માર્ગ સમાઈ જાય છે.

સમ્યક્ક્રિયા યા ચારિત્રમાં કર્મ અને યોગ તથા
સમ્યગ્દર્શનમાં ભક્તિ અને જ્ઞાન અંતર્ગત થઈ જાય છે.
સમ્યક્ક્રિયામાં મનોનિગ્રહ-ઇંદ્રિયજયાદિ સાત્ત્વિક કર્મો છે
અને ચિત્તશુદ્ધિ માટે થતી સત્પ્રવૃત્તિ તે યોગમાર્ગ છે.

જ્ઞાનથી અને ક્રિયાથી રાગ-દ્વેષ ઘટે છે,
કેમકે તે મિથ્યાજ્ઞાન અને અસત્પ્રવૃત્તિના પ્રતિપક્ષી છે.

કર્મની ત્રણ અવસ્થાઓ હોય છે:
બધ્યમાન કે ક્રિયમાણ, સત્તા કે સંચિત, ઉદીયમાન કે પ્રારબ્ધ.

તેને જૈનદર્શનમાં બંધ, સત્તા અને ઉદય શબ્દથી સંબોધવામાં આવે છે. આત્મમંદિરમાં બિરાજતા પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરવામાં સહાયક થતાં પરિણામને 'અપૂર્વકરણ' કહે છે.

કર્મ ગમે તેટલું બળવાન કેમ ન હોય, પણ આત્માના
શુદ્ધ પરિણામોથી એ વિપાકને રોકી શકાય છે.

સંક્લેશરૂપ પરિણામ પોતાની આકર્ષણ શક્તિથી આત્મા પર એક પ્રકારની સૂક્ષ્મરજનું આચ્છાદન કરે છે
અને આત્મા વીર્યશક્તિને પ્રગટાવી,
એ સૂક્ષ્મરજના આચ્છાદનને ફગાવી પણ દે છે.

આત્મા પોતામાં રહેલા પરમાત્મભાવનાં દર્શન કરવા માટે જ્યારે ઉત્સુક થાય છે, ત્યારે વીર્યવાન આત્મા પોતાના પરિણામોથી બળવાન એવાં કર્મોને પણ કમજોર કરી દે છે અને શુદ્ધ પરિણામોની પરંપરારૂપ વિજળીક શક્તિથી કર્મરૂપી પહાડોના પહાડોને પણ ચૂરેચૂરા કરી નાખે છે.

'આત્માનું પરમાત્મામાં મળી જવું' એટલે
કર્મથી ઢંકાયેલ પોતાના પરમાત્મભાવને પ્રકટ કરી
આત્માનું પરમાત્મરૂપ બની જવું.

'જીવ પરમાત્માનો અંશ છે' એટલે
જીવમાં જેટલા જ્ઞાનકળા પ્રગટી છે, તે સંપૂર્ણ પણ આવરિત

ૐ

ચેતનારૂપી ચંદ્રિકાનો અંતર્ભેદ અંશમાત્ર છે.
આવરણ દૂર થઈ જતાં ચેતના પૂર્ણપણે પ્રગટ થાય છે.
બસ, તે જ ઈશ્વરત્વની પ્રાપ્તિ છે.

(૪૭) નાદની સાધના માટે પક્ષીનું મૌન,
બિન્દુની સાધના માટે પશુનું મૌન અને
કળાની સાધના માટે યોગિનીનું મૌન આવશ્યક છે.

(૪૮) ઓંકાર એ ઈશ્વરવાચક શબ્દ છે:

અ + ઉ + મ = સંસાર
અર્ધમાત્રા = સ્વસ્વરૂપ
બિન્દુ = પ્રકૃતિ

શાક્ત મતે બિન્દુ સ્વસ્વરૂપ છે.

(૪૯) ભક્તિ એ અનુભવનો માર્ગ છે. પરમાત્મા એ જાદુ છે.
પરમાત્માની અનેકવિધ અતીન્દ્રિય શક્તિને
તર્કોના બળથી મર્યાદિત કરી દેનારા આપણે કોણ?
કરોડોનો જે અનુભવ છે,
તેનો કેવળ શુષ્ક દલીલોથી અપલાપ થઈ શકે નહિ.
'અગમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર,
જે જાણી તેહને કરે, આનંદઘન અવતાર.' એ શબ્દોમાં
ઘણું ઘણું આવી જાય છે. એ વીતરાગ પણ છે,
પરમેશ્વર પણ છે, યોગક્ષેમનો વાહક વિશ્વંભર પણ છે.

(97) 'ભાખે નિરપેક્ષ વચન, ક્રિયા દેખાવે ક્રૂર;
વાકી તપ સંયમ સરવ, કિયો કરાયો ધૂર.'

એકાંતપણું, પછી તે ક્રિયાપણું, ભક્તિપણું, ધ્યાનપણું કે ગુરૂપણું ગમે તે હોય, પણ નિરપેક્ષવચનો બોલનાર કષાયવાન છે અને ચારગતિમાં ભ્રમણ કરે છે. જેમ કે ગુરૂપણાનું કહેવું છે: ગુરૂ ગુરૂ જપના, ઔર સબ સુપના.

(98) રાગ-દ્વેષ આદિ અને સમપરિણામપણું પ્રાપ્ત થવાથી પ્રકટ થયેલ નવમા શાંતરસમાં અહીં સ્નાન કરતી હોય અને અનુપમ અમૃતની જ અહીં ન બનેલી હોય, એવી ભગવાનની મૂર્તિ જોતાં મનને તૃપ્તિ થતી નથી.

નિરાકાર થવાનું સાધન ભગવાનની મૂર્તિ છે,
તોય તેની ઉત્કૃષ્ટતા કોઈનાથી પણ થાય તેમ નથી,
ભગવાનનું દર્શન થવાથી પ્રભુના સ્વરૂપમાં અને પોતાના સ્વરૂપમાં સરખાપણા રૂપ વાતમાં વાંધો કે સંશય રહે નહિ.

ભગવાનના દર્શનમાત્રથી,
અનાદિ અંધકારની જેમ સંશય નાશ પામે છે.
આત્માનો ધર્મ તે જ ભગવાનનો ધર્મ.
શુદ્ધ આત્મપણું પામેલા ભગવાનમાં બીજો ધર્મ ન હોઈ શકે.
આત્મદ્રવ્ય તે પરમનિધાન છે.

ગુરુના ઉપદેશરૂપી અંજનને હૃદયરૂપી ચક્ષુમાં આંજવામાં
આવે તો અનાદિકાળથી અપ્રકટ આત્મદ્રવ્યનિધાન પ્રગટે.
પ્રવચન અંજનથી આત્મદ્રવ્યનું હૃદયમાં ભાન થાય છે.
આત્મદર્શન કરનારનો મહિમા મેરૂપર્વત જેટલો થાય છે.
પુદ્ગલથી ભિન્ન આત્મદ્રવ્ય અનંત ઋદ્ધિથી ભરપુર છે,
એનું ભાન થવાથી અનંતુ સુખ મળે છે.
ભગવાન સદૃશ આત્માને જોવાથી ભવનો અંત આવે છે.

(૪૯) ગુરુ ભક્તે પ્રચલિત કુદરત સત્ય વાક્યો

કાયા એ જ કાશી છે.
પોતાનો આત્મા એ જ વિશ્વેશ્વર છે.
મનુષ્યનું મન એ જ દેવ મંદિર છે.

(૫૦) I am the son of God.
I am the sun of God.

આત્મા બ્રહ્મપ્રેમમય, બ્રહ્મભાવમય, બ્રહ્મશક્તિમાન
અને બ્રહ્મશાંત સુખ સ્વરૂપ છે,
એનો યથાર્થ અનુભવ કરવામાં સ્વયં સહાય કરે છે.

(૫૧) ભક્તિપૂર્ણતા = પોતાના આત્મા તરફ અભિનય, ઉમંગ.
અંતરાત્મભાવ = આત્મા પ્રતિ વિનયવંત થઈ તેને પૂજ્ય
ગણવો, સન્મિત્ર માનવો, તેની પ્રત્યેક કાર્યમાં સલાહ લેવા
તથા કર્તૃત્વાભિમાન છોડી સર્વ ક્રિયાઓ તે જ કરે છે,

ૐ

એવા નમ્રાતિનમ્ર વૃત્તિને અંતરમાં સતત કેળવ્યા કરવા.

(૫૨) 'આત્માભિમુખતા' એટલે

સર્વનો પ્રેરક તે છે એ પ્રકારનું નિરંતર સ્મરણ.

મગજમાં થતાં વિચાર પ્રમાણે મણિપુરચક્ર સંકોચ-વિકાસ પામે છે. શુભ વિચાર વખતે તે વિકાસ પામે છે અને અશુભ વિચાર વખતે તે સંકોચને પામે છે. શુભ વિચાર કરનારનું મણિપુર ચક્ર વિકાસને પામેલું રહેવાથી તેમાંથી નિરંતર જીવન તત્ત્વ ઉત્પન્ન થયા કરે છે, તેથી સદાચરણ અને ઈશ્વર ભક્તોના અંતઃકરણમાં નિરંતર શાંતિ અને પ્રસન્નતાનું વાતાવરણ રહે છે. જીવનતત્ત્વનો પ્રવાહ અખંડિત વહેતો રહેવાથી યોગીઓ અને ભક્તોને વ્યાધિ થવાનો સંભવ ન્યૂન રહે છે અને પ્રસંગો બને છે, તો તે સત્વર મટી જાય છે. વળી જીવન તત્ત્વનો તેમના શરીરમાં અધિક સંચય રહેવાથી તેઓ અન્ય ભક્તો તથા સાધકોના વ્યાધિ વગેરે ટાળવાને પણ સદૈવ સમર્થતા ધરાવે છે.

શુભ વિચારો એટલે શું?

શુભ વિચારો એટલે પ્રાણીમાત્રનું કલ્યાણ ઇચ્છવું, મન, વચન, કાયાથી કોઈને પીડા ન કરવી, સત્ય બોલવું, પારકી વસ્તુને તેના આપ્યા વિના ગ્રહણ ન કરવી,

ॐ

બ્રહ્મચર્ય પાળવું, પરસ્ત્રીને માતા તથા બહેનની સમાન ગણવી, માતા-પિતાની સેવા કરવી, જપ કરવા, ઈશ્વરના ગુણોનું કીર્તન કરવું, ધારણા-ધ્યાનાદિ સંયમ સાધક ક્રિયાઓ કરવી, સત્શાસ્ત્રનો અભ્યાસ, તત્ત્વનો વિચાર વગેરે કરવા.

## અશુભ વિચાર એટલે શું?

અશુભ વિચાર કરવા એટલે પ્રાણીમાત્રનો દ્રોહ કરવો, ઈર્ષા-અદેખાઈ કરવી, અસત્યવાદથી બીજાને ઠગવા, વિષયાસક્ત રહેવું, ચોરી-જારી આદિ નિંદ્ય કર્મ કરવા, મન-વચન-કાયાથી બીજાને પીડા કરવી, માતા-પિતાને દુઃખ દેવું, સંબંધીજનોને છળવા, કામ-ક્રોધ-લોભ-મોહ-શોક-ભય આદિ આંતરરિપુઓને સદાકાળ વશવર્તિ રહેવું, નાસ્તિક થવું, પરનિંદા કરવી, વ્યસનો સેવવાં, સદ્‌ગુણી અને સદાચારી મટી દુર્ગુણી અને દુરાચારી થવું વગેરે.

અશુભ વિચારોથી મણિપૂરચક્ર સંકોચાય છે.
જીવન તત્ત્વ વહેતું અટકી જઈ અશાંતિ વધે છે
અને વ્યાધિના ભોગ થઈ પડાય છે.
મણિપૂરચક્રમાંથી જે જીવનસ્ત્રોત વહે છે,
તેનો સ્વામી જ્ઞાનપૂર્વક કરાતો વિચાર છે.
મણિપૂર ચક્ર એવા વિચારને આધીન રહે છે.

'હું સૂર્ય નહિ પણ ચંદ્ર છું' એ વિચાર જ મણિપૂર ચક્રમાંથી વહેતા શુભેચ્છાના પ્રવાહને રોકીને તે ચક્રને સંકોચિત પમાડે છે, તે જ બધાં દુઃખોનું મૂળ છે.

(53) 'નમો' પદનો અર્થ

પરપીડાને ત્યાજ્ય માનવા અને તેમાંથી મુક્ત થવા પ્રયાસ કરવા તેની ગર્હા કરવી તે જ 'નમો' પદનો અર્થ છે. હું અરિહંત માટે નમું છું કે જગતને પીડા આપીને જીવું છું.

'સ્વાપકર્ષ બોધાનુકૂલ' વ્યાપાર તે નમસ્કાર છે. તે સ્વનો અપકર્ષ કરાવનાર બોધમાંથી નિપજતી ચેષ્ટા છે. અપકર્ષ અરિહંત માટે કે પરપીડારૂપ છું. ઉત્કર્ષ અરિહંત માટે કે પરને ઉપકારરૂપ સુકૃતની અનુમોદના કરું છું.

અરિહંતાદિ પરમેષ્ઠિઓ પરને ઉપકારસ્વરૂપ છે.

એ ઉપકાર પણ એકાંતિક અને આત્યંતિક છે. જે કોઈ તેમનો આશ્રય તેમના નામાદિ દ્વારા લે છે, તેને અક્ષયસુખ પમાડનારા હોવાથી પરમ સુકૃતરૂપ છે.

એ રીતે પરપીડારૂપ દુષ્કૃત અને તેની ગર્હા તથા પરોપકારરૂપ સુકૃત અને તેની અનુમોદના કરવાપૂર્વક જેઓ અરિહંતાદિ પરમેષ્ઠિઓનું શરણ અંગીકાર કરે છે, તેઓ ભવભયથી સર્વથા મુક્ત થાય છે.

ૐ

ભવભ્રમથી મુક્ત કરાવનાર પરપીડાનો પરિહાર
અને પરોપકારનો આવિષ્કાર છે.
તે ઉભય સ્વરૂપને પરમર્ષિ ભગવંતો વરેલા છે,
તેથી તેઓનું શરણ-સ્મરણ, ધ્યાન, પૂજન, આદર, સત્કાર
અને તેમના શરણે રહેલાની પણ ભક્તિ-પૂજા,
સેવા સન્માન આદિ નિયમા મુક્તિફલપ્રદ બને છે.
નિગોદમાંથી કાઢનાર સિદ્ધભગવંતના ઉપકારરૂપી સુકૃત
અને પોતે સંસારમાં રહીને અનેકને અપકાર કરવારૂપ
દુષ્કૃતને નિરંતર યાદ કરવાથી સુકૃતનું સાચું અનુમોદન
અને દુષ્કૃતની ભાવથી નિંદા થાય છે.
નિંદા સહજમલનો હ્રાસ કરે છે, જ્યારે
અનુમોદના તો તથાભવ્યત્વનો વિકાસ કરે છે,
તેથી મુક્તિના પાંચે કારણ આવી મળે છે.
તથાભવ્યત્વથી આક્ષિપ્તકાલાદિ અને કાલાદિથી આક્ષિપ્ત
તથાભવ્યત્વાદિ બને છે. પરસ્પર એકબીજાની અપેક્ષા
રાખીને પાંચે કારણો કાર્યની સિદ્ધિ કર્યા કરે છે.
(૫૪) કાયોત્સર્ગથી દેહની અને બુદ્ધિની જડતા દૂર થાય
છે, વાત વગેરે ધાતુઓનું વૈષમ્ય દૂર થાય છે, તેથી
દેહનું આરોગ્ય વધે છે અને બુદ્ધિની મંદતા દૂર થવાથી

વિચાર શક્તિનો વિકાસ થાય છે. સુખ-દુઃખ, તિતિક્ષા, અનુકૂળ-પ્રતિકૂળ સંજોગોમાં સમભાવ રાખવાની શક્તિ પ્રગટી ભાવના-ધ્યાનનો અભ્યાસ પરિપુષ્ટ થાય છે.

અતિચાર અને દોષોનું ચિંતન તથા
તેમનું દૂરીકરણ સરળતાઈથી થઈ શકે છે.

(૫૪) 'પાયસમા ઉસાસા'

શ્વાસોચ્છવાસનું કાળમાન એક શ્લોકના એક ચરણના
ઉચ્ચારણ પ્રમાણ મનાય છે.

(૫૫) <u>વંદનક્રિયાનું માહાત્મ્ય</u>

વંદનક્રિયાથી વિનયની પ્રાપ્તિ થાય છે, માનનો નાશ થાય છે, ગુરૂજનોની ભક્તિ થાય છે, તીર્થંકરોની આજ્ઞાનું પાલન થાય છે અને શ્રુતધર્મની આરાધના થાય છે. શ્રુતધર્મની આરાધના કરતાં શાસ્ત્ર શ્રવણનો લાભ,
તેથી જ્ઞાન-વિજ્ઞાન, જ્ઞાન-વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન,
સંયમ, અનાસ્રવ, તપ, કર્મક્ષય,
અક્રિયતા, અયોગીતા અને મોક્ષ મળે છે.

(૫૬) <u>પ્રત્યાખ્યાનનો અર્થ અને માહાત્મ્ય</u>

પ્રત્યાખ્યાનનો એક અર્થ ગુણધારણા છે.

પ્રત્યાખ્યાનથી આસ્રવનિરોધ અને સંવર થાય છે, સંવરથી

ॐ

તૃષ્ણાના નાશ થકી અનુપમ સમભાવ કેળવી શકે છે.

નિરર્થક વસ્તુઓના ભોગોથી આત્મા ઉગરી જઈને

ચિરકાલીન આત્મશાંતિ મેળવે છે અને

મોક્ષના શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે.

(૬૮) **પ્રતિક્રમણ શા માટે?**

પ્રતિક્રમણથી પહેલાં થયેલા દોષોને દૂર કરવાની અને ફરીથી દોષો ફરી ન થઈ જાય એ માટે આત્માને સાવધ કરવાનો લાભ મળે છે. કાયોત્સર્ગથી ચિત્ત એકાગ્ર થાય છે, તેથી આત્માને સ્વસ્વરૂપનો વિચાર કરવાનો અવસર મળે છે અને આત્મા નિર્ભયતાના મહાન ગુણને પામે છે.

(૬૯) **'પંચપરમેષ્ઠિ' એટલે...**

પરમ-ઉત્કૃષ્ટ સ્વરૂપમાં જેઓ વ્યવસ્થિત છે તે.

આત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સમભાવ છે,

તેમાં જ જેઓ સ્થિત છે, વ્યવસ્થિત છે,

તેઓ 'પરમેષ્ઠિ' કહેવાય છે.

(૭૦) જીવ સ્વભાવની અપેક્ષાએ અતીન્દ્રિય-વિભાવની અપેક્ષાએ ઇંદ્રિયગમ્ય છે. ચેતનાશક્તિ, અમૂર્તતા, રૂપરસાદિનો અભાવ એ જીવનો સ્વભાવ છે. આકૃતિ, ભાષા, સુખ-દુઃખ, રાગ-દ્વેષ આદિ વિભાવ કે કર્મજન્ય સ્વભાવ છે. સ્વભાવ પુદ્ગલ નિરપેક્ષ હોવાથી અતીન્દ્રિય છે.

ॐ

વિભાવ પુદ્ગલ સાપેક્ષ હોવાથી ઇંદ્રિયગ્રાહ્ય છે.
જે કર્મોનો કર્તા રાગ-દ્વેષયુક્ત હોય અને
કર્મોનો ભોક્તા સુખ-દુઃખવાન હોય તે દેહધારી જીવ છે,
એ સંસારી જીવનું લક્ષણ છે.
'ઉપયોગો લક્ષણમ્' એ જીવનું નૈશ્ચયિક ત્રૈકાલિક લક્ષણ છે.
કર્મનો કર્તા-ભોક્તા એ વ્યવહારિક લક્ષણ છે.
તે અપૂર્ણ અને અસ્થાયી સ્વરૂપ છે.
પરમશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવ અનિર્વચનીય છે.
શુદ્ધ પર્યાયનયથી 'ચેતના લક્ષણો જીવઃ।'
અર્થાત્ઃ જીવનું લક્ષણ દર્શન-જ્ઞાનના ઉપયોગરૂપ ચેતના છે.
(૭૧) જ્ઞાન, સુખ, દુઃખ, હર્ષ, શોક વગેરે
મનોવૃત્તિઓનું નિમિત્ત કારણ ભૌતિક વસ્તુઓ છે.
ઉપાદાન કારણ આત્મા છે.
સ્વતંત્ર આત્માનું અસ્તિત્વ આ પ્રવચનથી અને
સ્વાનુભવથી સાબિત થઈ શકે છે. ચિત્તને નિર્મળ કરી
એકાગ્રતાપૂર્વક ચિંતન-મનન કરવાથી તે અનુભવ થઈ શકે છે.
(૭૨) અરિહંત-સિદ્ધમાત્ર પૂજ્ય છે,
તેથી દેવતત્ત્વ છે.
આચાર્ય-ઉપાધ્યાય-સાધુ, પૂજ્ય અને પૂજક ઉભય છે,
તેથી ગુરુતત્ત્વ છે.

ॐ

(૭૩) મોટાઓની પાસે આપણી લઘુતા અને એમની મોટાઈ પ્રગટ થાય એવું વર્તન કરવું એનું નામ 'નમસ્કાર' છે.

નમસ્કારના બે ભેદ છે: દ્વૈત અને અદ્વૈત.

દ્વૈત નમસ્કાર

વિશિષ્ટ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત થઈ ન હોય ત્યાં સુધી 'હું ઉપાસક અને તે ઉપાસ્ય' એવો દ્વૈતભાવ હોય તે.

અદ્વૈત નમસ્કાર

રાગ-દ્વેષના વિકલ્પો નાશ થવાથી ચિત્તની એટલી સ્થિરતા થઈ જાય કે તેમાં દ્વૈતભાવનો જ નાશ થઈ જાય તે. આ સ્થિતિમાં પોતાની જાત જ ઉપાસ્ય બની જાય છે અને પોતાના સ્વરૂપનું જ ધ્યાન થયા કરે છે.

દ્વૈત નમસ્કાર એ અદ્વૈત નમસ્કારનું સાધનમાત્ર છે.

(૭૪) ભક્તિના બે ભેદ

સિદ્ધ ભક્તિ અને સાધક ભક્તિ.

સિદ્ધોના ખરાં સ્વરૂપને બતાવનાર અરિહંત છે, તેથી ઉપકાર દૃષ્ટિએ તેઓ પ્રધાન છે. પંચપરમેષ્ઠિઓનો ક્રમ પૂર્વાનુપૂર્વીથી છે. ધર્મનો આત્મા દેવ-ગુરુ અને ધર્મ છે. એ ત્રણ તત્ત્વોની ભક્તિની ભાવના તે ધર્મનો પ્રાણ છે અને એ ભાવનાની રક્ષા કરનાર મંદિર, મૂર્તિપૂજાદિ છે.

ॐ

(૭૪) <u>સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્રનો અર્થ</u>

બધા આત્મા મારા આત્મા જેવા છે,
એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.
મારો આત્મા નિશ્ચયથી પરમાત્મા જેવો છે,
એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.
પરમાત્મા બધા આત્માઓના આત્મા છે,
એવી પ્રતીતિપૂર્વકનું વર્તન તે સમ્યક્ચારિત્ર છે.
બધા જીવોને પોતાના સમાન જાણવા, જોવા
અને તે મુજબ વર્તન કરવું, તે વ્યવહાર રત્નત્રયી છે.
પોતાના આત્માને પરમાત્મરૂપે જાણવો, જોવો
અને અનુભવવો તે નિશ્ચય રત્નત્રયી છે.
પરમાત્મા દ્રવ્યથી-દલથી પોતે જ આત્મા છે, તેથી સૌ
જીવો દ્રવ્યાસ્તિકનયથી દ્રવ્યદૃષ્ટિથી પરમાત્મસ્વરૂપ છે.
તે રીતે જ જ્ઞાન-શ્રદ્ધાપૂર્વક યથાયોગ્ય
મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યપૂર્વકનું વર્તન તે
વ્યવહાર નિશ્ચય ઉભય રત્નત્રયીનું સંગત સ્વરૂપ છે.

(૭૫) वासी-चंदणकप्पो समसुहदुक्खो मुणी समक्खाओ।
भव मोक्खाऽपडिबद्धो अओ य पाएण सत्थेसु ॥१॥

(પરિશિષ્ટ-૫)

ॐ

टीका:- वासीचन्दनकल्पः मध्यस्थः एकान्तसत्त्वहितः इत्यन्ये बाह्यापेक्षयैतत्। तथा समसुखदुःखः, माध्यस्थ्येनोपयोगात्, सर्वत्र रागद्वेषजयात् आन्तरापेक्षयैतत्। भवमोक्षाऽप्रतिबद्धः इच्छाऽभावात्, केवलित्वात् इत्यन्ये। वासीचन्दनकल्पत्वं च कल्याणैकशीलता चन्दनच्छेददृष्टान्तात् सद्धर्मातिशयात्।

-योगशतक गा-२० (परिशिष्ट-६)

(૭૭) તપ વિના શુદ્ધિ નહિ, સ્વાધ્યાય વિના જ્ઞાન નહિ અને ઈશ્વર પ્રણિધાન વિના મોક્ષ પ્રાપ્તિ નહિ.

ક્રિયાયોગનું મુખ્ય અંગ સ્વાધ્યાય છે.

મંત્રજાપ પણ એક પ્રકારનો સ્વાધ્યાય છે, અંતરાત્માનું જ્ઞાન તેનું ફળ છે, જે એકબાજુ તપની વૃદ્ધિ કરે છે અને બીજી બાજુ ઈશ્વર પ્રણિધાનને પુષ્ટ કરે છે. ક્રિયાયોગથી ક્લેશ ઘટે છે, શાંતિ - સમાધિ વધે છે.

(૭૮) શરીર રથ, બુદ્ધિ સારથિ, આત્મા રથી, ઇંદ્રિયો ઘોડા ને મન એ લગામ છે. તપ શરીરને મનના કાબુમાં, મનને બુદ્ધિના અને બુદ્ધિને આત્માના કાબુમાં લઈ આવે છે. ઇંદ્રિયો બે પ્રકારની છે : કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો.

કર્મેન્દ્રિયોને કાબુમાં રાખવા માટે પાંચ સમિતિઓ અને જ્ઞાનેન્દ્રિયોને કાબુમાં રાખવા માટે ત્રણ ગુપ્તિઓ છે.
તપનો હેતુ આ સમિતિ તથા ગુપ્તિને વિકસાવવાનો છે.
સ્વાધ્યાયનો હેતુ વિવાદાત્મક જ્ઞાનનો ત્યાગ કરી,
સિદ્ધાન્તાત્મક જ્ઞાનને સ્વીકારવાનો છે.
બધા વાદો આત્મસિદ્ધિ કરીને અટકે છે.
આત્મા સિદ્ધ થયા પછી વાદ કરવાનો રહેતો નથી,
કિન્તુ ઈશ્વર પ્રણિધાન દ્વારા કર્મનું કર્તૃત્વ અને
કર્મફળનું ભોક્તૃત્વ સમર્પણ કરી ત્યાગ કરવાનું રહે છે.
એ ત્યાગ જ આત્માને સમાધિ-શાંતિનો હેતુ થાય છે,
અસમાધિ અને અશાંતિનો ત્વરિત અંત લાવે છે.
કર્તૃત્વ-ભોક્તૃત્વ બુદ્ધિ જ અશાંતિનું મૂળ છે.

(૭૭) યજ્ઞ અને જપયજ્ઞ

'દેવતોદ્દેશેન દ્રવ્યત્યાગો હિ યજ્ઞઃ ।'
કોઈ દેવતાને ઉદ્દેશ નિમિત્ત કરીને દ્રવ્યને છોડવું,
તેનું નામ યજ્ઞ છે.
જપયજ્ઞમાં દ્રવ્યનો ઉપયોગ પોતાના કરતાં ચઢીયાતા
ચૈતન્યને જાગૃત કરી પોતાને પ્રિય વસ્તુનો ત્યાગ કરવો
અને એ પ્રેમ ચઢીયાતી વસ્તુને આપવાની ક્રિયા છે.
જપની ક્રિયા ઈષ્ટફલા છે.

ॐ

વિશ્વ વ્યવસ્થાપક સત્તામાં સઘળું નિયમથી પ્રવર્તે છે.
ઘઉંમાંથી ઘઉં અને જુવારમાંથી જુવારની જેમ
વિશ્વમાં સઘળું યથાક્રમે થયા જ કરે છે.
જપયજ્ઞમાં હોમવાનો પદાર્થ જીવાત્મભાવ છે,
જેને લઈને આપણું શિવસ્વરૂપ વિસારે પડ્યું છે.
આત્મારૂપી દેવની આગળ જીવભાવ ધરી દેવાનો છે.
આ ક્રિયા જ ચિત્તપ્રસાદ પ્રકટાવે છે.
મંત્રજાપ અર્થે તે મંત્ર આપનાર સદ્ગુરુ અને
મંત્રદેવતાનું ધ્યાન હૃદયમાં રહે તેને 'ત્રિતાર જાપ' કહે છે.
આત્માનું મુખ્ય સ્થાન હૃદય છે.
ધબકારા દ્વારા તે પોતાનું અસ્તિત્વ જણાવે છે.
(૯૦)'आत्माऽस्ति' કે 'આત્મા છે' એટલા માત્રથી કાર્યની
સિદ્ધિ થતી નથી. 'आत्माऽस्मि' કે 'હું આત્મા છું' એ
ભાવ જાગૃત થયા પછી જ કાર્યસિદ્ધિ છે.
'अस्ति' ભાવ બુદ્ધિનું સાર્થક્ય 'अस्मि'માં છે.
અનાદિકાળથી જીવત્વનું ભાન જીવને દૃઢ થયું છે.
તેના સ્થાને શિવત્વનું ભાન જગાડવાનું છે.
નાશ કરવો તે સહેલું છે, પણ વસ્તુનું સર્જન દુષ્કર છે.
શરીર નિર્વહન માટે જે અનેક પ્રકારની ક્રિયાઓ જીવને
કરવી પડે છે, તેમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા મુખ્ય છે,

ૐ

કારણકે સમગ્ર જીવનનો આધાર શ્વાસોચ્છ્વાસ ઉપર છે.
પ્રાણાયામની ઉત્કૃષ્ટ અવસ્થા પરમ સુખને આપનારી છે.
ત્યારે કાળનું ભાન રહેતું નથી એને 'સમાધિ' પણ કહે છે.
માનવજીવનની સફળતા માટે જ્ઞાનગ્રહણ કરવું અને
અવિદ્યાને ત્યાગવી એ બે વાત મુખ્ય છે.

## જ્ઞાન એટલે શું?

જે જાણ્યા પછી જાણવાનું, પામ્યા પછી પામવાનું અને
અનુભવ્યા પછી અનુભવવાનું કાંઈ જ ન રહે તે જ્ઞાન છે.
આ જ સત્યજ્ઞાન છે. તેને પ્રાપ્ત કરવાની જરૂર છે.
પ્રત્યેક ક્રિયાથી અને તેનો વ્યવહાર
આ જ્ઞાનને પામવા માટે જ હોવો જોઈએ.
જ્ઞાનની ઉત્કૃષ્ટ અવસ્થા 'હું બ્રહ્મરૂપ છું' એ માનવામાં છે.
એ ભાન અંતઃકરણમાં જેટલો વખત જાગ્રત રહે
તેટલો વખત આપણે જ્ઞાન સમાધિમાં છીએ.
વ્યવહારની સુંદરતાથી આંતરિક પ્રગતિ નથી,
કિન્તુ આંતરિક પ્રગતિથી વ્યવહારની સુંદરતા છે.

## (૯) સુખ-શાંતિ મેળવવાની કળા

જે સુખ-શાંતિની જીવ બહાર શોધ કરે છે, તે
તેના અંદર જ છે, ફક્ત જ્ઞાન તેને થાય તે માટે

ૐ

વૃત્તિઓને સ્વરૂપમાં વાળીને હૃદયમાં શમાવી દેવી.
સુખ-શાંતિને અનુભવવાની ખરેખરી કળા આ જ છે.
અલ્પજ્ઞ અને અલ્પશક્તિમાન મનુષ્યની પાસે બીજો
કોઈ રીતે સુખ અને શાંતિ મેળવવાનો માર્ગ છે નહિ.
જન્મમૃત્યુનો દૃઢ અધ્યાસ જે મનને લાગી રહેલો છે,
તેને નિવારવાનો આ જ એક માત્ર ઉપાય છે.
મનુષ્ય સ્વસ્વરૂપનો વિચાર કરે તો આત્મસંપન્ન
અને તે વિચારને ભૂલે તો આત્મવિહીન.
લોકો લોકતાથી અધિક કદી હોઈ શકે નહિ.
લોકતાને અધિક માનવી તે નમસ્કાર છે,
લોકોને અધિક માનવી તે અહંકાર છે.
કર્મકૃત ભાવોથી પોતાની અધિકતા સ્થાપવી તે અહંકાર,
તે વડે પોતાની હીનતા સ્વીકારવી તે નમસ્કાર છે.
કર્મકૃત ભાવો એ વિકૃતિ છે, રોગ છે.
રોગની સ્થિતિનું અભિમાન કરવું તે મિથ્યાત્વ છે.
આરોગ્યસ્થિતિને ઓળખી, તેને પ્રશંસવી તે સમ્યગ્દર્શન છે.
આચરણમાં ઉતારનારને સાધના સરળ લાગે છે.
વાતો કરનારને તે કઠિનતમ લાગે છે, માટે
જે જાણ્યું તેને આચરણમાં મૂકવા કટિબદ્ધ થાઓ.

નિપાણી, અષાડ સુદ-૨, બુધવાર

## સાચો કલ્યાણમાર્ગ

સાચા આરાધકોને સદાય શાંતિ હતી, છે અને રહેશે.
વિરાધકો સદાય વિષમ સ્થિતિમાં જ હતા, છે
અને રહેવાના છે, એટલે એ ચિંતા પણ નકામી છે.
આરાધકભાવ જેઓમાં કાયમ છે,
તે કદી જ દયાપાત્ર બનવાના નહિ
અને આરાધકભાવ વિનાના
કદી જ દયાપાત્ર થતાં અટકવાના નહિ.
આરાધકભાવ જળવાઈ રહે એની સાવધગિરિ રાખવી,
સ્વપરની આરાધના થતી રહે,
એવું શક્ય કરવામાં પાછી પાની ન કરવી
એ જ સાચો કલ્યાણમાર્ગ છે.
દિવસના પ્રથમ પ્રહરે આહાર લેવો એ
વૈદકશાસ્ત્ર વિરુદ્ધ છે.
ષડ્રસયુક્ત ભોજન કરવું એ
ધર્મશાસ્ત્ર વિરુદ્ધ છે.
અનીતિના દ્રવ્યથી મળેલું ભોજન એ
નીતિશાસ્ત્ર વિરુદ્ધ છે.

ॐ

ઈશ્વરપ્રણિધાનમ્ ।

૦ સર્વ અનુષ્ઠાનમાં મુખ્ય પ્રવર્તક શાસ્ત્ર છે.
તે શાસ્ત્રની સ્મૃતિ દ્વારા તેના આદિ પ્રવર્તક પરમ ગુરુને
હૃદયમાં ધારણ કરવા તે 'ઈશ્વર પ્રણિધાન' છે.
ઈશ્વર સ્વરૂપની પ્રાપ્તિ માટે સતત જાગૃતિ રાખવી.

- ઉપા૦ શ્રી યશોવિજયજી

શ્રી જૈન શાસ્ત્રમાં ઈશ્વર પ્રણિધાન
તેને કહેવામાં આવ્યો છે કે:
'પ્રત્યેક અનુષ્ઠાન કરતી વખતે
શાસ્ત્રને દૃષ્ટિ સન્મુખ રાખવું જોઈએ અને
તે દ્વારા શાસ્ત્રના આદિ પ્રણેતા
શ્રી જિનેન્દ્રદેવને હૃદયકમલમાં
સ્થાપિત કરવા જોઈએ.'

૦ તપગુણ અને સ્વ-પર ઉપકારની ભાવના એ ઘણી
મોટી વાત છે, એમાં શંકા નથી. એનું ભાવાસ્વરૂપ મુક્તિ
આપે એ પણ નિઃશંક છે. એ ઉંચી અવસ્થા સાધવા
માટે જ સઘળું છે, એ કદી પણ ભૂલાવું ન જ જોઈએ.
કષાયોપશમની મંદતા આત્મોત્કર્ષ રચે તેવી છે.
સંકલ્પ-વિકલ્પો, ચિત્તની ચંચળતા અને
અસમાધિગ્રસ્તપણું એ પંપાળેલા દોષો છે.

ૐ

સ્વાધ્યાયની આળસ એ દોષો સાથે સર્જાયેલો જ છે,
જે ટાળવા શુદ્ધ ધ્યેય એક જ જરૂર છે.
ઘણાંવાર અધિકાર બહારનો બોજો જાતે ઉપાડી લેવાય છે.
એના નિકાલ માટે આપણી જાગૃતિ જ જરૂર છે.
ધ્યેય તરફની બેદરકારી અને લોકૈષણાને ટાળવામાં જો
દત્તચિત્ત રહેવાય, તો અત્યારે મળેલ સામગ્રી ઓછી નથી.
શાસનની સાચી પ્રભાવના સૌ માટે શક્ય નથી,
એ માટે તો ઉત્કટ પુણ્યોદયની પણ જરૂર રહે છે.
આપણે તો સાચી શાસનસેવાનું ધ્યેય રહે એ જ જરૂર છે.
સેવા કરતાં-કરતાં જો પુણ્યોદયનો સાથ મળશે,
તો પ્રભાવના થવામાં કશો જ અંતરાય નડનાર નથી.
જાતને ભૂલાય અને લોકૈષણામાં ન ફસાય તો
શાસન સેવા તો આજે પણ સુસાધ્ય છે.
XXX શાણા માટે તો ઈશારો જ જરૂર થવો જોઈએ. XXX
પરપ્રવૃત્તિ એટલે પૌદ્ગલિક પ્રવૃત્તિ.
તે વિષમય લાગવી જ જોઈએ.
એની સાથે વસવાનું પ્રભુશાસનના મુનિને હોતું જ નથી.
તે તો આત્મિક પ્રવૃત્તિમાં જાગરૂક, પરપ્રવૃત્તિ માટે બધિર,
અંધ અને મૂક તથા એક ચિદાનંદ પદનો જ ઉપયોગી હોય.
સત્ય સદા ય વિજયવંતુ જ છે.

ॐ

0 કોઈના પણ ઉપકારનું ઋણ માનવું,
એ ઉત્તમ આત્માનો સ્વભાવ જ છે.

0 વર્ધોલ્લાસવાળો આત્મા
વ્યાખ્યાન, એકાંત આત્મચિન્તવન, નવીન શ્રુતાભ્યાસ,
એ ત્રણે વસ્તુની આરાધના એક સાથે કરી શકે છે.

0 ઉપદેશક ઉપદેશ આપતા આપતા પોતાના
આત્મા માટે પણ ઉપદેશક બની રહી શકે છે.
પ્રતિક્ષણ આત્મદશાના નિરીક્ષક માટે એ બધું જ શક્ય છે.

0 કર્મ = આત્મા સાથે ચોંટેલી કાર્મણ વર્ગણા.
યોગ = આત્મામાં થતું અભિસંધિ કે અનભિસંધિજ
આંદોલન, જેથી આત્મા ઉપર અસર કરે તેવા સંસ્કાર
કાર્મણ વર્ગણામાં જન્માવી જુના કર્મ સાથે ચોંટી જાય છે.

0 કાર્મણવર્ગણા અને આત્માના સંબંધ વખતે...
(૧) યોગ સ્થાનક અને અધ્યવસાય સ્થાનક હોય.
(૨) કાર્મણવર્ગણા આત્મા સાથે ખેંચાઈ આવે.
(૩) જુના કર્મ સાથે નવા કર્મ ચોંટે.
(૪) દરેકના ભાગ પડી જાય (પ્રદેશ બંધ) અને
દરેક ભાગના સ્વભાવ નક્કી થઈ જાય.
(૫) દરેક પ્રકૃતિનો રસ તથા દરેક સ્વભાવનો વખત
નક્કી થઈ જાય.

ॐ

(5) દરેક પ્રકૃતિનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ નક્કી થાય.
આ બધું જ એક-બે સમયમાં બને તથા
યોગ અને અધ્યવસાય સ્થાનક કરે.
કરણ એટલે? કરણ કેટલા? આઠ.
કરણ = યોગ સ્થાનક અને અધ્યવસાય સ્થાનકનું બળ.
બંધન, નિદ્ધત્ત, નિકાચન, ઉદીરણા,
ઉદ્વર્તના, અપવર્તના, સંક્રમ ને ઉપશમના.
કરણોની અસર થવા અબાધાકાળ છે.
એક કરણ ચાલુ હોય, તે જ કરણ બાકી કર્મ તરફ
બાકી બાકીના કરણ તરીકે અસર કરે છે.
ઉદયાવલિકા = જે વખતમાં કર્મનો ઉદય થાય તે વખત.
નિષેકકાળ = અબાધાકાળ પુરો થયા પછીથી ઉદયકાળ
પુરો થાય ત્યાં સુધીની કર્મની સ્થિતિ.
નિષેક શરૂમાં ઘણા કર્મનો, પછી થોડા કર્મનો,
અને છેવટે તદ્દન થોડા કર્મનો થાય છે.
સત્તા = કાર્મણ વર્ગણાની કર્મ તરીકેની સ્થિતિ, બંધથી નિષેક
સુધીની અવસ્થા. બંધ, સંક્રમ આદિ કરણો, અબાધાકાળ
તથા નિષેક રચના એ બધું સત્તામાં જ થાય છે.
એક મિનીટની આવલિકા = 3,૪૯,૫૨૫.

ૐ

## સિદ્ધગિરિજી મહાતીર્થની મહત્તા

(૧) સિદ્ધોની પવિત્ર સ્પર્શન ભૂમિ.

(૨) સિદ્ધિને જન્મ આપનાર ગિરિરાજ.

(૩) અકારણ કે અલ્પ કારણ નહિ, કિન્તુ નિયમિતપણે કાર્ય કરનાર સિદ્ધાચલ પર્વત.

(૪) અનાર્ય દેશ, અતીર્થ કે પ્રત્યેક બુદ્ધતાદિ સિદ્ધિના કારણ હોવા છતાં અકારણ કે અલ્પ કારણ છે. જ્યારે આર્ય દેશ, જૈન કુલ, સુગુરુ યોગ એ કારણો છે.

(૫) પુંડરિક સ્વામિ અને તેમના પરિવારને ભગવાનના વચનથી સિદ્ધિનું કારણ બનનાર ભૂમિ.

(૬) ઈન્દ્રાદિક દેવો-ચક્રવર્તીઆદિ રાજાઓ વડે થયેલા ઉદ્ધાર.

(૭) લાખો અને ક્રોડોને એક સાથે મુક્તિ અપાવનાર તીર્થ.

(૮) સર્વકાળમાં નિયમિત રહેવાવાળું સિદ્ધસ્થલ.

(૯) ૧૪ રાજ, ૩ ભુવન, ૧૫ ક્ષેત્રમાં પટ વડે જુહારવા યોગ્ય.

(૧૦) ગિરિરાજ તરીકે તળાટીથી જ સ્તવવા લાયક અને આશાતના પરિહરવા લાયક મહાતીર્થ.

(૧૧) સ્થાપનાઅરિહંત અને ભાવઅરિહંત તથા સમવસરણ ભૂમિ કરતાં પણ અધિક મહિમાવંત અને પ્રભાવશાલી તીર્થ. પરંપરાએ નહિ, પણ સાક્ષાત્ વીર્યોલ્લાસ જન્માવનાર.

ॐ

<u>Most important:</u> જેઠ સુદી-૧૯

દિન-પ્રતિદિન અધિક આરાધના કરવા ઈચ્છતા આત્માઓએ અનંત જ્ઞાનીઓની આજ્ઞા મુજબ જ આત્મલક્ષી બન્યા રહેવું જોઈએ. ઔદયિક ભાવનાં આકર્ષણોમાં રાચનારો આત્મા કોઈપણ કાળે આજ્ઞા મુજબના આત્મલક્ષીપણાને પામતો જ નથી. માનપાનાદિમાં મલકાનારા અને વિપરીત અવસ્થાઓમાં રીબાનારા આત્માઓ ઔદયિકભાવનાં આકર્ષણોમાં રાચનારા ગણાય છે. એવા આત્માઓમાં દેખાતી આરાધના એ સુંદર ઔદયિકભાવને પામવાના ઉદ્દેશ જ હોય છે. આત્મસ્વભાવની રમણતા એવા આત્માઓ માટે સદા ય અગોચર રહે છે. એવી કદર્થના કરનારી દુર્દશાથી સદાને માટે પર બની સઘળી ય આરાધના સાચા આત્મ-સ્વભાવની ખીલવટ માટે જ કરનારા બનો એ જ ઈચ્છા.

<u>અષાડ સુદ-૯</u>

સંયમસાધક આત્માઓને મન અસ્વસ્થ રહેવાને ખાસ કોઈ જ કારણ નથી. જો કે આ કાળની વિષમતાઓ વિચિત્ર છે, પણ એમાં ય ઉદ્દેશનો વિવેક સમજનાર ધારે તો જરૂર સમચિત્ત રહી શકે છે. આ કાળમાં અતિચાર તો આશ્રવ બની ગયા છે. આમાં ય અપવાદરૂપ જરૂર કોઈ

ૐ

પુણ્યાત્માઓ હશે, પણ જરીયા લાગણી આ વાત છે.
આવી દશામાં પણ આલોચના એ અનુપમ તરણોપાય છે.

## સંયમ સાધકના સાધનરૂપ શરીરની જાળવણી

સાધુઓના સંયમ સાધક શરીરો માટે જરૂરી ઉપચારમાં બેદરકારી નહિ સેવાવી જોઇએ. સંયમ સાધક શરીરને સંયમ સાધક બનાવી રાખવા માટેના યોગ્ય વિચારો એ માનસિક નિર્બળતા નથી. 'જે નાશવંત છે, તે નાશવંત શરીરથી શાશ્વત વસ્તુ સધાતી હોય, તે શરીરને સાચવી સંભાળી લેવા સિવાયની ચિન્તા એ તો પાપ ચિન્તા છે.'

આ વાત હૃદયમાં કોતરાઈ જવી જોઇએ.
એ વાત આત્માને સમજાવવા માટે
જાગૃત રહેવાય એ જ મોટું ઔષધ છે.
આત્મા મનનો માલિક બનવો જોઈએ.
અનેકને સમજાવવાની તાકાત ધરાવનાર આત્મા
ધારે તો ઘણા જ સહેલાઈથી
હૃદયનો સ્વામી બની શકે છે.
મનના માલિક બનો અને પરહિતની સાથે
સ્વહિતની સાધનામાં સત્વર સજ્જ બનો
એ જ એક ઝંખના.

ૐ

આસો સુદ-૧૦

સાચી શ્રદ્ધા અને આલોચના

આલોચિત પ્રતિક્રાન્ત થઈ શુદ્ધ થવાની ઈચ્છા
એ ઘણી જ અનુપમ ઈચ્છા છે.
સાચી શ્રદ્ધા સાથે જીવનમાં જીવવા માટે
આલોચના અને પ્રતિક્રાન્તિ અતિજરૂરી છે.
એ અતિ જરૂરી વસ્તુ
દર્પણના ડંખ વિના સુપ્રાપ્ય નથી.
અત્યારે આલોચના એટલી જ કે:
'વિદ્રોહ કરવાની સાચી શક્તિને આવરનારી જે
કોઈ જાતની મનોદશા હોય તેનાથી બચવાને મથો.'
કેવલ હિતબુદ્ધિથી લખેલી આ વાતનો અમલ
એ જ ખરેખરી આલોચના છે.
આ વિશ્વભરની આલોચના કરવા છતાં ય
સાચી આલોચના બનવી સંભવિત નથી.
અનુપમ સ્વાધ્યાયથી મુક્તિમાર્ગના સાચા મુસાફર બનાય.
પ્રાપ્ત થયેલી ઘણી-ઘણી શક્તિઓ દ્વારા સ્વહિતને સાધી
પરહિતની સાધનામાં પણ સાચા પારંગત બની શકાય છે.
એ જ એક જોવાની મનઃકામના છે.

ૐ

## સંવત ૨૦૦૨ના નૂતન વર્ષનાં પ્રથમ માસમાં શું કર્યું?

(ઈ.સ. ૧૯૪૫ - મુનિશ્રી ચંદ્રપ્રભવિ. - કલ્યાણપ્રભ સાથે)

(1) કારતક સુદી ૧ સવારે પાટણના ફોફલીયાવાડે મંગળાચરણ તથા ગૌતમસ્વામી રાસ.

(2) આજ દિવસે પાટણના જિનાલયોની ચૈત્યપરિપાટી.

(3) કારતક સુદી ૪ મંડપમાં.
દિવાન તથા છોટુભાઈની મુલાકાત.

(4) કારતક સુદી ૫ - જ્ઞાનપંચમીએ જ્ઞાનદર્શન.

(5) કારતક સુદી ૬ - બટુક ભૈરવની વાડીએ, છોટુભાઈની હાજરીમાં અમરતલાલની સાથે શ્રી પુનમચંદભાઈની મુલાકાત.

(6) કારતક સુદી ૧૩-૧૪-૧૫ આરાધના.

(7) કારતક સુદ ૧૫ તથા કારતક વદી ૧-૨-૩-૪ મનમોહનજીની શેરીના ઉપાશ્રયમાં આરાધના.

(8) કારતક વદી ૪ની સાંજે બોરસણ.

(9) કારતક વદી ૫-૬-૭-૮ ચારૂપ તીર્થની યાત્રા.

(10) કારતક વદી ૯-૧૦ શામળા પાર્શ્વનાથ આરાધના.

(11) કારતક વદી ૧૧ની સવારે ફરીથી બોરસણ પરત.

ॐ

૨૬ ઓગષ્ટ, ૧૯૪૬ – શ્રાવણ વદ ૦)) સં. ૨૦૦૨

જોરસણમાં ગાળમાં વીતેલા સમયનું સરવૈયું

: શારીરિક દૃષ્ટિએ :

ખાસ વિકાસ નહિ,

પ્રવૃત્તિમય પસાર થયેલ છે.

જે વખત તાવ આવ્યો, તેથી વધુ નબળાઈ લાગી.

અતિ પરિશ્રમથી

અનિયમિતતા અને અવ્યવસ્થિતતા વરતાઈ.

: માનસિક દૃષ્ટિએ :

સ્થૈર્યની અધિકતા – ઘણી વધી, સમતામાં વૃદ્ધિ થઈ.

: બૌદ્ધિક દૃષ્ટિએ :

વાંચન અનિયમિત તો પણ ઉચ્ચકોટિનું,

સાત્વિક અને ચિત્તને શુદ્ધ કરનારું.

: આત્મિક દૃષ્ટિએ :

પરમેષ્ઠિધ્યાન દ્વારા અને

આત્મરમણતા દ્વારા પ્રગતિકારક.

: સામાજિક દૃષ્ટિએ :

સામાન્ય લાભદાયી.

નિર્લિપ્ત દશાની પ્રારંભિક અવસ્થા.

ॐ

<u>કારતક વદી ત્રીજ, સં. ૧૯૮૭ થી સં. ૨૦૦૩ વચ્ચેના ૧૬ વર્ષ દરમ્યાન (ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૪૬) કરેલ ચાતુર્માસ, અભ્યાસ તથા પુસ્તકો પ્રકાશનની વિગત:</u>

(૧) પ્રથમ ચાતુર્માસ - પાટણ (ગુજરાત)
પાણિનિના વ્યાકરણનો અભ્યાસ કર્યો.

(૨) બીજું ચાતુર્માસ - વઢવાણ શહેર (ઝાલાવાડ)
કાવ્ય તથા ગોચરીનો અભ્યાસ કર્યો.

(૩) ત્રીજું ચાતુર્માસ - શ્રી સ્તંભન તીર્થ (ખંભાત)
યોગોદ્વહન, મુક્તાવલી, ઉત્તરાધ્યયન, આચારાંગ.

(૪) ચોથું ચાતુર્માસ - શ્રી રાજનગર (અમદાવાદ)
ઉપદેશમાલા તથા કલ્પસૂત્રનો અભ્યાસ કર્યો.

(૫) પાંચમું ચાતુર્માસ - શ્રી રાધનપુર (વઢીયાર)
પ્રશમરતિ, નંદીસૂત્ર, અનુયોગ દ્વાર, મહાનિશીથ, યોગવહન.

(૬) છઠ્ઠું ચાતુર્માસ - શ્રી મુમ્બાપુરી (વાલકેશ્વર)
વ્યાખ્યાનવાચનીનું કર્તવ્ય બજાવ્યું.

(૭) સાતમું ચાતુર્માસ - શ્રી પુના કેમ્પ (લશ્કર)
વિશેષાવશ્યક, આવશ્યક, નંદીસૂત્ર, અનુયોગદ્વાર તથા ઉપધાન.

(૮) આઠમું ચાતુર્માસ - શ્રી નિપાણી (દક્ષિણ મહારાષ્ટ્ર)
ઉપધાન તપ, 'નાસ્તિક મત નિરસન' તથા 'આસ્તિકતાનો આદર્શ' પુસ્તકોના લેખન.

ॐ

(९) नवमुं चातुर्मास - श्री पुना केम्प (महाराष्ट्र)
व्याख्यान, दिनचर्या, 'प्रतिमा पूजन' पुस्तक लेखन.

(१०) दसमुं चातुर्मास - श्री मुंबाई (लालबाग)
उपधान तप, 'प्रतिमा पूजन' पुस्तक प्रकाशन.

(११) अगीयारमुं चातुर्मास - श्री सांघेरा (मुंबाई)
उपधान, 'धर्म श्रद्धा' तथा 'देव-दर्शन' पुस्तक प्रकाशन.

(१२) बारमुं चातुर्मास - श्री अहमदनगर (दक्षिण)
वली गामे दीक्षा, उपधान, सुपार्श्वनाथ प्रभुनी प्रतिष्ठा.

(१३) तेरमुं चातुर्मास - जुन्नर (पुना)
संगमनेर गामे उपधान, सारसाल गामे दीक्षा.

(१४) चौदमुं चातुर्मास - मालेगाम (नासिक)
मांडवगढनो छ'री पालतो संघ, 'प्रार्थना' पुस्तक प्रकाशन.

(१५) पंदरमुं चातुर्मास - पाटण (गुजरात)
फोफलीया वाडो, 'जैनमार्गनी पिछाण' पुस्तक प्रकाशन.

(१६) सोळमुं चातुर्मास - पाटण (गुजरात)
नगीनभाई मंडप, २० दिवसना धीरना अेकासणा साथे
१ लाख नमस्कार महामंत्रनी जप्रद आराधना.

ॐ चारित्रधरनां लक्षणो ॐ

(१) मार्गानुसारी (३) प्रज्ञापनीय (५) गुणरागी
(२) श्रद्धावान (४) क्रियारत (६) शक्यारंभवान.

ॐ

## શુદ્ધ ભોગ

પંચ તન્માત્રા, સંસ્કાર અને ચિત્તાનનો અનુભવ કરવા
અને ભોગ ભોગવવા માટે પુરુષ અને પ્રકૃતિનો
પરસ્પર સંભોગ અને અનંત ક્રીડા થયા જ કરે છે.

ભોગ બે પ્રકારના છે: શુદ્ધ અને અશુદ્ધ.

શુદ્ધ ભોગમાં સુખ નહિ ને દુઃખ પણ નહિ,
પણ પુરુષનો સનાતન સ્વભાવસિદ્ધ ધર્મ આનંદ જ છે.

અશુદ્ધ ભોગમાં સુખ અને દુઃખ બંને છે.

શીતોષ્ણ, ક્ષુત્પિપાસા, હર્ષ - શોક ઇત્યાદિ દ્વંદ્વો
અશુદ્ધ ભોગને વિચલિત કરે છે અને ક્ષોભ પમાડે છે.

અશુદ્ધતાનું કારણ કામના છે.

કામ માત્ર અશુદ્ધ છે. જે નિષ્કામ છે, તે જ શુદ્ધ છે.
કામનાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે,
જેને વશ થઈને પુરુષ વિષયોમાં આસક્ત થાય છે.

આસક્તિનું ફળ બંધન છે.

પુરુષ એટલો તો વિચલિત થઈ અને ક્ષોભ પામે છે કે
વ્યથિત અને યંત્રણા ક્લિષ્ટ થઈને તે આસક્તિના
અભ્યાસદોષથી પોતાને થતા ક્ષોભ, વ્યથા અને યંત્રણાના
કારણોનો પણ ત્યાગ કરવા અસમર્થ થઈ જાય છે.

ॐ

## મૃત્યુની પોકળતા

જે રીતે શરીર બાલ્ય, યૌવન, જરાવસ્થા ધારણ કરે છે, તે જ રીતે દેહાન્તર પ્રાપ્તિ - એક શરીર છોડીને બીજું શરીર ધારણ કરવું તે છે. મરણ તો નામ માત્ર છે. એનું નામ સાંભળતા જ ભય પામી દુઃખી થઈએ છીએ.

વસ્તુતઃ જો આપણે સમજતા હોત તો
ભય પણ ન પામત અને દુઃખ પણ નહિ થાત.
જો મારી બાળક જુવાન થઈ જતાં
હું તેનું મૃત્યુ માનીને કહું કે:
'અરે! મારી પ્રિય બાળક ક્યાં ગઈ? આ જુવાન પુરુષ મારી બાળક નહિ, મ્હારી રૂપવલીચંદ્રક ક્યાં ગઈ?'
તો મ્હારા આ વ્યવહારને લોકો
હાસ્યજનક અને ઘોર અજ્ઞાનતાયુક્ત કહે.

## સમભાવ - અજ્ઞાનનું બંધન

આત્માની નિત્યતાનું ભાન કરીને પછી અજ્ઞાનનું બંધન શિથિલ કરવા એ વિચારવું જોઈએ કે વિષયના વિવિધ રૂપો, સ્પર્શ, સુખ-દુઃખાદિ દ્વન્દ્વના જ કારણો છે. એ સહુ અનિત્ય છે. એનો આરંભ અને અંત પણ છે. એથી એને અનિત્ય સમજીને આસક્તિનો ત્યાગ કરવો જોઈએ.

ॐ

જે કોઈ અનિત્ય વસ્તુમાં આસક્ત થાય છે,
એના આગમનથી હર્ષ પામે છે, તે એના નાશથી
યા તેના અભાવથી દુઃખી થઈને વ્યથા પામે છે.
<u>આ અવસ્થાને 'અજ્ઞાન' કહે છે.</u>
અજ્ઞાનથી અનશ્વર આત્માનો સનાતનભાવ અને
અનવધ આનંદ લોપ થાય છે અને
કેવળ ક્ષણસ્થાયીભાવ તથા
વસ્તુમાં મત્ત થઈને મનુષ્ય રહે છે.
વસ્તુમાં મત્ત થતાં એ વસ્તુના નાશથી
દુઃખના શોકસાગરમાં ડુબી જાય છે.
આ પ્રકારે આચ્છન્ન ન થતાં
જે વિષયોના સર્વ સ્પર્શોને સહન કરી શકે
અર્થાત્ જે દ્વંદ્વની પ્રાપ્તિ કરીને ય સુખ-દુઃખ, શીત-ઉષ્ણ,
પ્રિય-અપ્રિય, મંગલ-અમંગલ, સિદ્ધિ-અસિદ્ધિમાં હર્ષ-
શોકનો અનુભવ કરતો છતાં ય સમાનભાવે, પ્રફુલ્લચિત્તે,
હસતે મુખડે ગ્રહણ કરી શકે, એ જ પુરુષ રાગ-દ્વેષથી
મુક્ત થઈને, અજ્ઞાનનું બંધન કાપીને સનાતન અને
અખંડ આનંદની પ્રાપ્તિ કરવામાં સમર્થ થાય છે.
'अमृतत्वाय कल्पते ।' - <u>ગીતા</u>

ॐ

## દુઃખ જીતવાનો ઉપાય

દુઃખ જીતવાનો પ્રકૃત ઉપાય ત્યાગ, શાંતિ અને સમતા છે. શાન્ત ભાવથી જ સુખ-દુઃખ ગ્રહણ કરવું, એ જ વાસ્તવિક માર્ગ છે. પ્રાણમાં સુખ-દુઃખના સંચારનો વિરોધ નહિ કરતાં બુદ્ધિને સ્થિર કરીને રાખવી એ જ દુઃખ જીતવાનો માર્ગ છે. સમતાનું સ્થાન પ્રાણ કે ચિત્ત નહિ પણ બુદ્ધિ છે. બુદ્ધિ સમતારૂપ થવાથી ચિત્ત અને પ્રાણ સ્વયં વિના પ્રયત્ને જ સમતારૂપ થઈ જાય છે.

o આપણું સર્વ પ્રકારનું જીવન
એવી રીતે ગોઠવવું જોઈએ કે જેથી
દરેક મનુષ્ય પોતાના હૃદયની અંદર
રહેલ એક પરમાત્માને ઓળખે,
તેને પોતાનો કરે,
તેનો આનંદ સ્વતંત્ર રીતે લઈ શકે અને
પોતાના દૃષ્ટાંતથી તે આનંદ બીજાને આપી શકે.

o વીતરાગો વિમુચ્યેત, વીતરાગં વિચિન્તયન્ ।
રાગિણં તુ સમાલમ્બ્ય, રાગી સ્યાત્ ક્ષોભણાદિકૃત્ ॥૧॥
યેન યેન હિ ભાવેન, યુજ્યતે યન્ત્રવાહકઃ ।
તેન તન્મયતાં યાતિ, વિશ્વરૂપો મણિર્યથા ॥૨॥

(પરિશિષ્ટ-૭)

# ભગવાનની શક્તિ

કર્તૃત્વાભિમાનનો ત્યાગ કરવાને માટે સાધકે રોજેરોજ
'પ્રકૃતિ સર્વ કર્મો કરે છે - પોતે કેવળ સાક્ષી છે,'
એ અનુભવ કરવાનો અભ્યાસ પાડવો જોઈએ.
પ્રથમ તો ભગવાન સાધકની પ્રકૃતિ દ્વારા કર્મ કરે છે,
પરંતુ કર્તૃત્વાભિમાનનો ત્યાગ થયા પછી અને પ્રકૃતિના
કાર્યનો પોતે સાક્ષી છે, એ અનુભવ સિદ્ધ થયા પછી
ભગવાનની શક્તિ સ્વતઃ સાધકના આધારમાં કાર્ય કરે છે.
એ પછી સાધકના વ્યક્તિનો લોપ થઈ પ્રભુની શક્તિને
કાર્ય કરવાનું તે એક સાવ નિષ્ક્રિય યંત્ર બની રહે છે.
ઉપર જણાવેલી દશા સત્વ, રજ અને તમ,
એ ત્રણે ગુણોથી ઉપર છે.
એ અવસ્થામાં કરેલાં કર્મો વ્યક્તિને બંધનકારક ન હોય.
બધા ધર્મની ઉન્નતિ જેટલી વર્તનથી થાય છે, તેટલી
ઉપદેશથી થતી નથી. ઉપદેશ વિના જેમ વર્તન નહીં,
તેમ વર્તન વિના ઉપદેશ શોભતો નથી.
ઉપદેશ જેવું જ વર્તન - વર્તન માટે જ ઉપદેશ.આ પણ
જ્યાં નથી, ત્યાં ધર્મની, દેશની, જાતિની કે કોઈની પણ
ઉન્નતિ થતી નથી, પણ અવનતિ જ થાય છે.

ૐ

o મિથ્યામતિમાં રહેલા બે પ્રકારના ગુણો:
એક સહજાત અને બીજા સંસર્ગજન્ય.

મિથ્યાધર્મના સહજાત ગુણો

તે પ્રેમ-દયા-દાન-વાત્સલ્યાદિ મનુષ્યત્વના પોષક છે,
માર્ગાનુસારિતાને વિકસાવનાર છે,
સમ્યગ્ ધર્મ માટેની યોગ્યતાને લાવનાર છે.

મિથ્યાધર્મના સંસર્ગજન્ય ગુણો

તે મિથ્યા દેવ-ગુરુ-શાસ્ત્ર-સિદ્ધાંત-આચાર-પર્વ
આદિની માન્યતાઓ અને તે માટેનો પ્રયત્ન છે.
તે પ્રશંસનીય નથી, માર્ગાનુસારિતા પ્રશંસનીય છે.
આ ગુણો માર્ગાનુસારિતાને બાધક છે,
તેથી પણ અપ્રશંસનીય છે.

રુચિ-અભિલાષા-ઇચ્છાને સુધારવા એ હૃદયશુદ્ધિ છે.
જ્યાં સુધી સ્વાર્થ ઇચ્છાઓ ન છૂટે, ત્યાં સુધી ચિત્તમાં
દ્વેષ-ઈર્ષ્યા-અસૂયા-ઉદ્વેગ-ચિન્તા વિગેરે મટે નહિ.
સ્વાર્થરુચિથી છૂટવાનો પરમ ઉપાય એક જ છે અને
તે છે પ્રેમપૂર્ણ હૃદયમાં પરમાર્થ વૃત્તિને કેળવવાનો.
તેમાં સમાન પ્રત્યે સૌખ્ય, અધિક પ્રત્યે રાગ,
દીન પ્રત્યે પ્રેમ અને નિર્ગુણ પ્રત્યે માધ્યસ્થ્ય છે.

ॐ

## ઉત્તમની ઉત્તમતા

ઉત્તમ દ્રવ્યો :- જિનપ્રતિમા, જિનાગમ, સિદ્ધચક્ર યંત્રાદિ.

ઉત્તમ ક્ષેત્ર :- શત્રુંજય તીર્થ, જિનકલ્યાણક ભૂમિ, વિહાર ભૂમિઓ ઈત્યાદિ.

ઉત્તમ કાળ :- શાશ્વત-અશાશ્વત જિનકલ્યાણક તિથિ, અષ્ટાહ્નિકા પર્વ દિવસો ઈત્યાદિ.

ઉત્તમ ભાવ :- પરમેષ્ઠિ નમન ક્રિયા, દાનાદિક ધર્મો, સર્વ ભૂતદયા, વિનય, શમ, સંતોષ, સમ્યગ્દર્શન, બ્રહ્મવ્રત ઈત્યાદિ.

o સિદ્ધનું ધ્યાન કેવી રીતે કરવું?

અવ્યવહારમાંથી વ્યવહારમાં લાવનારનું સ્મરણ ચિત્તમાં કાયમ રહેવું એ સિદ્ધના ધ્યાનનો ઉપાય છે.

o જીવન વ્યતીત કેવી રીતે કરવું?

લઘુતા લાવનારમાં ગુરુતા અને ગુરુતા લાવનારમાં લઘુતા આવે છે, જે જીવનમાં સફળતા અપાવી જાય છે.

o પર્વાદિની રચના શા માટે?

સરાગી મનુષ્યના મન ઉપર અસર નાંખનારા દ્રવ્યાદિક સાધનોનો વિભાગ કરીને પર્વાદિની રચના શાસ્ત્રકારોએ કરેલી છે.

ૐ

o ભમર જેમ પુષ્પની સુવાસ પાછળ મુગ્ધ હોય
અને રસથી ભરેલા પુષ્પની શોધમાં
ગુંજારવ કરતો હંમેશા ફર્યા કરે,
તેમ સમકીતી પણ ગુણરૂપી પુષ્પોની સુવાસ ઉપર કે
તેનો રસ લેવામાં સદા મુગ્ધ હોય.
ગુણના ગીત ગાવા તે
સમકીતી ભમરનો ગુંજારવ છે.
જ્યાં ગુણ દેખે ત્યાં નમી પડવું, તેના દાસ બનીને રહેવું,
તે સમકીતી ભમરની
ગુણપુષ્પનો રસ લેવાની ક્રિયા છે.
એ રીતે તે સંપૂર્ણ ગુણના રસથી ભરેલો મધપુડો
પોતાના આત્મગૃહમાં તૈયાર કરે છે.
મોક્ષનું બીજ સમકીત છે તથા
સમકીતનું બીજ ભદ્રકભાવ અથવા નિરાગ્રહી વૃત્તિ છે.
'સાચું તે મારું' એવો મનોભાવ, 'સૌને પણ સુખ મળો'
તથા કોઈને પણ નહિ ઠગવાની વૃત્તિ,
એવો હૃદયનો ઉમળકો જેને હોય તે સમકીતી નહિ,
પણ સમકીતી થવાનો છે એમ જાણવું.
એ ન હોય તો સમકીત હોય તો પણ તે ટકવાનું નહિ.

ૐ

## શું એ જૈનત્વ છે?

'મારૂં તે સાચું' કે 'મારૂં તે સારૂં'

એ મનોવૃત્તિ જૈનની ન હોય.

જૈનશાસનમાં આજે ધર્મ, વ્રત કે સામાયિક નહિ જ થાય તો ન ફરીયાદ, પણ જેટલા જેટલા અંશે યતના અને ભક્તિ હોય, તેટલા તેટલા અંશે ધર્મ માનેલો છે.

અવિધિરૂપી વિષનું નિવારણ કરવા માટે
યતના અને ભક્તિ પરમ રસાયણરૂપ છે.

યતના = પ્રયત્ન, જાગણા, કામના, અપ્રમાદ.

ભક્તિ = અધિક ગુણી ઉપર આદર તથા શુદ્ધ અનુષ્ઠાનો પ્રત્યે રાગ, બહુમાન, આંતરિકભાવ.

એ જો જ્યાં હોય ત્યાં જૈનશાસન છે, ન હોય ત્યાં નહિ.

જૈનશાસનમાં 'આત્મશુદ્ધિ પર્વ' તરીકે ઓળખાતા
પવિત્ર પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વના
પરમ પાવન એવા ૮ દિવસ રાગ-દ્વેષની પરિણતિ ટાળીને
પરમ સમત્વભાવની સાધનામાં પસાર થાય,
તો જ એમના મર્મને ભેદવાનું
પવિત્ર પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વનું
બિરૂદ સાર્થક થાય.

ૐ

## શબ્દ અને અર્થની તુલના

શબ્દ એ ચકમક છે, અર્થ એ ફલક છે.

શબ્દરૂપી ચકમક અર્થરૂપી ફલકની સાથે જ્યારે ટકરાય,
ત્યારે તેમાંથી જ્ઞાનરૂપી અગ્નિ પ્રગટે છે.

દા.ત. 'ઘટ' શબ્દ ઘટરૂપી અર્થમાં સંકેતિત છે, એટલું જ્ઞાન જેને હોય, તેને જ ઘટ શબ્દ ઘટપદાર્થનો બોધક થાય છે.

જેમ જેમ શબ્દરૂપી ચકમક અર્થની સાથે અથડામણમાં આવે, તેમ તેમ તેમાંથી વિચારરૂપે જ્ઞાનરૂપી અગ્નિ પ્રગટે.

શબ્દમાત્ર સાપેક્ષ છે એમ જે જાણે તે જૈન.

શબ્દમાં અર્થને કહેવાની તાકાત પરિમિત છે.
અર્થ અપરિમિત છે, તેને પહોંચવાની તાકાત શબ્દમાં નથી.

એમ માનવું એ જડવાદ છે કે:

'શબ્દ તો અર્થનું સૂચનમાત્ર કરે છે, તેથી
કોઈપણ શબ્દ અર્થને પરિપૂર્ણ જણાવી શકતો નથી.'

જે અંશમાં શબ્દ અર્થને સાચી રીતે નથી જણાવી શકતો,
તે અંશમાં પણ
અર્થને જણાવવાની શક્તિ શબ્દમાં રહેલી છે,
એ સૂચવવા માટે પ્રત્યેક શબ્દની
પાછળ 'સ્યાત્' શબ્દનો પ્રયોગ અપેક્ષિત છે.

ૐ

જેમ મિથ્યાદૃષ્ટિ પરિગ્રહિત સમ્યક્શ્રુત એ મિથ્યાશ્રુત
બને છે, તેમ સુદેવ અને સુગુરુ તત્ત્વ પણ મિથ્યા બને છે.

જેમ સમ્યગ્દૃષ્ટિ પરિગ્રહિત મિથ્યાશ્રુત
એ સમ્યક્શ્રુત બને છે,
તેમ સમ્યગ્દૃષ્ટિ, મધ્યસ્થ મતિ,
અરક્તદ્વિષ્ટ, સત્યાર્થી પરિગ્રહિત
કુદેવ-કુગુરુ પણ સુદેવ-સુગુરુપણે પરિણમે છે.

o કષાયનો કે રાગ-દ્વેષનો વિજય ક્રમશઃ સિદ્ધ થાય છે.
કષાયવિજય માટે પર્વોની આરાધનામાં આત્માને જોડવો,
એ પણ કષાયવિજયના માર્ગે પગલાં ભરવા બરાબર છે.

જે પર્વની નિશ્રાએ એક આત્મા
પણ કષાયવિજય સાધે, તે પર્વને તો લાખો
માણસોએ મહોત્સવ સ્વરૂપ માનીને ઉજવવું જોઈએ.

o ચાર પ્રકારની ભાષા કે વાણી

વૈખરી : શબ્દોચ્ચાર - ઉચ્ચારણ - કાયા
મધ્યમા : ભાષાવર્ગણા - વિચાર - મન
પરા : લબ્ધિસ્વરૂપ - સંકલ્પ - અહંકાર
પશ્યંતિ : ઉપયોગસ્વરૂપ - ભાવ - બુદ્ધિ

ચારેયનું મૌન થયા પછી જ આત્માનો અવાજ સંભળાય.

ૐ

## જિનશાસનનો સાર

જો એક શબ્દમાં સમજવો હોય તો સામાયિક,
બે શબ્દોમાં સામાયિક અને જિનપૂજા,
ત્રણ શબ્દોમાં સામાયિક, જિનપૂજા, સાધર્મિક વાત્સલ્ય,
ચાર શબ્દોમાં સમજવો હોય તો ચોથું 'જયણા' ઉમેરવી.

## સઘળા ઉપદેશનો સાર

જેટલું જાણ્યું હોય તેટલું પાળતા શીખો.
કેવળ જાણવા માટે જાણવું એ પણ
જ્ઞાનનું અપમાન છે.
પાળવા માટે જ જાણવાનું છે.
જેટલું જાણીએ છીએ તેટલું જ્યાં કશું પાળીએ નહિ,
ત્યાં કશું નવું નવું જાણવાનું શું કામ?
'જાણો તેટલું પાળો અને પાળો તેટલું જાણો.'
એથી વધારે ઉપદેશ આપવા જીવોને આપવા
આ વાતાવરણમાં નુકસાન કરનાર છે.
જેટલું જાણ્યું હોય તેનો એક લઘુઅંશ પણ
આચરણમાં લાવવા પ્રયાસ કરવામાં આવે તો
'હવે અધિક ઉપદેશ જરૂરી છે' એવું લાગવા કરતાં
'જે ઉપદેશ મળ્યો છે, તે જ અધિક છે' એમ લાગશે.

ૐ

૦ હૃદયનું ધડકવું, લોહીનું ફરવું, આંખનું ફરકવું,
વાળનું ઉગવું કે શ્વાસનું પેસવું અગર નીકળવું,
એ બધી ક્રિયાઓ ઉપર મનનો કાબુ નથી,
પણ કોઈ અન્ય સત્તાને આધીન થઈને પ્રવર્તે છે,
તેમ મન પણ જ્યારે તેવા કોઈ અન્ય સત્તાને આધીન
થઈ પ્રવર્તે, ત્યારે દિવ્યજ્ઞાનનો સંચાર થયો મનાય છે.
તે વખતે મનના રાગ-દ્વેષો, ઇચ્છા-અનિચ્છાઓ અને
દ્વેષ-માત્સર્ય આપોઆપ વિલીન થઈ જતાં જ આત્મ-
જ્ઞાનના સ્વર્ગ સમાન આનંદનો અનુભવ કરી શકે છે.
સારા-નરસા કે દુઃખ-સુખનો તફાવત ત્યાં રહેતો નથી
ને સ્વતંત્ર પ્રયત્ન કરવાની ક્રિયાનો ત્યાં અંત આવે છે.
ઉપરની શક્તિઓ મન પાસે પોતાનું કાર્ય બળાત્કારે
કરાવે છે, ત્યારથી જ મનુષ્ય જ્ઞાનના ઉજાસ થાય છે
અને તરત જ દિવ્ય જ્ઞાનનો આવિર્ભાવ થાય છે.
૦ કૃતજ્ઞતાને બોલતી રાખો, પરોપકારને મૌન રાખો.
૦ સંબંધોના જગતમાં પરોપકાર (જીવો સાથે સહાનુભૂતિ),
સ્વરૂપ જગતમાં કૃતજ્ઞતા (જિનેશ્વર સાથે સહજ સ્વીકાર).
નમો જીણાણં, નમો જીવાણં |
જિનેશ્વરોને નમસ્કાર થાઓ. જીવોને નમસ્કાર થાઓ.

ॐ

## યોગની મહત્તા - સમત્વં યોગ ઉચ્યતે।

(1) ચિત્તવૃત્તિનિરોધ એ યોગ છે. વૃત્તિઓથી આત્મામાં રાગ-દ્વેષ પેદા થાય, જે જગતમાં અશાંતિ ફેલાવે છે. એનો નિરોધ આત્મામાં સમભાવ પેદા કરે છે.

(2) યોગ = સમાધિ કે ધ્યાન સમાધિ કે સમાધાન અથવા મન - વચન - શરીરને સમતોલ રાખવા તે. અકુશળ વૃત્તિઓનો રોધ, કુશળનું સેવન અને છેવટે કુશળની ઉપર પણ ઉપેક્ષા કરી આત્મભાવમાં સ્થિર થવું તે યોગ.

(3) મોક્ષપ્રાપક ધર્મવ્યાપાર, જ્ઞાન-દર્શન-ચારિત્ર તે યોગ.
મોક્ષને પ્રાપ્ત કરવામાં સાધનભૂત
વિશ્વાસ, વિચાર કે વર્તન તે યોગરૂપ અને તે વિરુદ્ધના વિશ્વાસ, વિચાર અને વર્તન તે અયોગરૂપ છે.

(4) જીવન વ્યવહારને ધર્મમય બનાવવા, ઇંદ્રિયો અને મન ઉપર વિજય મેળવવો તે યોગ છે.

(5) આત્માને મન-વચન-કાયાની બાહ્યપ્રવૃત્તિમાં નહીં, પણ પરમાત્મામાં જોડવો, તે જ યોગ કે મોક્ષમાર્ગ છે.
ચિત્તને પાપમાર્ગથી દૂર રાખવું અને કલ્યાણમાર્ગમાં જોડવું, એ યોગનું રહસ્ય છે.

'યોગઃ કર્મસુ કૌશલમ્।'

ॐ

# What is the Secret of Serenity?

રોજ વિચારવું કે: મારી જિંદગીનો આજે છેલ્લો દિવસ છે.

કપડાંથી કોઈ મહાન મહાન નથી કહેવાતો.

મહાનસાઈ છે સંતોષમાં, મનની શાંતિમાં.

સમજુ લોકો કોઈએ શું પહેર્યું છે તે નથી જોતાં,

તેનું દિલ કેવું છે તે જુએ છે.

જ્યાં સુધી આપણા દિલમાં શાંતિ નથી,

ત્યાં સુધી દુનિયામાં શાંતિની સ્થાપના શક્ય નથી.

આ કોઈ આધ્યાત્મિક મંત્ર-તંત્રની વાત નથી,

કોઈ ગૂઢ ધાર્મિક આદેશનું વિધાન નથી,

પણ સાદી સમજની વાત છે.

જેની આપણે કદી ઉપેક્ષા ન કરી શકીએ,

અહિંસા એક માનવીય મનને લાગતી હકીકતનું

સીધું સાદું નિરૂપણ છે.

અંધકારને શાપ દીધા કરવો, તે કરતાં

નાનો સરખો પણ એક દીવો પ્રગટાવવો

એ વધારે ઈચ્છવા યોગ્ય છે.

સળગતા એક દીવા વડે આખી દુનિયાના અંધકારનો નાશ

ભલે ન થાય, એટલા જગાનું અંધારું તો જરૂર દૂર થાય.

ૐ

## શબ્દ - અર્થની શક્તિ

કાવ્યની પરિભાષા પોતાની ધ્વનિ રૂપક દ્વારા જેટલો
હૃદયંગમ બનાવી શકે છે, તેટલો જડ શબ્દાર્થવાદી ભાષાઓ
ઉચ્છેદ ન બનાવી શકે. દા.ત. રસગંધા - વસંતવર્ષા.

નામ કે શબ્દમાં અર્થને કહેવાની શક્તિ છે.
રૂપમાં ભાગ્યને ખેંચવાની શક્તિ છે.

મિથ્યા નામ - રૂપ પ્રત્યે અવિદ્યાજનિત આકર્ષણને
નિવારવાની શક્તિ પરમેશ્વરના નામ-રૂપમાં રહેલી છે,
તેથી તેનો આશ્રય લેવો હિતકર છે.

શબ્દમાં તેનો અર્થ બતાવવાના તથા રૂપમાં ભાગ્યને
આકર્ષિત કરવાના સામર્થ્યને 'શક્તિ' કહે છે.

શબ્દ - રૂપમાં અચિન્ત્ય શક્તિ રહેલી છે, છુપાયેલી છે.
અંતરાત્માના દરબારમાં તો એક રાજ્ય કરતાં પણ
વધારે મોટી અથવા નૈતિક સત્તા રહેલી છે.

પરમેશ્વરના નામ - રૂપમાં આપણા આત્માના
પ્રત્યેક રોગની ઔષધિ સમાયેલી છે.

માટે આત્મા પ્રત્યેના કર્તવ્યપાલનને પાળવા
આપણે હંમેશા સવિશેષ
પ્રાધાન્ય અને મહત્ત્વ આપવું જોઈએ.

ॐ

'स्वस्वरूपानुसंधानं भक्तिरेव गरीयसी ।'

પોતાના સ્વરૂપનું અનુસંધાન કરાવનારી ભક્તિ મહાન છે.

'नहि कल्याणकृत् कश्चित्, दुर्गतिं तात गच्छति ।'

અર્થાત્: કલ્યાણ કે સુકૃત કરનાર દુર્ગતિમાં જતો નથી.

સાચું માધ્યસ્થ્ય સર્વ પ્રત્યે મૈત્રીમાં, અધિક પ્રત્યે પ્રમોદમાં, દીન પ્રત્યે કરુણામાં તથા દુર્વિનેય જીવો પ્રત્યે ઉદાસીનતામાં રહેલું છે. સાચી મૈત્રી સમાન જીવો પ્રત્યે વાત્સલ્યમાં, અધિક પ્રત્યે આદરમાં, દીન પ્રત્યે દયામાં તથા નિર્ગુણ જીવો પ્રત્યે માધ્યસ્થ્યમાં છે.

એમ પરિણામ મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યમાં તથા યોગ્યને યોગ્ય ન્યાય આપવામાં છે.

## 36 તત્ત્વોનાં નામ

શિવ-શક્તિ-સદાશિવ-ઈશ્વર-શુદ્ધવિદ્યા-માયા-કાલ-કલા-નિયતિ-વિદ્યા-રાગ-પુરુષ-પ્રકૃતિ-મહત્તત્ત્વ-મન અહંકાર-૫ જ્ઞાનેંદ્રિય-૫ કર્મેન્દ્રિય-૫ તન્માત્રા-૫ ભૂત.

આમ પહેલા અપેક્ષાએ 36 તત્ત્વો છે.

શાન્ત્યાતીતકલા - શિવ - શક્તિ - શાન્તિકલા - સદાશિવ-ઈશ્વર-શુદ્ધવિદ્યા-માયાકલા-માયા-કાલ-કલા-નિયતિ-વિદ્યા-રાગ-પ્રતિષ્ઠાકલા-નિવૃત્તિકલા-પૃથ્વીતત્ત્વ.

બીજી અપેક્ષાએ ઉપરના ૧૭ સહિત કુલ 23 તત્ત્વો છે.

ॐ

સેરીસા, જેઠ સુદ ૧૫

દાનાદિ, ભાવાદિ, ક્ષાન્ત્યાદિ, વિરત્યાદિ
અને નમસ્કારાદિ ધર્મનો પ્રભાવ છે.
નમસ્કાર મહામંત્ર એ ધર્મનાવનો નાવિક,
ધર્મસૈન્યનો સેનાની, ધર્મરથનો સારથિ,
ધર્મરૂપી પ્રજાનો નાયક, ધર્મરૂપી ગાયનો ગોવાળ છે.
ચિત્તરૂપી સરોવરમાં વિષયોરૂપી પ્રતિબિંબ, સંકલ્પ-
વિકલ્પરૂપી તરંગો અને તમોગુણના મિશ્રણરૂપી કીચડ છે.

આ નમસ્કાર મહામંત્રના જાપને કારણે

આત્મદર્શન થવાથી વૃત્તિઓના ભાવનું મિથ્યાત્વ અને
આત્મભાવનું સત્યત્વ ચિત્ત પર ચમકે છે તથા કર્મના
બંધનનું મિથ્યાભાવ, વિષયભાવ નિવૃત્ત થાય છે.

નવકારને કારણે - વાક્ આદિના પ્રભાવે

લયયોગમાં ઇંદ્રિયોનો લય મનમાં, મનનો બુદ્ધિમાં,
બુદ્ધિનો આત્મામાં, આત્માનો કુંડલિની માર્ગ દ્વારા ધારણા-
ધ્યાન-સમાધિ કરીને સંકલ્પિત સિદ્ધિનો લાભ થાય છે.
બુદ્ધિમાન મનુષ્ય મહત્તત્ત્વને બ્રહ્મમાં લય કરી દે.

સ્વાધ્યાયાદ્યોગમાસીત યોગાત્સ્વાધ્યાયમામનેત્ ।
સ્વાધ્યાય-યોગસમ્પત્ત્યા પરમાત્મા પ્રકાશતે ॥૧॥
(પરિશિષ્ટ-૮)

ॐ

## મળ, વિક્ષેપ અને આવરણ

દીપ્તે સાનાડગ્નૌ મલવિક્ષેપાવરણહાનિઃ ।

મળ પાપને, વિક્ષેપ ચિત્તની ચંચળતાને અને

આવરણ અજ્ઞાનના આચ્છાદનને કહે છે.

સાધનકાળ રાત્રિને કહ્યો છે, અર્થાત્ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદયની પહેલાંના બ્રાહ્મ સમયને શ્રેષ્ઠ માન્યો છે.

## ગુરુ અને શિષ્યનો સંબંધ

ગુરુને ઉત્તરારણિ અને શિષ્યને અધરારણિની ઉપમા છે. એ બંનેના સંબંધથી બ્રહ્મવિદ્યા રૂપી અગ્નિ પેદા થાય છે. ગુરુ પોતાની આવશ્યકતા માટે પણ શિષ્યને પ્રાર્થના કે આશા કરતા નથી, તેથી શિષ્યે જ ગુરુને પ્રણિપાત, પ્રશ્ન અને સેવા વડે સંતુષ્ટ કરવા સદા તત્પર રહેવું.

દીક્ષા ત્રિવિધા, દર્શનાદ્ ભાષણાત્ સ્પર્શાચ્ચ । અર્થાત્ ચક્ષુ, જલ્પા તથા સ્પર્શાદિ ત્રણ રીતે ગુરુ દીક્ષા આપે છે.

મુખ્યત્વે ગુરુની ઇચ્છાથી શક્તિપાત થાય છે.

સ્પર્શાદિ બાહ્યસાધન છે.

ગુરુની ઇચ્છા ન હોય તો શિષ્યમાં શક્તિપાત થતો નથી.

'સા પુનરપિ અધિકારિ ભેદતસ્ત્રિધામૃદુ

મધ્યતીવ્રત્વાત્ પિપીલિકા-કપિ-ખગ-ન્યાયવત્ ।'

(પરિશિષ્ટ-૯)

ૐ

ગુરુ કેવા હોય?

બ્રહ્મનિષ્ઠ, બોધક, શક્તિપાતક્ષમ ને નિગ્રહાનુગ્રહસમર્થ.

શક્તિ પ્રદીપન કરે તે ગુરુ.

દીક્ષાનો અર્થ શક્તિપાત.

દીક્ષા ત્રણ પ્રકારે : દર્શન, સ્પર્શન, ભાષણ.

મલ વિક્ષેપાવરણ હાનિ - મુદિત ત્રણ રાત્રિ.

શક્તિપાતમાં શક્તિના પ્રકાર

માનસી, ક્રિયાવતી, કલાવતી, વર્ણવેધમયી.

પિપિલિકા - કપિ - ખગ ન્યાયાત.

કલાવતીનો સંબંધ રૂપાત્મકભાવો સાથે,

વર્ણમયીનો સંબંધ શબ્દમયી સૃષ્ટિ સાથે છે.

તેથી મંત્ર, પદ, કવિતા ઈત્યાદિની શક્તિનો ઉદય થાય છે.

વેધમયીથી ષટ્ચક્ર વેધન થાય છે.

શક્તિના ચારે સ્વરૂપ એકસાથે પણ પ્રગટ થાય છે.

તે બધાનું સ્વરૂપ શક્તિ હોવાથી

એકરૂપ જ ગણાય છે.

વીતરાગ ચિત્તનું આલંબન લેવાથી

અથવા સિદ્ધ સંકલ્પથી

ધર્માધર્મની સમાનતા જોઈએ.

ॐ

વીતરાગ યોગીઓના ચિત્તનું અવલંબન લઈને
શક્તિપાત દ્વારા શક્તિ સંચાર થવાથી
શિષ્યોને શીઘ્ર એકાગ્રતાનો લાભ થાય છે.

'વીતરાગ વિષયં વા ચિત્તમ્' નો અર્થ

વીતરાગના ચિત્તનું ધ્યાન, કિન્તુ વીતરાગ પુરુષનું નહિ.

વીતરાગ મહાત્માઓનું ધ્યાન નહિ પણ વીતરાગ ચિત્તના આશ્રયથી ચિત્તની વૃત્તિઓનો નિરોધ થાય છે. ઇંદ્રિયોનો પ્રત્યાહાર કરીને ચિત્તની એકાગ્રતા થાય છે, તે યોગમાર્ગ છે. મનની ગતિ સંકલ્પમય છે, તે જ મનોમય કોષ છે અને મનની વૃત્તિઓ તેના તરંગો છે. મનોમય કોષ સૂર્ય નાડી દ્વારા વિજ્ઞાનમય કોષથી સંયુક્ત છે.

મસ્તકમાં વિજ્ઞાનમય કોષ છે.

ચેતના, સંવિત્, બુદ્ધિ અને અહંકાર - તેના ચાર ધર્મ છે. તેના ૩ સ્તર આશય, સ્મૃતિ અને શુદ્ધ સંવિત્ છે.

'સંકલ્પાત્મકં મનઃ |' આત્માની શક્તિના ત્રણ રૂપઃ જ્ઞાનાત્મક શક્તિ જ્ઞાનેન્દ્રિયો દ્વારા, ક્રિયાત્મક કર્મેન્દ્રિયો દ્વારા, ઇચ્છાત્મક શક્તિ મન અને વિજ્ઞાન દ્વારા પ્રગટી શકે છે. જીવ રચના આરા નાભિમાં છે, તેમ શરીર (ઇંદ્રિયો, મન અને બુદ્ધિ) બ્રહ્મમાં પ્રતિષ્ઠિત છે.

ॐ

० कुण्डलिनी प्रणव स्वरूपिणी ।

ॐ = ॐ = अ तमोगुण + उ रजोगुण + म सत्वगुण

ँ = અર્ધમાત્રાથી ઉત્પન્ન થતી આ બિંદીનો અનુનાસિક ધ્વનિ આત્માના શુદ્ધ સ્વરૂપનો બોધક છે.

કુંડલીની શક્તિના આ ૩॥ કુંડળ છે.

Kundalini shakti lies in the static form. When it lies in dynamic form, આ કુંડલીની શક્તિ ત્યારે વિશુદ્ધચક્રમાં બિરાજે છે.

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥१॥ (परिशिष्ट-१०)

પાંચ પ્રકારે વાયુ

પ્રાણ - સૂર્ય - વજ્રા, અપાન - પૃથ્વી - ચિત્રા,
સમાન - આકાશ - બ્રહ્મિણા, વ્યાન - વાયુ,
ઉદાન - અગ્નિ - સુષુમ્ણા.

(1) પ્રાણ - મુખ નાસિકામાં, શ્રોત્ર ચક્ષુમાં
(2) અપાન - ગુદા - ઉપસ્થ
(3) સમાન - મધ્યમાં, ખાધેલા અન્નને સમગ્ર શરીરમાં સમાનરૂપથી લઈ જઈ તેનાથી ૭ જ્વાળાઓ બનાવે છે: કાન, આંખ, નાક, મુખ, ઇંદ્રિય, મન અને બુદ્ધિ.

ॐ

(૪) <u>વ્યાન</u> - ૭૨૦૦૦ નાડીઓમાં શક્તિ સંચાર કરે છે.
(૫) <u>ઉદાન</u> - ઉંચે લઈ જાય તે. વાયુની રક્ષા અને બ્રહ્મચર્યનું પાલન થાય છે. સાધક ઉર્ધ્વરેતા બને છે.

'असंगोहि अयमात्माऽऽनंदमयः ।'

<u>પ્રશ્નોપનિષદ પ્રમાણે નાડીઓની સંખ્યા</u>

શરીરમાં રહેલા જીવાત્માનું સ્થાન હૃદયમાં છે.
હૃદયની ૧૦૦ નાડીઓના દરેકના ૧૦૦-૧૦૦ ભેદ છે.
દરેકની ૭૨૦૦૦ ઉપશાખાઓ છે.
કુલ ૭૨ કોડ, ૭૨ લાખ નાડી છે.
એ બધી નાડીઓમાં વ્યાનવાયુ વિચરે છે.
તે વાયુ બહારના પ્રાણવાયુને અંદર ખેંચે છે,
અને અંદરના અપાનવાયુને બહાર ફેંકે છે.

વ્યાનવાયુ
વ્યાપક રૂપે આખા શરીરમાં રહીને
લોહી વગેરેનો સંચાર કરાવે છે.
વળી
તે સ્પર્શાદિ બાહ્યપદાર્થોની લાગણીઓ
અને
આઘાત - પ્રત્યાઘાતોને પણ સહાયભૂત થાય છે.

ॐ

## સમાધિની મહત્તા

જો સાધકો ક્રિયા - ૧૨ સેકંડ, ધારણા - ૧ સેકંડ,
ધ્યાન - ૯ મિનિટ કરીએ, તો સમાધિ - ૨૯ સેકંડ થાય.
સમાધિને કારણે પ્રાણો ઉર્ધ્વગામી થવાથી ઇંદ્રિયો
અંતર્મુખ થઈ, ચિત્ત વિષયોથી ઉપરામ પામી જાય છે.
સમાધિ પછી સાધક દિવ્યભાવ, વત્સલભાવ, શિવભાવ
તો પછી ક્યારેક રૌદ્ર, અદ્ભુત, શૃંગાર, હાસ્ય, વીર,
કરુણા, ભય, બાલત્વ અથવા શાંતભાવ અનુભવે છે.

## યોગ શા માટે?

ઋષિ વેદવ્યાસનો સમાધિયોગ, પતંજલીના યોગસૂત્રો
વગેરે બહુ મંત્ર, લય, રાજ અને હઠયોગની વાત કરે છે.

નાડીશુદ્ધિ માટે હઠયોગ
(આસન, પ્રાણાયામ, બંધ, મુદ્રા),
ઈશ્વરપ્રણિધાન માટે મંત્રયોગ (સ્વાધ્યાય),
ચક્રભેદથી લયયોગ,
આરાધનામાં મનોલય
(મનની એકાગ્રતા માટે સંકલ્પ-વિકલ્પનો અભાવ),
અને સત્કારમાં રાજયોગ.

દૃષ્ટુઃ સ્વરૂપેઽવસ્થાનમ્।
અર્થાત: દ્રષ્ટાના સ્વરૂપમાં સ્થિરતા થાય છે.

ॐ

મંત્રયોગાદિ શક્તિ, ચિતિ, તપ, બ્રહ્મ, કુંડલિની,
શક્ત્યુદ્બોધન, બ્રહ્મોત્થાન, મહાયોગસિદ્ધિ.
મંત્ર ચૈતન્ય વિજ્ઞાતા ગુરુસત્તા: સ્વયંભુવા ।
મન્ત્ર જપાન્મનોલયો મંત્રયોગ: ।

(પરિશિષ્ટ-૧૧)

મંત્રયોગ = જપ-સ્તોત્ર-પૂજા-પાઠ.
હઠયોગ = આસન-મુદ્રા-પ્રાણાયામ.
લયયોગ = પ્રત્યાહાર-ધારણા-ધ્યાન.
રાજયોગ = સવિકલ્પ-નિર્વિકલ્પ સમાધિ.

## જપ સમયે આસનનું મહત્ત્વ

સાધના સમયે મન: સંયમના કારણે તડિત પ્રવાહ વહે છે.
મૃગચર્માદિ અને ઊનના વસ્ત્રમાં
વિદ્યુત પ્રવાહ વહી શકતો નથી, રોકાય છે.
મંત્રજપ વખતે મન એ પતંગ છે, તેની દોર બ્રહ્મ છે.
બ્રહ્મની દોરીથી મનપતંગ બંધાયેલો છે.
મંત્ર એ દોરીની ચરખી સમાન છે. ચરખીને ફેરવવાથી
જેમ દોરી લપેટાય, તેમ પતંગ નજીક આવતો જાય છે.
મંત્ર જપવાથી બ્રહ્મસંયમ થાય છે,
તેથી બ્રહ્મ વડે બંધાયેલું મન પણ પોતાને વશ થાય છે.

ॐ

અન્નમય કોષને અનંતનાડી છે, તેના મૂલકંદમાંથી ત્રણ
નાડી અને તેમાંથી હજારો શાખાઓમાંની વજ્રા, ચિત્રા
અને બ્રહ્મનાડી પ્રમુખ છે. આ ૩ મોક્ષમાર્ગરૂપ ગણાઈ છે.

ગુદસ્ય પૃષ્ઠભાગેऽસ્મિન્ વીણાદણ્ડઃ સ્વદેહભૃત્ ।
દીર્ઘાસ્થિ-દેહ-પર્યંતં બ્રહ્મનાડીતિ કથ્યતે ॥

(પરિશિષ્ટ-૧૨)

સર્વ નાડીઓમાં પ્રાણ વહે છે. મનનું સ્થાન હૃદય છે.
મન પણ પ્રાણશક્તિના આધાર ઉપર ચાલે છે. એ
મનોમય છે. મનોમય સૂક્ષ્મનાડી દ્વારા વિજ્ઞાનમયથી સંયુક્ત છે.

'મૂર્ધ્નિ વિજ્ઞાનમયઃ ।'

વિજ્ઞાનમય કોષનો ધર્મ બુદ્ધિ-સંવિત્-ચેતના-અહંકાર છે.

Different states of consciousness.

'મનોવિજ્ઞાનાભ્યાં ઇચ્છા ।'

અહીં મન અને જ્ઞાન વડે ઇચ્છા થાય છે.

જ્ઞાનેન્દ્રિયૈઃ સંજ્ઞાન, કર્મેન્દ્રિયૈઃ ક્રિયા ।

સર્વં પ્રાણે પ્રતિષ્ઠિતમ્ । (પરિશિષ્ટ-૧૩)

આનંદમય - અસંગાત્મા, પ્રિયમ - આનંદ - ઘૂર્ણ,
સ્ફોટરૂપ - નિદ્રા - મૂર્છાત્મક.

કુંડલિની પ્રણવ-સ્વરૂપિણી = કુંડલિની પ્રણવ સ્વરૂપી છે.

ॐ

महाकुंडलिनी प्रोक्ता परब्रह्म-स्वरूपिणी ।
शब्दब्रह्ममयी देवी एकाऽनेकाक्षराकृतिः ॥१॥
यावत्सा निद्रिता देहे तावज्जीवः पशुर्यथा ।
ज्ञानं न जायते तावत् कोटियोग-विधेरपि ॥२॥

(परिशिष्ट-१४)

मूलाधारे प्रसुप्ता साऽऽत्मशक्तिः ।
उन्निद्रिता विशुद्धे तिष्ठति मुक्तिरूपा पराशक्तिः ।

(परिशिष्ट-१५)

उन्निद्रिता = When in dynamic form.
ગુરુકૃપાથી યોગાભ્યાસ, તીવ્ર વૈરાગ્ય, જ્ઞાન-ભક્તિ,
પ્રાણાયામ, શક્તિપાત આદિથી જ્ઞાનવતી, ક્રિયાવતી
થયેલ પ્રસુપ્ત Stateમાંથી - Kinetic Stateમાં લઈ
જઈ કુંડલિની જાગ્રત થાય છે. ગુરુકૃપા વંદનીય છે.
કુંડલિની સ્વાધિષ્ઠાને ક્રિયારહિત હોય છે,
વિશુદ્ધચક્રમાં ક્રિયાશીલ હોય છે.
આજ્ઞાચક્રથી બ્રહ્મરંધ્રચક્રમાં પહોંચતા-પહોંચતા
કુંડલિની લયાવસ્થા પ્રાપ્ત કરે છે.
ઉપરાંત શરીરથી થતી ક્રિયાઓ અનેક પ્રકારની હોય છે:
કાયિક - વાચિક - માનસિક - સ્થૂલ - સૂક્ષ્મ આદિ.

ॐ

संस्कारतंत्र - शक्तितंत्र - नेच्छातंत्र ।

तद्भेदास्तु नेच्छातन्त्रा इति ।

प्राणापानयोरुत्थानाद् सुषुम्णां व्रजति ।

તેનો વેગ નેચ્છાતંત્ર છે.

પ્રાણ અને અપાનનું ઉત્થાન સુષુમ્ણાને પામે છે.

चक्राणि भिनत्ति । ततो नाडी शुद्धिः ।

प्राणमध्ये संचालयति प्राणान् ।

तदा प्राणायाम शुद्धिः । सा चतुर्विधा ।

ચક્રોને ભેદે છે. તેનાથી નાડી શુદ્ધિ થાય છે. પ્રાણ પ્રાણમય
કોષમાં સંચાર કરાવે છે, ત્યારે પ્રાણાયામની શુદ્ધિ થાય છે.

તે ચાર પ્રકારની છે.

સુષુમ્ણાના માર્ગનો વેધ થવાથી ચિત્તની લયાવસ્થા આવે,
ચિત્ત વિષયવિરક્ત બને છે તથા
ત્રણ ઉર્ધ્વગામી થવાથી ઇંદ્રિયો અંતર્મુખ થાય છે.

0 सिद्धमंत्राणामाविर्भावकात् संबोधात् ।

अष्टांगयोगसिद्धिश्च । महायोगादयो वा ।

दिव्यभावैर्युक्तो भवति ।

रौद्रादिभावैरपि संपन्नो भवति । भक्तश्च परमा-
विष्टो भवति । करोति सिद्ध दर्शनमिष्ट-दर्शनं चेति ।

ऊर्ध्व रेताश्च भवति ।

ॐ

o ગુણપ્રકર્ષરૂપતા, અચિન્ત્ય શક્તિયુક્તતા તથા
સર્વદા, પરાર્થરસિકતાદિ ગુણો વડે
વીતરાગ ભગવંતનું ધ્યાન સર્વ ઇષ્ટનું સાધક છે.
તેમાં હેતુ તેમનો તેવો સ્વભાવ જ છે.
જલ જેમ દાહ, તૃષા અને પંકને દૂર કરે છે,
તેમ અરિહંતોના ધ્યાનરૂપી જલથી કષાયનો દાહ,
વિષયની તૃષા અને કર્મનો કાદવ દૂર થાય જ છે.
દોષોનો નાશ, આવરણનો વિલય, બુદ્ધિનું તારતમ્ય,
વાણીની અપ્રામાણ્યકારિતા અને શાસ્ત્રની અવિસંવાદિતા
વડે વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી મહાપુરુષોની
સત્તા સુપ્રમાણ સાબીત થાય છે.
વાસણનો કાટ, સૂર્યનું વાદળ તથા વસ્ત્રનો મેલ
ઓછા થતા અંશે જે સામગ્રીથી દૂર થાય છે,
તે સામગ્રી પરિપૂર્ણ મળે તો સર્વદા, પૂર્ણ નાશ પામે છે.
કારણની હાનિથી કાર્યની હાનિ,
પ્રકર્ષનું પ્રતિષ્ઠાન પરિમાણની જેમ કે પછી
આકાશની જેમ કોઈ જગ્યાએ અવશ્ય થાય છે.

o

Turn towards the Divine and
all difficulties will disappear.

ॐ

## ૨૮ પાર્થિવ તત્ત્વો

૫ તન્માત્રા, ૪ અંતઃકરણ, ૫ ભૂત, ૨ કાળ - પ્રકૃતિ,
૫ જ્ઞાનેન્દ્રિય, ૨ પુરુષ - મહત્ત્વ, ૫ કર્મેન્દ્રિય.

## ૨૬ જળ તત્ત્વો

૫ ભૂત, ૧૦ વિષયો, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૧ મન.

## ૩૧ તૈજસ તત્ત્વો

૫ ભૂત, ૫ જ્ઞાનેન્દ્રિય વિષય, ૫ કર્મેન્દ્રિય વિષય,
૫ તન્માત્રા, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૧ મન.

## ૨૭ વાયુ તત્ત્વો

૫ તન્માત્રા, ૪ અંતઃકરણ,
૫ ભૂત, ૨ કાળ - પ્રકૃતિ,
૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૧ પુરુષ.

## ૩૬ આકાશ તત્ત્વો

શિવ, શક્તિ, સદાશિવ, ઈશ્વર,
શુદ્ધ વિદ્યા, અવિદ્યા, માયા,
રાગ, કલા, નિયતિ, પુરુષ,
પ્રકૃતિ, અહંકાર, બુદ્ધિ, મન = ૧૬
૫ ભૂત, ૫ તન્માત્રા,
૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય = ૨૦.

ૐ

## ૩૨ મનસ્તત્ત્વ

૪ વાક્શક્તિ : પરા, પશ્યન્તી, મધ્યમા, વૈખરી.
૫ ઇચ્છાશક્તિ : પરાકર્તું, કારયિતું, ઉપકર્તું, પ્રતિકર્તું, ઉદાસિતું.
૪ જ્ઞાનશક્તિ : જ્ઞાત, જ્ઞેય, જ્ઞપ્તિ, જ્ઞાન.
૭ ક્રિયાશક્તિ : ઇષ્ટ, પૂર્ત, સ્વાધ્યાય, જપ, પૂજા, તપ, દાન.
૪ કુંડલિની ભેદદશા : ઉન્મેષ, લય, પરાવૃત્તિ, વિશ્રાંતિ.
૮ અષ્ટવર્ગ માતૃકા : ક વર્ગાદિ ૮ વર્ગ સ્ફુટ.

## નવ વ્યૂહ

કાળ, ચિત્ત, નાદ, બિંદુ, આત્મ, જીવ, કાલ, કુલ, નામ.
કાળ = સંકલ્પ-વિકલ્પાત્મક, ચિત્ત = મન-બુદ્ધિ-અહંકાર
નાદ = પરા-પશ્યંતિ-મધ્યમા-વૈખરી, બિંદુ = બિંદુવિસર્ગ
આત્મ = બહિરાત્મા-અંતરાત્મા-પરાત્મા
જીવ = મનુષ્ય-પશુ-પક્ષી આદિ
કામરસ = ઉત્કટ ઇચ્છા, કામરસ્ય = ઉત્કટ ઇચ્છાવાળું.
શાક્તદર્શનમાં અધ્યાસ નથી.
પરમ શિવ એ બ્રહ્મ છે.
રાજરાજેશ્વરી પ્રકૃતિ પ્રપંચ છે.

ૐ

દિવ્યગુરુ - જે કાન અને મુખ (વાણી)
સિદ્ધગુરુ - જે આંખો અને લિંગ
માનવગુરુ - જે નાસિકા અને ગુદા
પરમગુરુ - ત્રણે દિવ્યગુરુ
ત્રણે સિદ્ધગુરુ
ત્રણે માનવગુરુ

| નવનાથના સમુદાયરૂપ હૃદય

ચિત્ત, બુદ્ધિ વગેરે જ્ઞાનના આધાર સ્થાનો હૃદયાન્તવર્તી છે, તેથી હૃદયસ્થાન પ્રાણિનું કારણ છે અને હૃદય એ જ ગુરુ છે. ત્રિપુરસુંદરી એ સોપાધિક આત્મા અને પરમ શિવ એ નિરૂપાધિક આત્મા છે. જીવન એક સાગર માનીએ તો ચાર પુરૂષાર્થમાં ધર્મ એ ઈક્ષુ, અર્થ એ ઈરા (ગોળ), કામ એ ઘૃત અને મોક્ષ પુરૂષાર્થ એ ક્ષીરસાગર રૂપ છે. હૃદય એ રત્નદ્વીપ, ત્વગાદિ ૭ ધાતુ - પ્રાણ - મન એ નવરત્નો,
મનમાં ઉત્પન્ન થતા સંકલ્પો એ કલ્પવૃક્ષો
અને મન એ કલ્પકોદ્યાન રૂપ છે.

જ્ઞાનરૂપી અર્ઘ્ય, જ્ઞેયરૂપી હવિ અને જ્ઞાતારૂપી હોતાના
એકીકરણને પૂજા મનાય છે.

0 ષડ્ ઋતુઓ = ષડ્રસ.
દશ સિદ્ધિઓ = નવરસ તથા નિયતિ.
આઠ માતૃકાઓ = ષડ્ઊર્મિ તથા પુણ્ય - પાપ.

ॐ

<u>૧૦ મુદ્રાઓ</u> = ષટ્ચક્ર, બે સહસ્ત્રદલ, લંબિકા અને
જ્ઞાનના સમુદાય રૂપી એક ચક્ર.

<u>૧૬ દેવતા</u> = ૫ ભૂત, ૧૦ ઇંદ્રિય, ૧ મન.

<u>અષ્ટદલ દેવતા</u> = કર્મેન્દ્રિયના પાંચ વિષયો તથા
બુદ્ધિના ૩ ભેદ : ત્યાગ, ગ્રહણ, ઉપેક્ષા.

<u>મૂલાધારથી બ્રહ્મરંધ્ર સુધામાં ૧૪ શક્તિ</u>

અલંબૂષા શક્તિ = બ્રહ્મરંધ્રથી ગુદા પર્યંત.

કુહૂ શક્તિ = મૂલાધારના ત્રિકોણથી લિંગના મૂલ પર્યંત.

વિશ્વોદરી શક્તિ = કુહૂની આગળ - પાછળ.

વારુણા શક્તિ = કુહૂની ડાબે - જમણે.

હસ્તિજિહ્વા શક્તિ = મૂલાધારથી પગના અંગુઠા સુધી.

યશસ્વતી શક્તિ = મૂલાધારથી પગના અંગુઠા સુધી.

પયસ્વિની શક્તિ = કાન સુધી.

શંખિની શક્તિ = કાન સુધી.

ગાંધારી, પૂષા શક્તિ = આંખો પર્યંત.

સરસ્વતી શક્તિ = જીભ સુધી.

ઇડા શક્તિ | સુષુમ્ણાની ડાબી - જમણી રહી.
પિંગલા શક્તિ | મૂલાધારથી નાસિકાગ્ર સુધી.

સુષુમ્ણા શક્તિ = મૂલાધારથી બ્રહ્મરંધ્ર પર્યંત.

ૐ

## બ્રહ્મગ્રંથિ

બધી નાડીઓમાં મણિપુર ચક્રની અંદરના મધ્યમાં સુષુમ્ણાનો નાડી કંદ જેવો ભાગ છે, તે 'બ્રહ્મગ્રંથિ'ની સંખ્યા અનંત છે. તેમાંથી તમામ નાડીઓ બ્રહ્મરંધ્ર સુધી વિસ્તરી, આખા શરીરમાં વિસ્તારથી ફરી વળે છે. તેની સંખ્યા અનંત છે તો પણ તેમાં ચૌદ મુખ્ય છે. તેના નામ અલંબુષા, કુહૂ ઈત્યાદિ છે. ચૌદમાં ત્રણ અને તેમાં એક સુષુમ્ણા મુખ્ય છે. આ સુષુમ્ણા બ્રહ્મલોકની પ્રાપ્તિ દ્વારા મુક્તિનો માર્ગ છે તથા તે સર્વ વિશ્વને ધારણ કરનાર છે.

સુષુમ્ણાના ડાબા ભાગમાં ઈડા, જમણા ભાગમાં પિંગળા,
પાછળ ભાગમાં સરસ્વતી, આગળ ભાગમાં કુહૂ છે.
ઈડાના પાછળ ભાગમાં ગાંધારી,
આગળ ભાગમાં હસ્તિજિહ્વા છે.
પિંગળાના પાછળ ભાગમાં પૂષા,
અને
ઈડા – પિંગળા – સુષુમ્ણાના
આગળ ભાગમાં યશસ્વિની નાડી આવેલી છે.
બધી નાડીઓમાં ૭૨૦૦૦ મુખ્ય છે,
પણ એ બધાનો આધાર તો સુષુમ્ણા નાડી જ છે.

ॐ

## નવનાડી તથા અન્ય નાડીઓનાં સ્થાન

હસ્તિજિહ્વા, કુહૂ, સરસ્વતી એ ત્રણ નાડીનું સ્થાન
શરીરના આગળ ભાગની પ્રથમ પંક્તિમાં છે.
ઈડા, સુષુમ્ણા, પિંગલાનું સ્થાન મધ્યભાગની પંક્તિમાં છે.
ગાંધારી, સરસ્વતી, પૂષાનું સ્થાન પાછલા ભાગની પંક્તિ છે.
હસ્તિજિહ્વા અને કુહૂની વચ્ચે વિશ્વોદરા, વારુણા,
પયસ્વિની, શંખિની અને અલંબુષા નાડીઓ સ્થિત છે.
હસ્તિજિહ્વા, વિશ્વોદરા, કુહૂ, વારુણા તથા યશસ્વિની
નાડીઓ આગળની પંક્તિમાં સ્થિત છે.
ગાંધારી, પયસ્વિની, સરસ્વતી, શંખિની અને પૂષા નાડી
પાછળની પંક્તિમાં સ્થિત છે.
સુષુમ્ણા નાડી કંદથી નિકળી બ્રહ્મરંધ્રમાં જાય છે.

## રૂપ - રસ - ગંધ - શબ્દનું કાર્ય

ગાંધારી - પૂષા બંને નેત્રમાં જઈને રૂપ ગ્રહણ કરે છે.
સરસ્વતી રસના વિષે જઈને રસ ગ્રહણ કરે છે.
ઈડા - પિંગલા નાડી ડાબા અને જમણા નસકોરામાં જઈને
ગંધ ગ્રહણ વ્યાપારને કરે છે.
શંખિની - યશસ્વિની ડાબા અને જમણા કાનને વિષે જઈને
શબ્દ ગ્રહણ કરે છે.

ॐ

## સર્વનાડીઓનો વ્યાપાર

હસ્તિજિહ્વા, પયસ્વિની ડાબા - જમણા પગના
અંગુઠા વિષે રહે છે તથા ગમન વ્યાપારને કરે છે.
અલંબુષા પાયુસ્થાને જઈને મળાદિ વિસર્જન કરે છે.
કુહુ ઉપસ્થ સ્થાને જઈ આનંદ વ્યાપાર કરે છે.
વિશ્વોદરા અને વારણા ડાબા - જમણા હસ્ત વિષે જઈને
વસ્તુ ગ્રહણ કરે છે.
ઉપરાંત બીજી અસંખ્ય નાડીઓ છે,
તેમાં પ્રાણવાયુ ભ્રમણ કરે છે.
પ્રાણોના ગમનરૂપ માર્ગરૂપતા એ સર્વનાડીઓનો વ્યાપાર છે.

## મેરુદંડ

મેરુદંડ કરોડના કુલ 33 મણકાઓનો બનેલો છે:
ગરદનના ૭, વાંસાના ૧૨, કમરના ૫, ત્રિકાસ્થિના ૫
તથા ગુદાસ્થિના ૪ ઝીણા મણકા મળી કુલ 33 મણકા છે.
મણકાઓનો આગલો ભાગ જાડો અને ચપટો છે.
તે કુર્ચાના સાધનથી સંધાયેલો છે.
મણકાઓનો પાછલો ભાગ કમાન જેવો રહેલ છે,
તેને ટોચ રહેલ છે.
આ બધા મણકા સંધાઈને મેરુદંડ બને છે.

ॐ

મણકાના નાળચાનો માર્ગ તે સુષુમ્ણાને રહેવાની પોલ છે.
તે ભૂંગળીની પેઠે રહે છે.
મેરૂની બંને બાજુએ મણકાની
વચમાં માર્ગ રહેવાથી જે છિદ્રો હોય છે,
તેમાંથી જ સુષુમ્ણાના તંતુઓ બહાર આવે છે.
બધા મણકાઓના સૂક્ષ્મ પોલાણમાં સૂક્ષ્મ ચેતનચક્રો હોય છે.
સુષુમ્ણા કંદ વીરોલાના સેતુ સાથે જોડાયેલી છે.

લલિતા = આનંદપૂર્ણ સ્વાત્મા

અંતઃકરણ (ચિત્તવૃત્તિઓ)થી વ્યાપ્ત આત્મા ઉપાસક, અંતઃકરણની ઈતરવૃત્તિઓથી રહિત કેવળ આનંદમય લલિતા ઉપાસ્ય છે અને આનંદમય ઉપાધિથી પણ રહિત નિરૂપાધિક એ તો પરમશિવ છે. એક જ આત્મા પૂજક, પૂજ્ય, પરમશિવ રૂપે જોવો તે જ શ્રી ચક્રપૂજન છે.

તર્પણ - અભેદત્વનું ચિન્તન તે.

ઉપચાર પૂજા - અભેદ ચિંતવનની ક્રિયા તે.

હોમ - અહંતા, અસ્તિ, નાસ્તિ, વિધિ, નિષેધ, ઉપાસ્ય, ઉપાસક ઈત્યાદિ વિકલ્પોનું વિલયન, વિલોપન, લય તે.

સિદ્ધિ - અનન્ય ચિત્તવાળા થવું તે અથવા તો આત્મા, લલિતા તથા કામેશ્વરમાંથી સાધકની ભેદબુદ્ધિ જતી રહે તે.

શ્રી ચક્રપૂજન - કાળચક્ર, દશાની અવસ્થાનું અતિત્વ તે.

ૐ

માતા સ્વાત્મા ભવેજ્જ્ઞાનમર્ઘ્યં સોઽહં હવિઃ સ્મૃતમ્ ।
શ્રી ચક્રપૂજનં સોઽહં તેષામેકીકરણમીરિતમ્ ॥
(પરિશિષ્ટ-૧૬)

અભેદ ભાવના અધિકારી ભેદથી ત્રણ પ્રકારે છે:
સકલ, સકલનિષ્કલ અને નિષ્કલ.
નિષ્કલ ભાવના ઉત્તમ અધિકારી માટે છે.
કેવલ મહાબિંદુમાં જ બિંદુ આદિ નવચક્રોના પારસ્પરિક
ભેદ વિના જ નિર્વિષયક સંવિન્માત્રાત્મક - ચિત્સ્વરૂપ
કામકલાની ભાવના કરવાની હોય છે.
આ સર્વોત્તમ સાધના છે.
મધ્યમ શ્રેણીના સાધક માટે
બિંદુથી લઈ અર્ધચંદ્ર, પાદચંદ્ર, કલાચંદ્ર,
નાદ, શક્તિ, વ્યાપિકા, રોધિની, સમના, ઉન્મના આદિ
નવચક્રોમાં આના બિંદુ આદિ
નવચક્રોની ઐક્યભાવના કરવી પડે છે.
તૃતીય શ્રેણીના ઉપાસકને
શરીરચક્રો સાથે ઐક્યભાવના કરવા પડે છે.
આ ભાવના ભેદથી અધિકારી પણ
વિરાટ, કેવલશુદ્ધ, અશુદ્ધ - એમ ત્રણ પ્રકારનાં છે.

ॐ

## ઉપાસના કરતાં બે વસ્તુ

(૧) ઉપાસ્ય દૈવત (૨) દૈવતની કૃપા મેળવવાનું વિધાન.
જગતની ઉત્પત્તિ વાક્‌રૂપે અને અર્થરૂપે ગણાય છે.

વાક્ નિર્મિતી : વર્ણ, પદ, મંત્ર.

અર્થ નિર્મિતી : કલા, તત્ત્વ, ભુવન.

અશેષવાચ્યવાચકાત્મકં જગત્ । અર્થાત્ : સંપૂર્ણ જગત વાચ્ય (પદાર્થો) અને વાચક (તે બતાવનાર શબ્દો) મય છે.

અર્થ વાચ્ય અને વાક્ વાચક છે.

એને 'અધ્વષટ્ક' પણ કહેવાય છે અને
આજ રીતે પાંચ ભૂત અને મળ કહે છે.

શિવભાવને પામે ત્યારે શિવત્વનો સંકોચ થાય છે. તેના ત્રણ કારણોને 'મળ' કહે છે: આણવ, માયીય અને કાર્મ. શિવ ષડ્‌ગુણ ઐશ્વર્ય સંપન્ન છે. સર્વજ્ઞતા, નિત્યતૃપ્તિ, અનાદિબોધ, સ્વતંત્રતા, અલુપ્તશક્તિત્વ, અનંતશક્તિત્વ આ બધા ગુણો જીવમાં અતિઅલ્પ પ્રમાણમાં રહેલા હોય છે. શિવ અગ્નિની જ્વાળાઓ અને જીવ સ્ફુલિંગ સદૃશ છે. 'સ્વાતન્ત્ર્યં પુનઃ યો હિ તથા બુભૂષુઃ ન પ્રતિહન્યતે સઃ।' અર્થાત્ : જે તેવા પ્રકારના ગુણોવાળો હોય તે કોઈથી હણાય નહીં. આવું સ્વાતંત્ર્ય શિવનું હોય છે.

ॐ

આવા રીતે જીવ અને જગત શિવશક્તિમય હોવાથી
અહીં એકરૂપ જ છે. એ જ છે ખરું અદ્વૈત.
આ પ્રકારના અદ્વૈતની સિદ્ધિ એ જ ઉપાસનાનું ધ્યેય.
ઉપાસના વિના અદ્વૈત સિદ્ધિ થતી નથી.
તેના અધિકારી વિરલા છે.
નિષ્કામ ઉપાસના જ અદ્વૈતમાર્ગ છે, જે સૌને સુલભ નથી.
તેનો અધિકાર મેળવવા સકામ ઉપાસનાના પગથિયાં છે.
બહૂનાં જન્મનામન્તે (ઘણા જન્મો પછી)
નિષ્કામ ઉપાસનાનો અધિકાર મળે છે.

## પરોપકાર

'પરોપકારથી અનુબંધ પડે છે.'
અહીં બધાજ શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે નજરે પડે છે,
એથી સાધન તરીકે પરોપકારની મુખ્યતા બતાવી છે.
નિઃસ્વાર્થ પરોપકાર કરવો તે પણ એક પ્રકારે તો
નિષ્કામ ઉપાસના જ છે, માટે તેમાં નિરત જ રહેવું.

o There are only two vital things in life, one is work & the other is love.
Ours is to do and die,
and not to question why?

ૐ

## મંત્રયોગ

પદ એટલે શબ્દ અથવા વર્ણોનો સમૂહ,
જે અર્થનો વાચક અથવા દ્યોતક હોય તે.
સિદ્ધાંત રૂપ સમુદ્રથી ઉત્પન્ન થયેલ કોઈપણ અક્ષર કે
પદ ગ્રન્થકાર મહર્ષિને પદસ્થ ધ્યાન માટે અપેક્ષિત છે,
તેટલું જ નહિ પણ પુષ્કળ ઉદારતા રાખીને
ગ્રન્થકાર જણાવે છે કે:
કોઈપણ પદ અથવા અક્ષર કે જેનું આલંબન લઈને
મનન અથવા ચિન્તન કરવાથી યોગી રાગરહિત થાય
અને પરમપદ પામે તેનું ધ્યાન સમુચિત છે. મંત્રયોગનો
જુદે-જુદે સ્થળે તથા જુદા-જુદા અર્થમાં ઉપયોગ થયો
છે, છતાં તેનો મુખ્ય આશય તો મંત્રાક્ષરોમાં મન દ્વારા
જીવાત્માનો પરમાત્મા સાથે ઐક્ય સાધવાનો જ છે.
આ કારણે મંત્રપદના ઉત્કૃષ્ટ અર્થમાં
જો પદ સ્વીકારવામાં આવે તો તે ગ્રાહ્ય છે.
વાક્યનો આધાર જેમ 'પદ' ઉપર છે,
તેમ પદનો આધાર 'વર્ણ' ઉપર છે.
વર્ણ જો પરિષ્કારસહિત હોય તો તે મંત્રનું કાર્ય કરી
શકે છે, કારણકે એકલો વર્ણ અર્થક્રિયા રહિત છે.

ॐ

विना प्राणं यथा देहः सर्व कार्येषु न क्षमः ।
विना प्राणं तथा मंत्रः पुरश्चर्या-शतैरपि ॥
मंत्रार्थं मंत्र चैतन्यं यो न जानाति साधकः ।
शतलक्षं प्रजप्तोऽपि तस्य मंत्रो न सिध्यति ॥

(परिशिष्ट-१७)

મંત્ર પ્રતિપાદિત દેવ એ મંત્રનો અર્થ છે.
વાચકની સાથે વાચ્યનો નિત્ય સંબંધ છે.
મંત્ર દ્વારા એ સંબંધ પ્રકટ થાય છે.
મંત્રજપ અને તત્પ્રતિપાદિત દેવતાના ધ્યાન દ્વારા
મનની એકાગ્રતા થાય છે અને પછી પોતાના આત્મામાં
તે દેવતાનું દર્શન અથવા પ્રકાશ થાય છે.

प्रणवस्यजपः, प्रणवाभिधेयस्य च ईश्वरस्य भावना ।
तदस्य योगिनः जपतः प्रणवार्थं च भावयतश्चित्तं
एकाग्रं संपद्यते । - <u>योगभाष्य</u> (परिशिष्ट-१८)

प्राणान् सर्वान् परमात्मनि प्रणामयतीत्येतस्मात् प्रणवः। - <u>अथर्वशिरस्योपनिषद्</u>

અર્થાત્ જેના દ્વારા સર્વ પ્રાણવૃત્તિ
પરમાત્મામાં લીન થાય તે 'પ્રણવ' છે.
અહીં પોતાના ઇષ્ટમંત્રને જ પ્રણવનું નામ આપ્યું છે.

ॐ

'येन मार्गेण गंतव्यं ब्रह्मस्थानं निरामयम् ।
मुखेनाच्छाद्य तद्द्वारं प्रसुप्ता परमेश्वरी ॥'

(परिशिष्ट-१९)

'मूलाधारे सर्पवत्कुंडली भूता नाडी वर्तते
तन्मध्ये स्थापित्वात् इदं कुण्डली ।'

- शारदातिलकटीका (परिशिष्ट-२०)

ધા + રા = રા + ધા

કુંડલિની શક્તિ મેઘની વચ્ચે રહેલી નવીન
વિદ્યુતમાળાની જેમ વિરાજમાન છે.

ऊर्ध्वशक्ति र्भवेत् कंठं अधः शक्ति र्भवेद् गुदः
मध्यशक्ति र्भवेद् नाभिः शक्त्यातीतं निरंजनः ।

મૂળાધારથી નાભિચક્ર પર્યંત ઇચ્છાશક્તિ રૂપ કાળી,
એને અધઃશક્તિ કહે છે.

નાભિથી કંઠચક્ર પર્યંત ક્રિયાશક્તિરૂપ મહાલક્ષ્મીશક્તિને
વૈષ્ણવીશક્તિ યા મધ્યશક્તિ કહે છે.

કંઠચક્રથી આજ્ઞાચક્ર પર્યંત જ્ઞાનશક્તિરૂપ
શિવશક્તિને ઊર્ધ્વશક્તિ કહે છે.

એની ઉપરાંત શક્તિથી પર
નિરંજન - નિર્ગુણ બ્રહ્મનું સ્થાન છે.

ત્રિકુટી = ત્રિવેણી, ઇડા - પિંગળા - સુષુમ્ણા ત્રણેની એકતા.

આરાધક પદ્ધતિ સગુણ-બ્રહ્મનું સ્થાન છે.
ત્યાં મનનો નિરોધ કરવાથી સાધકને આદિ કારણની
ઉપલબ્ધિ થવાથી આ સ્થાને સવિકલ્પ સમાધિ થાય છે.
संकल्पजाले गलिते स्वरूपमवशिष्यते । -महोपनिषद्
યોગથી ચિત્તની ચંચળતા અને
જ્ઞાનથી ચિત્તની સંશયાત્મકતા નાશ થાય છે.
બે પ્રકારે સંશય: પ્રમાણગત અને પ્રમેયગત.
પહેલો શાસ્ત્રાભ્યાસથી, બીજો યોગાભ્યાસથી જાય છે.
અખંડ વસ્તુ એ વાસ્તવ તત્ત્વ છે.
એના જ્ઞાનને 'તત્ત્વજ્ઞાન' કહે છે.
અખંડ ચૈતન્યરૂપ એ તત્ત્વને
ભક્તલોક ભગવાન, જ્ઞાનીલોક બ્રહ્મ
અને યોગીલોક પરમાત્મતત્ત્વ કહે છે.
'अस्ति ब्रह्मेति चेद्वेद परोक्ष ज्ञानमेव तत्
अहं ब्रह्मेति चेद्वेद अपरोक्षं तदुच्यते ॥' (परिशिष्ट-२१)
ગુરૂપદિષ્ટ સાધનાદિ દ્વારા ચિત્તશુદ્ધિ થયા વિના કેવળ
શાસ્ત્ર શ્રવણ અને અધ્યયનાદિ દ્વારા સ્વયં
પ્રકાશ સ્વરૂપ આત્માની અપરોક્ષાનુભૂતિ થતી નથી.
'स्वात्म प्रकाश रूपं तत् किं शास्त्रेण प्रकाश्यते।'

ॐ

o ભૂગોળ અને નક્શાદિ દેશોને જણાવે તે પરોક્ષ છે.
જાતે જઈને જોવે તે અપરોક્ષ છે.
પરોક્ષજ્ઞાન શાસ્ત્રાદિ અને અપરોક્ષજ્ઞાન યોગાદિ કરાવે છે.
યોગાદિ વિધિ અને શરણાદિ સાધના બોધ કરાવે છે.

વિક્ષેપ અને ચિત્ત ચાંચલ્યને દૂર કરવા

આસનાદિ શરીર સ્થિરતા, મુદ્રાદિ શરીર દૃઢતા,
પ્રાણાયામાદિ શરીરલઘુતા,
પ્રત્યાહારાદિ ચિત્તની નાડીશુદ્ધિ તથા અંતર્મુખી ગતિ,
ધારણા - ધ્યાનાદિ ચિત્તની એકાગ્રતા અને
સમાધિથી ચિત્ત - મનનો નિરોધ થાય છે.
શબ્દફળ = વેદોક્ત કર્મકાંડ, પરફળ = નિર્વાણ.

યોગ અર્થાત્...

પ્રાણાપાનની, રજોવીર્યની, સૂર્યચંદ્રની, જીવશિવની એકતા.
ગુહ્ય દેશસ્થ રક્તવર્ણ શક્તિ રજ,
તાલુ દેશસ્થ શુક્લવર્ણ શક્તિ વીર્ય,
નાભિસ્થ સૂર્ય - મસ્તકસ્થ ચંદ્ર.
'ન યોગો નભસઃ પૃષ્ઠે ન ભૂમૌ ન રસાતલે ઐક્યં
જીવાત્મનોરાહુર્યોગં યોગવિશારદાઃ ।' (પરિશિષ્ટ-૨૨)
જીવાત્મા - પરમાત્માનું ઐક્ય સાધન
ચિત્ત ચૈતન્ય સ્વરૂપ આત્માની ઉપાધિ છે.

ॐ

ઉપાધિના ભેદ થવાથી ઉપહિતનું સ્વરૂપ પ્રગટ થાય છે.

દૃશ્ય જગતમાં ભિન્ન ભિન્ન નામ-રૂપ છે.

તેના એકીકરણને - એકમાં ભળવાના ભેદને 'યોગ' કહે છે.

નામ-રૂપ-ચિત્તમાં વર્તમાન છે,

તેથી ચિત્ત વૃત્તિ નિરોધ એ યોગ છે.

સર્વ અનર્થોનું મૂળ ચિત્ત છે,

તેની ચિકિત્સા એ યોગનું પ્રયોજન છે.

चित्तं प्राणेन संबद्धं सर्वजीवेषु संस्थितं ।
रज्वा यद्वत्सुसंबद्धः पक्षी तद्वदिदं मनः ॥१॥
नानाविधैर्विचारैस्तु न बाध्यं जायते मनः ।
तस्मात्तस्य जयोपायः प्राण एव हि नान्यथा ॥२॥
तर्कैर्जल्पैः शास्त्रजालैर्युक्तिभिर्मन्त्रभेषजैः ।
न वशी जायते प्राणो सिद्धोपायं विना विधेः ॥३॥

(પરિશિષ્ટ-૨૩)

સિદ્ધોપાય, સિદ્ધમાર્ગ, સિદ્ધયોગ એ બધું એક જ છે.

દિવ્યજ્ઞાન એટલે અખંડ ચૈતન્યનો બોધ.

ત્રણ ગ્રન્થિ એટલે સત્ત્વ-રજ-તમ, બ્રહ્મા-વિષ્ણુ-રુદ્ર.

પક્ષી સ્પર્શ વડે, મત્સ્ય દૃષ્ટિ વડે, કૂર્મ ચિન્તન વડે
અને ગુરુ વાક્ય વડે - એમ અનુક્રમે આવે છે.

ॐ

ऊँ ह्रीँ  सत्संग, दे स्तु-१४

## तीर्थंकर भगवंतोनी विशेषता

सिद्ध भगवंतो शुद्धात्म स्वरूप छे. अरिहंत भगवंतो सिवाय बाकी संसारी जीवो अशुद्धात्म स्वरूप छे. तीर्थंकर भगवंतोनुं आत्मस्वरूप शुद्ध होवा छतां तीर्थंकर नामकर्मनी पुण्य प्रकृति जोडायेलुं छे. अन्य संसारी आत्मा पाप-पुण्य उभयथी जोडायेलां छे. तीर्थंकरना आत्माओने बंध, उदय, उदीरणा के सत्ता चारे प्रकारोमांथी एके प्रकारे पापप्रकृति छे ज नहि, तीर्थंकरोने तो मात्र ने मात्र पुण्यप्रकृतिनुं जोडाण छे.

## तीर्थंकरोनी ३३ पुण्यप्रकृति

शाता वेदनीय, उच्चगोत्र, मनुष्यद्विक, पंचेन्द्रिय जाति, त्रण शरीर, औदारिक अंगोपांग, प्रथम संघयण-संस्थान, शुभ वर्ण चतुष्क, अगुरु-लघु, नर आयु, तीर्थंकरत्व, पराघात, श्वासोश्वास, शुभविहायोगति, निर्माण, त्रसदशक, त्रस, बादर, पर्याप्त, प्रत्येक, स्थिर, शुभ कर्म, सुभग, सुस्वर, आदेय, यश. आ तेत्रीस पुण्यप्रकृतिना उदयमां सौथी श्रेष्ठ तीर्थंकर नामकर्मनी पुण्यप्रकृति ज छे. बाकी प्रकृतिओ शरीरना नाश साथे नाश पामे छे.

ॐ

એક તીર્થંકર નામકર્મની પ્રકૃતિ જ એવી છે કે જેના
વિપાકોદય વખતે જે તીર્થની સ્થાપના થાય છે,
તે તીર્થ કાયમ રહે છે.

પ્રથમ ગણધર, દ્વાદશાંગી, તેના આધારરૂપ ચતુર્વિધસંઘ ને
તેમની મોક્ષમાર્ગની આરાધના, એ સઘળું તીર્થસ્વરૂપ છે.

તીર્થની ઉત્પત્તિનું કારણ કેવળ તીર્થંકરોના શુદ્ધાત્મા
નહિ, કિન્તુ 'સવિ જીવ કરૂં શાસનરસી' ભાવનાથી નિકાચિત
કરેલું તીર્થંકર નામકર્મ અને તેનો વિપાકોદય પણ છે.

મોક્ષનાં સુખ સિદ્ધશિલા પર - મોક્ષનો માર્ગ સંસારમાં છે.
એ માર્ગની ઉત્પત્તિનું મૂળકારણ તીર્થંકર નામકર્મ છે.
તેના મૂળમાં સર્વ જીવોના કલ્યાણની ભાવના
અને ફળમાં સર્વ જીવોનું કલ્યાણ
જેનાથી થાય તેવા મોક્ષમાર્ગની રચના છે.

જીવોનું કલ્યાણ આસ્રવના ત્યાગ - સંવરના ગ્રહણમાં છે.
અન્ય જીવોની પીડા એ આસ્રવ છે.
એ પીડાનો પરિહાર અન્ય જીવો પ્રત્યેનો ઉપકાર છે,
તેથી પરોપકાર એ સંવર છે.

પરઉપકારની સાધના સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં
આજે થઈ રહી છે, તેના મૂળમાં તીર્થંકરત્વ છે.

ૐ

ધર્મ સાધનાના ફળરૂપે સંસારમાં મળતાં સુખ અને
મોક્ષના સુખ એ બધાનાં મૂળમાં પણ તીર્થંકરત્વ છે.
તીર્થંકરત્વની આરાધના એ જ સુખની આરાધના અને
વિરાધના એ સુખની વિરાધના - દુઃખની આરાધના છે.
તીર્થંકરત્વને છોડીને તેના ફળરૂપે ઉત્પન્ન થયેલાં
પ્રતીકોની આરાધના એ સુખને આપે છે,
પણ તેનો અનુબંધ પડતો નથી.

અનુબંધ પાડવા માટે ધર્મની પ્રત્યેક આરાધનાની પાછળ
તીર્થંકરોની આજ્ઞાનું આરાધન થાય છે, એવું પ્રણિધાન
જોઈએ. તીર્થંકરોની આજ્ઞાનું બહુમાન કેળવ્યા વિના, તેના
ઉપર કૃતજ્ઞતા ભાવ દર્શાવ્યા સિવાય ગમે તેટલી સાધના
થાય તો પણ તે ઐક્યતાનો વિસ્તાર કરી શકતી નથી.
તે વિસ્તાર કરવા માટે જેનાથી ઉપકાર થઈ રહ્યો છે,
સઘળાં ઉપકારનું જેઓ મૂળ છે, તેના પ્રત્યે નમ્રતા,
કૃતજ્ઞતા, ભક્તિભાવ, આદર, બહુમાનાદિ આવશ્યક છે,
તીર્થંકર નામકર્મ જગદુપકારક અને જગદુદ્ધારક છે,
તેથી તેને અને તેને ધારણ કરનાર તીર્થંકર ભગવંતોને
સર્વ જીવોના હિતકારી, સુખકારી તરીકે અંગીકાર કરીને
તેના જ એક સેવામાં જીવનની સફળતા સ્વીકારવી.

ॐ

## નમસ્કાર અને નમસ્કાર્ય

(૧) નમસ્કારના સ્વામી નમસ્કાર્ય છે.
દાન કરાયા પછી વસ્તુ દાતારની નહિ, પણ ગ્રાહકની છે.

(૨) પુરુષની પ્રતીતિ કરાવે છે, માટે પુરુષનો ધર્મ છે.
જેમ કે ઘટનું રૂપ એ ઘટનો ધર્મ છે.

(૩) ઘટ નિમિત્તે ઉત્પન્ન થતું ઘટજ્ઞાન
અને ઘટ અભિધાન એ બેય ઘટનું કહેવાય છે,
તેમ નમસ્કાર્યના નિમિત્તે ઉત્પન્ન થનાર
નમસ્કારનો પરિણામ પણ
નમસ્કાર્યનો જ પર્યાય માનવો જોઈએ.

(૪) નમસ્કાર કરનાર દાસત્વ પામે છે, તેથી પણ
નમસ્કાર પર અધિકાર તેનો નહિ, પણ સ્વીકારનારનો છે.

: હેતુ, સ્વરૂપ, ફળ, કર્તા, કર્મ :

(૧) દાન : કરનારને આધીન છે, માટે નમસ્કાર કરનારનો છે.
(૨) સામર્થ્ય : કરનારના ગુણ જ્ઞાન ક્રિયા શબ્દરૂપ છે, માટે નમસ્કાર કરનારનો છે.
(૩) ધ્યેય : ફળનો ભોક્તા કરનાર છે.
(૪) હેતુ : ક્ષયોપશમ કરનારમાં છે.
(૫) અભિધેય : કરનારના પરિણામરૂપ છે.

ॐ

<u>મહાપુરુષના અંતરમાં જે ઇચ્છા છે:</u>

એક વર્તમાનમાં છે તે આપી દેવાની અને બીજી
પોતાનું મૂળસ્વરૂપ મેળવવા વિભાવનો પરિત્યાગ કરવાની.
સ્વભાવને પામવાની જ્યાં સુધી તેની આ બે ઇચ્છાઓ
સિદ્ધ ન થાય ત્યાં સુધી તેને ક્ષણવારનું પણ ચેન નથી.

એ <u>ઇચ્છાઓ ટાળવા માટેના જે સાચા ઉપાયનાં નામ</u>:
નવકાર અને સામાયિક અથવા સમર્પણ અને સમતા.

સંસારના રાગ-દ્વેષ પર રહીને જેઓ
પરમાત્મ સંગે તાદાત્મ્ય સાધવા માટેનું જીવન જીવે છે,
તથા જેઓ રાગ-દ્વેષ પર રહીને
ત્યાગ અને વૈરાગ્ય અપનાવે છે, એવા જ
લોકો સમાજમાં પૂજનીય ગણાતા રહ્યા છે.

<u>અસંતોષ એક અવગુણ</u>

અસંતોષીને આંગણે કલ્પવૃક્ષ રહે તો તે પણ
અસંતોષની આગને કારણે બાવળીયો બની જાય છે.
જ્યારે સંતોષીને આંગણે ઉગેલો બાવળીયો સંતોષના
સુધાસિંચનને કારણે બાવળીયો મટીને કલ્પવૃક્ષ બની રહે છે.

નબળા જુસ્સાથી વાત કરે, તો નબળા ગુસ્સાથી,
પણ આપણે તો સમ રહેવું.

ॐ

## ધર્મનો સાર

ચારિત્રનિષ્ઠા, ઈશ્વરશ્રદ્ધા અને દેહમાં આત્માનું ભાન એ
ધર્મનો સાર છે અને તે સંતપુરુષોના સંસર્ગથી મળે છે.

ચિત્તશુદ્ધિનાં સાધનો એ ખરો ધર્મ છે.

નૈતિક દૃષ્ટિથી કોઈપણ ધર્મનો સિદ્ધાંત
ખોટો લાગે તો ઉખાડી ફેંકવો જોઈએ.

અંતઃકરણની સમાહિત અવસ્થા
તે જ વાસ્તવિક રીતે પ્રભુપૂજન છે.

ભગવાન સંબંધી ગૂઢ રહસ્ય
ભગવત્ સંબંધી ભક્ત દ્વારા જ જાણી શકાય છે.

સાચું શિક્ષણ તે સાહિત્યનો વિષય નહિ.

જે શિક્ષણ આપણું જ ધર્મનું પાલન કરવાની
હિમાયત અગર આગ્રહ રાખે છે,
એવા ધાર્મિક શિક્ષણને કેળવણીમાં સ્થાન નહિ.

મુસીબતો માનવીને મહાન બનવાની ઉત્તમ તક આપે.

o

What you do not wish others should do
unto you, you do not do unto them.
Do unto others as you would have
others do unto you.

ॐ

ઈશ્વરાર્પણ બુદ્ધિ થી પ્રત્યેક કર્મ જીવને બંધનથી
મુક્ત કરે છે. તેમાં સફળતાનો કે પતનનો ભય નથી.

કર્મ તો પ્રત્યેક જીવને થયા જ કરવું હોય છે,
માત્ર તેમાં કર્તૃત્વ બુદ્ધિ અને કર્મફળ ભોક્તૃત્વ બુદ્ધિનો
નાશ કરવાનો છે. કર્તૃત્વ પણ ઈશ્વરને અને ભોક્તૃત્વ
પણ ઈશ્વરને સમર્પણ કરવાનું છે. કર્મનો કરનાર
પોતે નથી, પણ અંતરાત્માનો પ્રેર્યો અને કોઈ અદૃશ્ય
સંજોગોને વશ થઈને કરે છે. એ જ જીવનું અકર્તૃત્વ છે.

કર્મફળનો ભોગવટો પોતાને તો જ થાય,
કે જો તેમાં પોતે રાગ-દ્વેષ કરે.

કર્મ પોતાના નિયમ મુજબ ફળ આપે છે.
એમાં પોતાને હર્ષ કે શોક કરવાનું રહે છે જ ક્યાં?
માત્ર એ નિયમનું જ્ઞાન કરવાનું રહે છે અને
એની અદ્ભુતતાના આશ્ચર્યનો રસ અનુભવવાનો રહે છે.

o દરેક માણસે પોતામાં જે સારું છે, તે બીજા પર લાદવાનો
પ્રયત્ન ન કરવો જોઈએ. તેમાં બીજાનું ભલું કરવા કરતાં
આપણી અહંભાવ પોષવાનું તત્ત્વ વધારે રહેલું છે.

આપણે જેને સારું માનતા હોઈએ તે
આપણા સંબંધીઓને કદાચ એટલું સારું નયે લાગતું હોય.

ॐ

## સુખ થવાનો સરળ રસ્તો

'પોતાની રીતે જીવો અને સૌને તેમની રીતે જીવવા દો.'

ભગવાન આપણા વિષે શું ધારે છે તેનું કે ભગવાન
આપણા માટે શું કરે છે, તેનું એ મહત્વ નથી, પણ
ભગવાન માટે આપણા મનમાં શું પડ્યું છે અને
ભગવાન માટે આપણે કેટલું કરીએ છીએ,
તે જ મહત્વનું છે.

ભગવાનની પ્રાર્થના શુદ્ધ અંતઃકરણથી અને
ખરા ભાવથી કરશો તો સર્વ સંકટ જરૂર ટળી જશે.

શ્રદ્ધા આંતરભાવ - આત્મભાવની વૃદ્ધિ તથા
બુદ્ધિ બાહ્યભાવ - સ્વાર્થભાવની વૃદ્ધિ થાય છે.

૦ તમારા શત્રુના ભાતનું તપેલું કદી ફોડશો નહિ.
Never break your enemy's rice bowl.

અનાજ શરીરનો ખોરાક - ધર્મ આત્માનો ખોરાક છે.
શરીર એ ધર્મનું પ્રથમ સાધન છે.

અનાત્મમાં આત્મબુદ્ધિ રૂપ કારણશરીર સૂક્ષ્મ અને
સ્થૂળ શરીરમાં અહં-મમ બુદ્ધિ પેદા કરે છે.
પાંચ પ્રાણ મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત
તથા ૧૧ ઇંદ્રિય એ સૂક્ષ્મ શરીર છે.

ૐ

સ્થૂળ શરીર દ્વારા થતી ક્રિયાઓ

સ્થૂળ શરીર આહાર ગ્રહણ કરે છે અને
હાથ વડે કવલ લઈને મોઢામાં મૂકી,
દાંતથી ચાવવા સુધીની ક્રિયા સ્થૂળ શરીર કરે છે.

સૂક્ષ્મ શરીર દ્વારા થતી ક્રિયાઓ

જીભ સ્વાદ ગ્રહણ કરે છે,
પ્રાણ તૃપ્તિને અનુભવે છે,
મન-બુદ્ધિ આનંદ પામે છે,
એ બધી સૂક્ષ્મ શરીરની ક્રિયા છે.

તેમાં અવિદ્યા રાગ-દ્વેષ તથા કર્મનું બંધન કરાવી જન્મ-મરણના ફેરા ફેરવે છે. તેમાંથી મુક્ત થવાની કામનાવાળાએ
અવિદ્યારૂપી જન્મ-મરણના આદ્ય કારણરૂપ
કારણશરીરનો નાશ કરવા માટે
'ત્રણે શરીરથી ભિન્ન એવું પોતાનું શુદ્ધસ્વરૂપ શું છે?'
તેની જિજ્ઞાસા ધારણ કરી, જ્ઞાન મેળવી,
તદનુસાર ચિંતન-મનન દ્વારા કારણશરીરથી અને તે
દ્વારા અનુક્રમે સૂક્ષ્મ અને સ્થૂળશરીરથી મુક્તિ મેળવવી
એ જ ચરમ અને પરમ પુરુષાર્થ છે.
એ કાર્ય માટે વપરાતો માનવજન્મ એ સાર્થક છે.

ૐ

## અષ્ટાર દેવતા

શાન, ઉષ્ણ, સુખ, દુઃખ, ઇચ્છા, સત્વ, રજતમસ.

## ત્રિકોણ દેવતા

આત્મન, બુદ્ધિ, અહંકાર, કામેશ્વરી, વજ્રેશ્વરી, ભગમાલિની.

## બહિર્દશાર દેવતા

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાણ | અપાન | વ્યાન | ઉદાન | સમાન |
| નાગ | કૂર્મ | કૃકર | દેવદત્ત | ધનંજય |

## અંતર્દશાર દેવતા

પ્રાણાદિ પાંચ મહાવાયુ તથા નાગાદિ પાંચ ઉપવાયુના કારણે ઉત્પન્ન થાય રેચકાદિ <u>10 વહ્નિકલા</u> એટલે કે

રેચક, પાચક, શોષક, દાહક, પ્લાવક,

ક્ષારક, ક્ષોભક, જૃંભક, ઉદ્ગારક તથા મોહક.

પંચવિધં - અન્નં પાચયતિ ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય, લેહ્ય, પેય.

## પાંચ પ્રકારના વચન

ઇચ્છાપ્રધાન - May I ? Will you ?

નિષેધ પ્રધાન - Beg your pardon.

આરતાપ્રધાન - I am really sorry.

આવશ્યકી પ્રધાન - We are obliged.

નૈમિત્તિકી પ્રધાન - Work while you work.

ॐ

जयणा य धम्मजणणी, जयणा धम्मस्सपालणी होइ ।
तव वुड्ढीकरी जयणा, एगंत सुहावहा जयणा ॥१॥
जयणाइ वट्टमाणो, जीवो सम्मत्तनाणचरणाणं ।
सद्धा बोहण सेवणाआवणाराहओ होइ ॥२॥

(परिशिष्ट-२४)

o "હે જિનવર! આપ કેટલા ભોળા છો કે
એક જ ફૂલને માટે સિદ્ધિ સુખ આપો છો !"
આ શ્લોક નવ વાર બોલનાર શ્રાવકને
શત્રુંજય તીર્થમાં રાજા કુમારપાળે નવ હજાર આપ્યા હતા.

– કુમારપાળ પ્રબંધ

o ચિત્રોનું માહાત્મ્ય

જે જ્ઞાન શબ્દો દ્વારા આપી શકાય છે,
તે પુસ્તકોમાં રહેલ છે,
પરન્તુ જે સમજ શબ્દો દ્વારા આપી શકાતી નથી,
તે કામ ચિત્રો દ્વારા થઈ શકે છે.
One picture is worth 10,000 words.
જ્ઞાનનાં ગૂઢતમ રહસ્યો સમજાવવા માટે દરેક દેશના
વિદ્વાનોએ સાંકેતિક ગૂઢાક્ષરો વડે, ગૂઢ શબ્દો - રૂપકો
વડે અને કથાઓ તથા મૂર્તિઓ વડે પ્રયાસ કર્યો છે, પરન્તુ

એ સર્વમાં આર્ય મહર્ષિઓએ મૂર્તિપૂજાનું વિધાન કરવા દ્વારા જે સૂક્ષ્મદૃષ્ટિ અને બુદ્ધિનો ચમત્કાર દર્શાવ્યો છે, તેવો હજુ સુધી કોઈ પ્રજા દર્શાવવા શક્તિમાન થઈ નહિ.

## મૂર્તિપૂજાનું વિધાન

જ્ઞાનને મેળવવાનું દ્વાર જો મૂર્તિ છે, તો પછી જ્ઞાન સ્વરૂપ પરમેશ્વરને મેળવવાનું દ્વાર પણ મૂર્તિ જ હોય, એમાં આશ્ચર્ય શું છે? મૂર્તિ કે તેની પૂજાનું ખંડન કરનારાઓ પોતાના વિચારો બાળકોને ઠસાવવા માટે અક્ષરાકાર મૂર્તિઓનો જ આશ્રય લે છે, કારણકે તેઓના વિચારોનું પ્રતિપાદન કરનાર પુસ્તકો નિરાકાર વિચારને સમજાવનારી એક પ્રકારની મૂર્તિઓ જ છે. થોડામાં ઘણા અર્થને જણાવવાનું કામ સૂક્ષ્મ બુદ્ધિમાન પુરુષો જ કરી શકે છે.

મૂર્તિપૂજકો મૂર્તિને જ ઈશ્વર માનતા નહિ, કિન્તુ મૂર્તિરૂપ દ્વાર વડે તેઓ કોઈ અન્ય અગમ્ય વસ્તુને જ ઈશ્વર માને છે તથા તેની અર્ચના, પૂજા કે ભક્તિને કરે છે. અગમ્ય ઈશ્વરનું ભાન કરવા મૂર્તિપૂજકો મૂર્તિનો આશ્રય લે તેમાં ખોટું શું છે? લાખો માઈલ વિસ્તારવાળી પૃથ્વીનું ભાન વિદ્યાર્થીને શું એક નાની માટલી જેવડા જ પૃથ્વીના ગોળાથી કે અઢી સાડા ત્રણ ફીટ ચોરસના નકશાથી

નહિ કરાવી શકાતું? આકાશમાં ઉગેલા બીજના ચંદ્રમાને જોવા માટે જોનારની દૃષ્ટિ આરંભમાં શું કોઈ છાપરા ઉપર કે ઝાડ ઉપર નહિ સ્થાપવામાં આવતી?

સૂક્ષ્મ વસ્તુનું ભાન કરાવવા સ્થૂલ પદાર્થોનો આશ્રય આ જગતમાં સર્વ બુદ્ધિમાનો સર્વત્ર લે છે, તો પછી સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવા પરમેશ્વરનું ભાન કરાવવા માટે અને તેમનામાં ભક્તિ પ્રકટાવવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ મૂર્તિની યોજના કરી હોય, તો તેમાં કોઈને આશ્ચર્ય પામવા જેવું શું છે?

જે શિક્ષક વિદ્યાર્થીની બુદ્ધિમાં ઉતારવા માટે અનેક પ્રકારનાં જાણીતાં સ્થૂલ દૃષ્ટાંતો આપી શકે છે, તે કુશળ શિક્ષક ગણાય છે. જેઓ એમ કરી શકતા નહિ, તેઓ ગમે તેટલા વિદ્વાન છતાં શિક્ષક થવાને લાયક ગણાતા નહિ.

પરમેશ્વરનું જ્ઞાન સૌથી અગાધમાં અગાધ જ્ઞાન છે. તે આપવા માટે અત્યંત સૂક્ષ્મમતિવાળા પૂર્વ મહર્ષિઓએ મૂર્તિ દ્વારા જે કુશળતા દર્શાવી છે, તેવી પૃથ્વી ઉપરના કોઈપણ દેશના ધર્મ પ્રવર્તકો ભાગ્યે જ દર્શાવી શક્યા છે. 'સા વિદ્યા યા વિમુક્તયે' અર્થાત્ જે મુક્ત કરે છે તે જ સાચી વિદ્યા છે. અહીં આર્થિક શોષણ, પરદેશી ગુલામી, પરસ્પર કંકાસ-કુસંપ, કર્મના બંધન, રાગ-દ્વેષ અને સકલ દુઃખજાળથી વિમુક્તિની પ્રાર્થના કરવામાં આવે છે.

ॐ

## ધર્મ ચતુષ્પદ

દર્શન માટે જ જોવું, જ્ઞાન માટે મૌન જ રહેવું.
ચારિત્ર માટે અપ્રમાદ, તપ માટે મનગમતી ઇચ્છા રોકવા.
ક્રોધ ન કરો, અસત્ય ન બોલો. જ્યારે કશાની મનાઈ કરવામાં આવે છે ત્યારે જેના વિષે મનાઈ કરવામાં આવે છે, તેના પ્રત્યે વિરોધ હોતો નથી, પરંતુ મનાઈ દુષ્કર્મ પ્રત્યે વિરોધ હોય છે. આથી જ્યારે 'પાપ' કરી મનાઈ કરવામાં આવે છે, ત્યારે જ મનુષ્ય તે પાપ કરવાને પ્રેરાય છે. પાપના સ્વભાવે સમજપૂર્વકનો વાસ્તવિક વિકાસ અટકાવી દીધો છે, તેથી પોતાની પીડાનું મૂળ પોતે જ બને છે.

@ વ્યસન છોડવાની કે વ્યસનોના અવગુણો સાંભળવાની વાત અપ્રિય જ લાગે, પરંતુ હિતચિંતક પુરુષ વ્યસનોના વ્યસનની પુષ્ટિ થાય તેવું એક પણ વચન ન જ કરે.

સાત વ્યસનોનો ત્યાગ કરવા અપાતા ઇતિહાસના દ્રષ્ટાંતો:

(૧) માંસથી શ્રેણિક નરકે ગયા. (૨) ચોરીથી ઘણા હેરાન થયા.
(૩) મદ્યથી કૃષ્ણની રાજધાની દગ્ધ થઈ.
(૪) વેશ્યાથી પુણ્યવાન જેવો નિર્ધન થયા.
(૫) મૃગયાથી દશરથ રાજા દૂષિત ગણાયા.
(૬) દ્યૂતથી નળ અને પાંડવોનું રાજ્ય ગયું.
(૭) પરસ્ત્રીથી રાવણે રાજ્ય ગુમાવ્યું.

ॐ

## ૨૪ વિચાર કણિકાઓ

(૧) જેટલું હિત ઉલ્લસે,

આત્મા રીઝે-બૂઝે તે હેતુ, બાકી બધા અહેતુ.

(૨) છ આવશ્યકથી કયા આચારની શુદ્ધિ થાય?

સામાયિકથી ચારિત્રાચારની શુદ્ધિ થાય.

ચઉવિસત્થોથી દર્શનાચારની શુદ્ધિ થાય.

ગુરુવન્દનથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય.

પ્રતિક્રમણથી દર્શન - જ્ઞાન - ચારિત્રાચારની શુદ્ધિ થાય.

કાયોત્સર્ગથી શેષ જ્ઞાન ચારિત્રાચારની શુદ્ધિ થાય.

પચ્ચક્ખાણથી તપાચારની શુદ્ધિ થાય.

છ આવશ્યકથી વીર્યાચારની શુદ્ધિ થાય.

(૩) પ્રતિક્રમણનો સમય ક્યો?

દૈવસિનો = અર્ધનિબુડ્ડ સૂર્ય અથવા મધ્યાહ્નથી અર્ધરાત્રિ.

રાઈનો = દશ પડિલેહણ સૂર્યોદય વખતે થાય તે રીતે

અથવા અર્ધરાત્રિથી મધ્યાહ્ન સુધી.

(૪) સાધર્મિક વન્દન ઇચ્છાકારી સમસ્ત શ્રાવક વાંદુ છું.

(૫) પ્રતિક્રમણનું બીજક 'સવ્વસવિ દેવસિય' સૂત્ર છે.

(૬) 'શયણાસણે' ગાથા પડિલેહણથી માંડી બધા ક્રિયામાં લાગેલા અતિચાર મનથી ચિંતે ઉપર ચઉવિસત્થો કરે.

ૐ

(૭) જેમ લોકમાં રાજા-સચિવાદિની ભક્તિથી કાર્યસિદ્ધિ થાય, તેમ રાજા સમાન દેવ અને સચિવ સમાન ગુરુના વંદનથી જ અધ્યાત્મના ક્ષેત્રમાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

## દેવવંદનના ૧૨ અધિકાર

(I) ભાવજિન (II) દ્રવ્યજિન

(III) એક ચૈત્ય સ્થાપનાજિન (IV) નામજિન

(V) ત્રિભુવન સ્થાપનાજિન (VI) વિહરમાનજિન

(VII) શ્રુતજ્ઞાન (VIII) સિદ્ધ સ્તુતિ

(IX) વીર સ્તુતિ (X) ઉજ્જયંત સ્તુતિ

(XI) અષ્ટાપદજિન સ્તુતિ (XII) સમકીતી સુર સમરણ

(૮) ગુરુવંદન - 'ભગવાનહં' ઈત્યાદિ ચાર ખમાસમણથી.

(૯) જ્ઞાનાદિ આચારમાં ચારિત્રાચાર સાર છે. તે માટે 'કરેમિ ભંતે' ઈત્યાદિ સૂત્રો કહી ચારિત્રાચારની શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરાય છે.

(૧૦) સંડાસા પડિલેહી મુહપત્તિ અને વિધિથી શરીર પડિલેહે અને કાયોત્સર્ગમાં અવધારેલા અતિચારને ગુરુસાક્ષીએ આલોચવા વંદન આપે.

(૧૧) નતમસ્તકે અવગ્રહમાં રહી દૈવસિક અતિચાર આલોવે અને સવ્વસવિ દેવસિઅ કહે. મન-વચન-કાયાના સઘળા

અતિચારનું સંગ્રાહક સૂત્ર 'સવ્વસ્સવિ દેવસિઅ' છે અને 'ઇચ્છાકારેણ સંદિસહ' સૂત્રથી શિષ્યો પ્રાયશ્ચિત માગે છે તથા ગુરુ શિષ્ય વર્ગને સ્નેહથી પ્રાયશ્ચિત આપે છે.

સ્વસ્થાનથી બહાર ગયેલાનું
ફરી સ્વસ્થાને આવવું તે પ્રતિક્રમણ છે.

(1) પ્રતિક્રમણ : પાપ ન કરવું (ફરી ન કરવા માટે નિંદવું).
(2) પ્રતિકરણ : પાપ કબૂલ કરવું (ફરીને પાછા હટવું).
(3) પ્રતિહરણ : અધિક લાભ માટે અલ્પદોષને સેવવો.
(4) વારણ : વિષમિશ્રિત વ્યવહારથી પાછું હટવું.
(5) નિવૃત્તિ : બેકુટીલતાથી અસંયમ નિવૃત્તિ લેવી.
(6) નિંદા : અતિચારરૂપી વિષનું ઔષધ નિંદા છે.
(7) ગર્હા : થઈ ગયેલા પાપનું પ્રાયશ્ચિત કરવું.
(8) શોધિ : મલિન વસ્ત્ર શુદ્ધ થયે આદરણીય થાય છે.

(૧૨) સફલતા માટે નવકાર, સમતા માટે સામાયિક, મંગલ માટે 'ચત્તારિ મંગલ' કરે. દિવસ અતિચાર માટે 'ઇચ્છામિ પડિક્કમિઉં' અને વિભાગ આલોચના માટે 'ઇરિયાવહી' કરે. તે પછી શ્રમણ સૂત્ર - શ્રાદ્ધ સૂત્ર - તસ્સ ધમ્મસ્સ સુધી કરે. ત્યાર બાદ સાધકને અતિચાર ભારની નિવૃત્તિ થવાથી તે હળવો થઈ, ઊભો રહી 'અબ્ભુટ્ઠિઓ' ઇત્યાદિ શેષ સૂત્રો કરે.

ૐ

(૧૩) પ્રથમ વંદન ગુરુ અપરાધ ખામણા માટે થાય છે.

(૧૪) દ્વિતીય વંદન કાયોત્સર્ગ માટે કરવાના છે.

(૧૫) 'આયરિય ઉવજ્ઝાએ' આલોચન પ્રતિક્રમણ પછી પણ અશુદ્ધ રહેલા ચારિત્રાદિકના અતિચારની શુદ્ધિ અર્થે કાયોત્સર્ગ કરે. કષાય વિરહિત જ ચારિત્ર છે, પણ જેના કષાયો ઉદગ્ર છે, તેનું ચારિત્ર ઈક્ષુફુલની જેમ નિષ્ફલ છે.

(I) પહેલો કાયોત્સર્ગ - ચારિત્ર શુદ્ધિ માટે બે લોગસ્સનો

| | | |
|---|---|---|
| આદિ | ત્રણ | કષાયોપશમ માટે ત્રણ ગાથા અને |
| મધ્ય | સામાયિક | કરેમિભંતે બોલવાપૂર્વક |
| અંત | વ્યુત્સર્ગ છે. | ચારિત્રશુદ્ધિ માટે ત્રણ વાર. |

(II) બીજો કાયોત્સર્ગ દર્શનાચાર શુદ્ધિ માટે છે.

(III) ત્રીજો કાયોત્સર્ગ જ્ઞાનાચાર શુદ્ધિ માટે છે.

(૧૬) સકલાચારના ફલ સ્વરૂપ સિદ્ધની સ્તુતિ માટે 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્ર બોલી નીચેના ત્રણ વંદન કરવા: તીર્થાધિપતિવીર, રૈવતમંડન નેમિ, તીર્થસાર અષ્ટાપદ વંદન.

(૧૭) શ્રુતદેવતાનો કાયોત્સર્ગ શ્રુત ભક્તિ માટે, ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ અવગ્રહ યાચન માટે તથા પંચમંગલમહાશ્રુતસ્કંધનો કાયોત્સર્ગ મંગલ અર્થે છે.

(૧૮) પચ્ચક્ખાણ અને વંદન માટે સંડાસાપૂર્વક

મુહપત્તિ પડિલેહણ તથા અંગ પડિલેહણ કરાય છે.

(૧૯) અર્થગંભીર ત્રણ સ્તુતિઃ દેવસિઅમાં ગુરુ એક કહે અને પછી આદિમાં ગુરુ ત્રણ કહે: એક ગુરુ આજ્ઞાગ્રહણ, બીજી ગુરુ નિવેદન તથા ત્રીજી સ્તુતિ બહુમાન અર્થે હોય છે. પછી સાધુ-શ્રાવક સહુ સાથે ઉચ્ચ સ્વરે લીન થઈને કહે. સાધ્વી-શ્રાવિકા સંસારદાવાની ત્રણ ગાથા સમૂહમાં કહે. તે સંસ્કૃતનો અધિકાર નહિ અથવા પુરુષગીત છે માટે કે વરતું તીર્થ છે તથા પ્રતિક્રમણ નિર્વિઘ્ને પૂર્ણ થયું છે માટે હર્ષ વ્યક્ત કરવા માટે ઉચ્ચ સ્વરે સૌ સાથે બોલે.

(૨૦) શક્રસ્તવ - જિનસ્તવન - કૃતાંજલી અવર સુણે:

નમોઽર્હત્ દેવભક્તિ ધ્યાન છે.

આદિ તથા અંતે દેવગુરુની ભક્તિ વિહિત છે.

આદિમાં નમુત્થુણં અને અંતે નમોઽ જિણાણં અથવા

જિનવંદન એક - શક્રસ્તવ બોલે.

(૨૧) દિવસના પ્રાયશ્ચિત્તની શુદ્ધિ માટે ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ ઉપર મંગલ માટે એક પ્રગટ લોગસ્સ કહેવો.

(૨૨) બે ખમાસમણ દઈ સજ્ઝાય-૧૨ અંગની

સંથારાપોરિસી સુધી કહેવાની મૂળવિધિ છે.

વર્તમાનમાં એક નવકાર કે પાંચ ગાથા સામાચારી મુજબ.

ॐ

(૨૩) કાઉસ્સગ્ગ એ અંતરંગ તપાચાર છે. તેમાં વીર્યને ફોરવવું તે વીર્યાચાર છે. પ્રતિક્રમણ પશ્ચાત્ મુનિઓએ ચોવિહાર અને શ્રાવકોએ યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું.

(૨૪) કર્તા - સમ્યગ્દ્રષ્ટિ સાધુ - પ્રતિક્રામતા

કર્મ - ક્રોધાદિ કષાય - પ્રતિક્રમ્ય

ક્રિયા - પ્રતિક્રમણ - પ્રતિક્રમણ

ક્રોધાદિ કષાયો ટળે તો પ્રતિક્રમણ સફળ થયું ગણાય.

## કોના કરતાં કોણ મોટું?

સૂર્ય કરતાં વાદળ મોટા, વાદળ કરતાં પવન મોટો,

પવન - પર્વત, → પર્વત - હથોડી,

હથોડી - હાથ, → હાથ - શરીર,

શરીર - અગ્નિ, → અગ્નિ - જળ,

જળ - વાયુ, → વાયુ - વાદળ,

વાદળ - પવન, → પવન - પર્વત,

પર્વત - વજ્ર, → વજ્ર - ઇંદ્ર,

ઇંદ્ર - જ્ઞાન, → જ્ઞાન - શ્રદ્ધા,

શ્રદ્ધા - ચારિત્ર, → ચારિત્ર - વીર્ય,

વીર્ય - ઉપયોગ, → ઉપયોગ - સર્વશ્રેષ્ઠ ભગવાન.

ૐ

વૈશાખ વદિ ૩, શુક્રવાર

## ભાવનાબોધ

અપ્રશસ્ત ભાવના - પ્રાણિવધાદિ, ક્રોધાદિ ઇ.

પ્રશસ્ત ભાવના - દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વૈરાગ્યાદિ ઇ.

દર્શનભાવના - તીર્થંકર ભગવંત, પ્રવચન, પ્રાવચનિક, અતિશાયી, ઋદ્ધિપ્રાપ્ત, કલ્યાણકભૂમિ, દેવલોક, ભવનપતિ, મેરુ, નંદિશ્વર, અષ્ટાપદ, ગિરનાર, ગજાગ્રપદ (દશાર્ણગિરિ), ધર્મચક્ર (તક્ષશિલા), અહિછત્રા, રથાવર્તપર્વત, ચમરોત્પાદ. આ બધા દૃષ્ટાંતો વિચારવાથી તેમ જ અભિગમન, વંદન, દર્શન, કીર્તન, પૂજન, સ્તવન કરવાથી. જેમ કે પ્રાવચનિકનું જ્ઞાન-ગર્ભિત, નિમિત્ત, કુશલ, સમકીત, ગુણમહાત્મ્ય આદિ અદ્ભુત છે. પૂર્વમહર્ષિઓના નામોત્કીર્તન, સુરેન્દ્રાદિ પૂજા, કથન, ચિરન્ત ચૈત્યપૂજનાદિ ક્રિયા અને તદ્વાસિત અંતઃકરણથી દર્શન વિશુદ્ધિ થાય છે.

### તપ ભાવના

તપ પણ અહીં જ શોભન છે. ચઉનાણી, સુરમહિત, તદ્ભવ મુક્તિગામી, તીર્થંકરો પણ તપ આદરે છે.

### વૈરાગ્ય ભાવના

એ સાંસારિક સુખ જુગુપ્સા અનિત્યત્વાદિ છે.

ॐ

## અપ્રમાદ ભાવના

મદાદિ પ્રમાદ કર્મબંધનું કારણ છે.

## એકત્વ ભાવના

एगो मे सासओ अप्पा। મારો આત્મા એકલો-શાશ્વત છે.

## જ્ઞાન ભાવના

મૌનીન્દ્રજ્ઞાન યથાવસ્થિત અશેષ પદાર્થનું અવલોકન છે, એથી મોક્ષનું પ્રધાન અંગ અધિગમ સમ્યક્ત્વ થાય છે. જીવાજીવાદિતત્ત્વનું જ્ઞાન, કાર્ય (મોક્ષ), કર્તા (રત્નત્રય), કારક (સાધુ) અને ક્રિયાસિદ્ધિ (મુક્તિ) અહીં જ છે. બદ્ધ (જીવ), બન્ધહેતુ (મિથ્યાત્વાદિ), બંધન (કર્મવર્ગણા) અને તેનું ફલ (ચાર ગતિરૂપ સંસાર) પણ અહીં જ કહેલું છે.

## જ્ઞાનાભ્યાસનું માહાત્મ્ય

જ્ઞાનાભ્યાસથી નિત્ય એકાગ્રચિત્તતાદિ ગુણો થાય છે. જ્ઞાનભાવનાથી નિત્ય ગુરુકુલવાસ થાય છે. જે કર્મને અજ્ઞાની ક્રોડો વર્ષે ખપાવે, તે કર્મને જ્ઞાની ઉચ્છ્વાસ માત્રમાં ખપાવે છે. જ્ઞાનાભ્યાસથી જ્ઞાનનો સંગ્રહ, કર્મની નિર્જરા, શાસનની અવિચ્છિત્તિ, લોકનું જ્ઞાન, સ્વાધ્યાયાદિ થાય છે.

## ચારિત્ર ભાવના

અહિંસા, સત્ય, અદત્તવિરતિ, બ્રહ્મચર્ય, અપરિગ્રહાદિ અહીં જૈન પ્રવચનમાં સુંદર છે.

## આત્માનું સ્વરૂપેણ અસ્તિત્વ કેવું છે?

તે કલ્પવૃક્ષ, ચિન્તામણિ, કામગવી, કામકુંભાદિ અધિક અને ચિત્રાવેલી, પંચકલ્યાણી ઘોડી, દક્ષિણાવર્ત શંખ અને સુવર્ણસિદ્ધિ રસાદિ પણ ચઢીયાતું અસ્તિત્વ છે.

વળી હીરા, માણેક, પાના અને પ્રવાલની ભસ્મ, સહસ્ત્રપુટી અભ્રક, મોતીની પિષ્ટિ અને મારેલ પારા કરતાં પણ વધુ પુષ્ટિ આપનારૂં મહારસાયણ છે.

આત્માનું અસ્તિત્વ, તેનું ભાન અને તેનો આનંદ એ જ એક પ્રાપ્તવ્ય પદાર્થ અને અંતિમ તત્વ છે.

૦ ધર્મ સર્વનું હિત કરે છે,

તેથી સર્વના હિતનો અર્થી ધર્મી જ બની શકે છે.

વેદના મહાવાક્યો કેવળ નિશ્ચયનયને કિન્તુ જિનાગમનાં મહાવાક્યો નિશ્ચય-વ્યવહાર ઉભયનયને પ્રરૂપે છે.

૦ સંકેત એ આરોપણ કરેલ કલ્પના છે. સ્વસ્થત્વ એ જાગ્રત અવસ્થાનું લક્ષણ છે. અસ્વસ્થત્વ એ સ્વપ્ન અવસ્થાનું લક્ષણ છે. બંને મળીને સ્વપ્ન-જાગરણ છે.

૦ નહિ તદ્રૂપં ન ત્વાહં ।

અર્થાત્: મારામાં તેનું જ સ્વરૂપ છે, તેથી તે જ હું છું.

આ સમાપત્તિરૂપ ભાવાવસ્થા આત્માને પરમાત્મારૂપ બાહ્ય આલંબન દ્વારા જ ઉત્પન્ન થાય છે.

ૐ

○ દાનમાં ધનનો, શીલમાં વિષયોનો,
તપમાં આહારનો અને ભાવમાં કુવિકલ્પોનો ત્યાગ છે.

○ શાસ્ત્ર એ બુદ્ધિનું, મંત્ર એ મનનું અને
ભક્તિ એ આત્માનું
રક્ષણ કરનાર છે, તેથી પૂજ્ય છે.

○ મુદિતા કે મિત્રતા એ
ભગવાનના ગુણોનું રક્ષણ છે.

એક જ કુટુંબના વડાને ખુશ રાખવો હોય,
તો તેના તમામ સભ્યો સાથે ઓછામાં ઓછી
મૈત્રીનો ભાવ તો અવશ્ય રાખવો જ જોઈએ.
વિશ્વ કુટુંબ છે, પરમાત્મા તેનો વડો છે,
પ્રાણીમાત્ર તેના સભ્યો છે.
આપણે વિશ્વકુટુંબ સાથે વાત્સલ્યથી વર્તવા બંધાયા છીએ,
આથી મિત્રાચારીનો સ્થિરભાવ
આપણી સાધના જ હોવા ઘટે.
કાર્ય સાધવા નહિ,
પરંતુ સજ્જનતાના જ આલંબન માટે
આપણે સૌએ
વિશિષ્ટ પુરુષાર્થ ફોરવવાનો છે.

ૐ

## જપનો પ્રભાવ

જપથી પાપ પુણ્યમાં સંક્રમે, પાપ ઉદયમાં ન આવે
તથા પુણ્ય બળવત્તર ઉદયમાં આવે.
તત્કાળ અથવા કે અલ્પકાળમાં જ
ઉદય આવનારૂં શુભ કર્મ બંધાય, સંબંધમાં
આવતી વ્યક્તિઓના હૃદયમાં પણ એવું જ બને.
નજીકના કાળમાં નિકાચિત પાપ
ઉદયમાં આવવાનું હોય, તો જાપમાં મન ન લાગે.
જપના ફળરૂપે માનસ આકૃતિઓમાં
જબ્બર ફેરફારો થાય છે.
જપ કરનારના હૃદયમાં જે પરમાત્મા છે,
તેનો બધા સર્વજ્ઞ સત્કાર કરે છે,
જપનારને મદદ કરવાનું મન બધાને થાય છે.
આપણે પરમાત્માને મનમાં લાવવા માટે
જેટલો પ્રયત્ન કરીએ છીએ,
તેથી અનંત પ્રયત્ન (વીર્ય) પરમાત્મા
આપણા મનમાં આવવા માટે કરે છે.
એને જ 'કરુણા' કહેવાય છે.
જપના અક્ષરો અક્ષર (આત્મા)ના પ્રદેશોને ખોલે છે.

ॐ

## જીવ એટલે?

દ્રવ્યપ્રાણને ધારણ કરે તે જીવ.

ત્રૈકાલિક દ્રવ્યપ્રાણને ધારણ કરે તે જીવ.

ત્રૈકાલિક ભાવપ્રાણને ધારણ કરે તે જીવ.

ભૂતકાળમાં પ્રાણોને ધારણ કર્યા,

વર્તમાનમાં પ્રાણોને ધારણ કરે છે,

ભવિષ્યમાં ધારણ કરશે તે અનાદિ ધારણ કરનારો જીવ.

अजीजीवीत् (જીવ્યો), जीवति (જીવે છે), जीविष्यति (જીવશે)

દ્રવ્યપ્રાણથી તથા ભાવપ્રાણથી ત્રણે કાળ ધારણ કરે તે જીવ.

જાતિભેદ, કુળભેદ, દેશભેદ વિના જીવમાત્રને પરભવની

સામગ્રી આપવી એનું નામ વિશ્વધર્મ.

જીવમાત્ર 'જીવું' એમ ઇચ્છે છે, પણ ધર્મ શામાં?

'પ્રાણના ભોગે જીવાડું' એ ભાવનામાં ધર્મ છે.

કુમારપાળ મહારાજાએ પોતે ધર્મ પાળ્યો છે અને

સમસ્ત રાજ્યમાં પણ ધર્મ પળાવ્યો છે.

એક વખત પોતાના પગે મંકોડો વળગ્યો હતો,

તેને પોતે પોતાની ચામડી કાપીને સુરક્ષિત રાખ્યો હતો,

આથી કુમારપાળ 'નક્કર જૈન' કહેવાય છે.

આ પ્રભાવ શ્રી હેમચંદ્રાચાર્યનો હતો.

સં. ૧૨૨૭માં તાડપત્ર ઉપર લખાયેલો એક ગ્રંથ પાટણમાં
અને સં. ૧૨૫૧માં ડભોઇમાં લખાયેલો એક ગ્રંથ
આજે પણ ખંભાતમાં વિદ્યમાન છે.
તે ગ્રન્થમાં કુમારપાળ મહારાજાના જૈનત્વની
પ્રતીત લખાયેલી ખાસ પંક્તિઓ આવે છે.
જૈનદર્શનમાં ગૌતમસ્વામીજી, શ્રી ભદ્રબાહુસ્વામીજી,
શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિગેરે
ઘણા આચાર્યો તથા મહાન ગીતાર્થો થયા છે, પરંતુ
કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજનું
સ્થાન તો અનોખું તથા આગવું જ છે.
જૈન-જૈનેતરને ઉપયોગી સાહિત્ય તેમણે પૂરું પાડ્યું છે.
વિદ્યાર્થીઓને સદંતર સુગમ થાય સાંગોપાંગ વ્યાકરણ,
શબ્દાનુશાસન, લિંગાનુશાસન, છંદોનુશાસન વિગેરે
એમણે રચ્યાં છે, એમના ગ્રંથકોષની સાક્ષી આધાર છે.

## <u>હિન્દુ શબ્દનો અર્થ</u>

'હિન્દુ' શબ્દ 'હીન' ધાતુના આધારે છે.
એક ભવમાં જૈન, પછી ત્રીજા ભવમાં અજૈન
એમ ભવાંતરમાં હીનપણાવાળો આત્મા તે 'હિન્દુ'.
આ અર્થ માટેનું પ્રમાણ ભગવતીજી સૂત્રમાં પણ છે.

ॐ

## સર્વમાન્ય વિશ્વધર્મ

સર્વમાન્ય વિશ્વધર્મ તરીકે થવાની લાયકાત
કોઈપણ ધર્મમાં હોય તો તે
પ્રવૃત્તિની અપેક્ષાએ અને વ્યક્તિગત રીતે
જૈનધર્મે નિરૂપણ કરેલ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં,
વ્યક્તિ અને સમષ્ટિ ઉભયગત રીતે
અક્ષુદ્રત્વાદિ એકવીસ ગુણોમાં અને
પરિણતિની અપેક્ષાએ મૈત્રી આદિ ભાવનાઓમાં છે.
પૂર્વયુગની જેમ સિદ્ધાંતનું ખાસ મહત્ત્વ દેખાતું નથી.
આજે વર્ષે વર્ષે, દિવસે દિવસે વાદ-વિચારો ફરે છે.
સિદ્ધાંતમાં અડગ રહેવું એ ધર્મ છે.
જે વિશ્વધર્મ આરાધશે, તે મોક્ષ પામશે.

## 'ધર્મ' શબ્દનો અર્થ

'ધર્મ' એટલે સ્વભાવ કે આદતજન્ય પ્રવૃત્તિઓ,
કે જે મનુષ્યોના અર્થ-કામને પોષણ કરનારી છે,
તેને કેટલાક લોકો 'ધર્મ' તરીકે જાહેર કરે છે.
અર્થ (વિષયના સાધનો) અને કામ (વિષયો) એ જો વસ્તુ
મનુષ્યની આદતજન્ય પ્રવૃત્તિ ભલે હોય,
તો પણ ધર્મરૂપે થવાને લાયક તો નથી જ.

જીવને વગર ઉપદેશે પણ
અર્થ અને કામની ઇચ્છા સ્વયં પ્રવૃત્ત છે.
જાનવરો, અનાર્ય મનુષ્યો અને અજ્ઞાન બાળકો
પણ વિષયો અને વિષયોના સાધન તરફ પ્રવૃત્ત છે.
તે પ્રવૃત્તિને ધર્મ કે વિશ્વધર્મ તરીકે સ્થાપન કરવી તે
કેવળ અજ્ઞાનતા અને દુર્ગતિગામિતાનું જ લક્ષણ છે.
યાદચ્છિકપણે અગર રૂઢી માત્રથી 'ધર્મ' શબ્દની પ્રવૃત્તિ
તે ભલે ઈચ્છા કરે, પરંતુ 'ધર્મ' શબ્દના ગુણ કે ફળો
તેનાથી સંપન્ન નહિં જ થવાના.
તત્ત્વદૃષ્ટિએ ધર્મની પ્રરૂપણા કે તેનો આદર કરવાની
આવશ્યકતા કોઈપણ અંશે હોય, તો તે માત્ર
પુનર્ભવમાં જીવની થતી દુર્ગતિ રોકવાને માટે જ છે.
જે વસ્તુથી દુર્ગતિના કારણભૂત કર્મોનું આવવું થતું હોય,
કે આવેલા કર્મોનું મજબુતપણું થતું હોય,
તો તે વસ્તુને કોઈપણ દિવસ
'ધર્મ' તરીકે કહી શકાય નહિ.
અનર્થકારક વસ્તુને 'ધર્મ' તરીકે જાહેર કરવા એ
સાચા અને શુભ તરીકે સાંભળવા આવેલ અને
શુભ વસ્તુ માંગતા વિશ્વાસુ લોકોને ઠગવાનો રસ્તો છે.

ॐ

<u>વિશેષધર્મની સત્ય વ્યાખ્યા</u>

જીવનું દુર્ગતિગમન અટકાવનાર
અથવા દુર્ગતિના કારણભૂત કર્મોને
જીવમાં પ્રવેશ થતાં રોકી દેનાર
વસ્તુને જ સત્યધર્મ તરીકે ગણી શકાય.
સત્ય અને શુદ્ધધર્મ તો
હિંસાદિ પાપોથી સર્વથા વિરામ પામવારૂપ,
હેતુ-સ્વરૂપ-અનુબંધ ત્રણેથી શુદ્ધ હોય છે.
બસ, આ જ 'વિશેષધર્મ' કહેવાય છે.
વર્તમાનમાં વિશ્વધર્મની વાતો કરનારાઓનું લક્ષ્ય
આ જાતના વિશેષધર્મ તરફ હોતું નથી.

તેઓનો અંતરંગ આશય એક જ હોય છે કે પૃથક્-પૃથક્ ધર્મોના જે પૃથક્-પૃથક્ મન્તવ્યો હોય છે, તેઓ વચ્ચે થતી અથડામણી કોઈપણ રીતે અટકાવવી. આ આશય પણ માર્ગાનુસારિતા આદિ સામાન્ય ધર્મને સ્વીકારવાથી જ આપોઆપ સિદ્ધ થાય તેમ છે. એ સામાન્ય ધર્મ વિશેષ અને શુદ્ધ ધર્મ તરફ આત્માની પ્રગતિ અટકાવ્યા વિના જ સમસ્ત વિશ્વની અનુકૂળતામાં પરિણમે છે, તેથી તેનું ફળ શાસ્ત્રકારોએ લોકપ્રિયતાદિ જણાવેલું છે.

ॐ

## સર્વમાન્ય વ્યાપક ધર્મ

દુનિયાના બાહ્યપદાર્થોની પરીક્ષા એમના સ્પર્શ, રસ, વર્ણ
ગંધ અને આકારાદિ વડે સહેલાઈથી થઈ શકે, પરંતુ જે
પદાર્થો દેખાતા નથી, તેની પરીક્ષા જલદી થઈ શકતી નથી.
આથી જ ધર્મના વિષયમાં દુનિયામાં ઘણાં મત-મતાંતરો
રહે છે અને તેની પરીક્ષા કરવી અત્યંત મુશ્કેલ જ રહે.

ધર્મની પરીક્ષા બાહ્યસ્પર્શાદિથી પર છે,
તો પણ બુદ્ધિ વિગેરે અનુમાનથી જાણી શકાય છે.
બુદ્ધિમાન મનુષ્યો અનુમાનાદિ પ્રમાણોથી પરીક્ષા કરી શકે છે.

કેટલાક ભદ્રિક આત્માઓ
ધર્મના જુદા જુદા રસ્તાઓ સાંભળી,
ધર્મથી જ સર્વથા દૂર ખસી જાય છે,
પરંતુ તેઓએ વિચારવું જોઈએ કે દરેક
કિંમતી વસ્તુ પરીક્ષાની દરકાર અવશ્ય રાખે છે.
જેમ ચાંદી, સોનું, હીરા, મોતી, પન્ના કે માણેક
પરીક્ષા પછી જ ખરીદ કરાય છે, ધર્મ માટે પણ તેમ જ છે.
ધર્મ આ જિંદગી ઉપરાંત આવતી જિંદગીને પણ
સુખવાળી અને મનોહર બનાવે છે અને પરંપરાએ
શાશ્વત લાભ અને સુખમય અવસ્થાને આપે છે,
તેથી તે અનંત મહત્ત્વવાળો છે.

ॐ

જેનાથી જે ચીજ મળનારી હોય,
તેનાથી તે ચીજ ઓછી કિંમતવાળી જ હોય છે.

આહાર, શરીર, ઇંદ્રિય, મન, પત્ની, કુટુંબ, ધન, ધાન્ય, વિચાર આદિ પદાર્થો ધર્મથી જ મળે છે, તેથી એ સર્વ પદાર્થો કરતાં ધર્મ અધિક મૂલ્યવાન સમજવો જોઈએ.

ચાંદી-સોનું કે હીરા-મોતી ખરીદવામાં બેદરકારી ન રહે, તો નુકશાન જરૂર થાય છે, પરંતુ તે બે-ચાર પૈસા, બે-ચાર આના, બસો-ચારસો કે હજાર-બે હજાર રૂપિયા પૂરતું જ હોય છે, પરંતુ પરીક્ષા કર્યા વિનાનો સ્વીકારવામાં આવેલો ધર્મ આ જિંદગી, આવતી જિંદગી કે પછી ભવોભવની જિંદગીને બરબાદ કરનારો થાય છે.

સૌ કોઈને એ વાતનો તો નિશ્ચય હોય છે કે:
કોઈને પણ સતાવવું, જૂઠું બોલવું, સર્વ રીતે સ્વાર્થી બનવું, કોઈની ચીજ ઉઠાવી લેવી અને સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ રાખવી,
એ બધા અત્યંત ખરાબ કાર્યો છે.

આ સૌ દુષ્ટ કાર્યોને રોકવા એનું જ નામ 'ધર્મ' છે.

સમજદાર મનુષ્યો એમ ઉત્તમ આત્મકલ્યાણની ચિંતા કરે, તેમ ઉત્તમ વિચારોની કિંમત તેનાથી પણ વધારે આંકે છે.

ઉન્નત વિચારો વિના ઉત્તમ આત્મકલ્યાણ થઈ શકતું નથી.

ૐ

## ચિંતનપૂર્ણ દર્શનકારીઓ

વિચારોની ઉત્તમતા વિનાના ધર્માચરણને વખાણવું નહિ.
વિચારોની ઉત્તમતા વિના દાનાદિક પ્રવૃત્તિ ધર્મરૂપ નહિ.
અલ્પબુદ્ધિ દાનાદિકની પ્રવૃત્તિ ન પણ હોય તો ય વિચારના
ઉન્નતપણાને ધારણ કરનાર અલ્પબુદ્ધિ ધર્મી ગણાય છે.
જો એમ માનવામાં ન આવે તો નિર્ધનને ધર્મ થાય નહિં.
ધનવાનને ધનનો દુરૂપયોગ કે અનુપયોગ જ વધારે હોય,
એટલે પછી તો ધાપ ધાપે ધર્મનો અભાવ જ થઈ જાય.

## ધર્મની મૂળ જડ એટલે

૪ વિભાગમાં વહેંચાયેલું વિચારોનું ઉન્નતપણું:

(૧) મૈત્રીભાવ: મારી લેવા-દેવા, સૌ કોઈનું હિત ચીંતવવું,
વેરવિરોધરૂપ અગ્નિ પ્રગટ થવા જ ન દેવો એ જૈનશાસન.
આ મહાન સદ્ગુણને કાયરતાનું ઉપનામ આપે તો તેની
દુર્જનતા છે. રખે એવો એક પણ સદ્ગુણ નહિ કે જેને દુર્જને
દૂષિત નહિ કર્યો હોય. કોઈ જૈન રાજાઓ કે સત્તાધારીઓ
અન્ય ધર્મોના દેવસ્થાનો, ગુરૂસ્થાનો કે ધર્મસ્થાનોને
ઉડાવવા માટે ઉદ્યમ કે પ્રયત્ન કર્યાનો એક પણ દાખલો
ઈતિહાસના પાના ઉપર ક્યારેય નોંધાયેલો નહિ,
તે આ સદ્ગુણનો જ પ્રતાપ છે. જ્યાં આ લાગણી નહિ,
તે ધર્મ વિશ્વધર્મ બનવાને લાયક પણ નહિ.

ૐ

(૨) <u>પ્રમોદ ભાવના</u> : વિચાર સૌજન્યનો બીજો પ્રકાર છે. સંતોની સ્તુતિનો મોટો પ્રભાવ આ ગુણને અંગે જ છે. ગુણ કે ગુણવાનનું સન્માન કર્યા વિના ગુણવાન ન બનાય. ગુણવાન મહાત્માઓ - સત્પુરુષોના સન્માન માટે જેને લાગણી કે અભિરુચિ નથી, તે ધર્મનિષ્ઠ બની શકે નહિ. જે ગુણવાનને જાણતો નથી, જેને જાણવાની દરકાર નથી, કે જાણ્યા પછી સન્માન કરવાની મનોવૃત્તિ નથી, તેને કદી પણ નવીન-નવીન ગુણોની પ્રાપ્તિ થઈ શકતી નથી.

(૩) <u>દુ:ખી જીવોના દુ:ખોને દૂર કરવાનો શુભભાવ</u>:

દુ:ખ બે પ્રકારે છે : આત્મિક અને શારીરિક. એ બન્ને પ્રકારનાં દુ:ખો પૂર્વે કરેલા પાપથી જ મળે છે, તો પણ દુ:ખ પામવાવાળી વ્યક્તિનું દુ:ખ દૂર કરવાથી તે દૂર કરનારને લાભ અવશ્ય મળે છે. વળી બધા જ પાપનું ફળ એકાંત દુ:ખ ભોગવવાથી જ ભોગવાય છે, એમ પણ નથી. જેમ કે કેળાના અજીર્ણમાં એલચી અને કેરીના અજીર્ણમાં સૂંઠ આપવાથી તે કેળું અગર કેરી વસ્તુ નાબૂદ થઈ જતી નથી, પણ તેનો વિકાર જરૂર દૂર થાય છે તેવી જ રીતે બાંધેલું પાપ તેના રસ અને વિકારને આપ્યા વિના જ દયાળુ મહાપુરુષોના મંગલ પ્રયત્નોથી ખપી જાય છે.

(ઘ) વિચાર સૌજન્યનો ચોથો પ્રકાર માધ્યસ્થ ભાવ છે.

જગતમાં કેટલાંક પ્રાણીઓ એવાં હોય છે કે
તેના હિત માટે કે દુઃખ દૂર કરવા પ્રયત્ન કરો, તો પણ
તેની મનોવૃત્તિ ખરાબ હોવાથી તેનું હિત ન જ થાય.
એવા પ્રસંગમાં હિત કરવાવાળા આત્માએ
તેના ઉપર દ્વેષ કરવો નહિં, કિંતુ
કર્મ-તેના ફળોનો વિચાર કરી ઉદાસીન વૃત્તિમાં રહેવું.
આ ચારે પ્રકારે વિચારના ઉન્નતપણાને ધારણ કરનાર
દિવસે દિવસે ધર્મનિષ્ઠ અને ધર્મપરાયણ બની શકે છે.

સર્વ ધર્મોનું ધ્યેય મોક્ષ છે.

મોક્ષના સ્વરૂપ માટે ભલે અનેક મતમતાંતરો છે,
તો પણ મોક્ષનો ફક્ત સત્ય રસ્તો મળવાથી
સ્વયં મોક્ષ પણ પોતાની મેળે જ પ્રાપ્ત થઈ જાય છે.
મોક્ષમાર્ગ એટલે સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, ઉત્તમ વર્તન.
એનો પથિક મોક્ષનગરને ધીમે ધીમે પણ પામે જ છે.
વર્તમાનના કેટલાંક સાક્ષરો ધર્મના ફળરૂપે કહેલા
સ્વર્ગ અને મોક્ષને વાચ્યાર્થમાં લઈ જઈ, આ ભવ સંબંધી
સાંસારિક સુખોની સિદ્ધિને જ ધર્મના લક્ષ્યાર્થમાં લે છે.
હિંસા-અસત્યાદિ છોડવાથી સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ બતાવી છે,

તેમાં વાચ્યાર્થ છે પણ લક્ષ્યાર્થ તો એમ આ જગતમાં
કોઈ કોઈને પીડે નહિ - સૌ સંપીને રહે, એટલો જ છે, પરંતુ
જેઓ પુનર્જન્મને માને, તેઓ જ આ કથન કરી શકે.
વાચ્યાર્થનો જ્યાં બાધ હોય, ત્યાં જ લક્ષ્યાર્થને લઈ શકાય.
સ્વર્ગ-મોક્ષપદાર્થો અનુમાનઆગમાદિ પ્રમાણોથી સિદ્ધ છે.
ધર્મ વિના જ જો સ્વર્ગાદિ મળતા હોત તો એકેન્દ્રિયાદિ
નીચ ભવોમાં કષ્ટમય જીવને રહેવાપણું રહેત જ નહિ.

'જગતમાં થોડા સુખી - ઘણા દુઃખી'

તેનું કારણ પણ ધર્મ કરનારા થોડા છે તે જ છે.

ધર્મ અને પુણ્યનું સુખરૂપ ફળ ભોગવવાનું સ્થાન
સ્વર્ગ સિવાય બીજું કોઈ નથી.

વળી જેમ સંતોષી તથા શાન્ત આત્મા
બાહ્યપદાર્થોના સંયોગ વિના જ નિઃસીમ સુખને ભોગવે,
તેમ સર્વ કર્મોથી રહિત જીવ પણ સ્વસ્વરૂપમાં રહી
અનિર્વચનીય આનંદનો અનુભવ કરી શકે છે.

આ રીતે પ્રમાણોથી સિદ્ધ થતા
સ્વર્ગ અને મોક્ષનો અપલાપ કરવો
કે ધર્મનાં ફળ તરીકે તેને ન માનવા,
એ અજ્ઞાન અને ધર્મદ્વેષનું જ એક ફળ માની શકાય.

ૐ

## શંકા - સમાધાન

અનાજ વગર ભૂખે મરાય, પાણી વિના તૃષાથી તરફડાય,
કપડા વગર શીતાદિ કષ્ટથી હેરાન થવાય,
મકાન વગર સુખ, શાંતિ કે આરામ ન ભોગવી શકાય,
પણ ધર્મ ન હોય તો શા હરકત આવે?

ધર્મ ખાવા-પીવા-પહેરવા-ઓઢવાનાં કામમાં નથી આવતું,
પણ એનાથી ખાવા-પીવાની વસ્તુઓ ખરીદી શકાય છે
પરન્તુ ધર્મથી કાંઈપણ ફાયદો કે એના અભાવથી કાંઈ
નુકસાન જણાતું નથી, એથી વિપરીત તો ઘણીવાર દેખાય છે.

આ શંકા એ જાતની છે કે:

કોઈ એક માણસે આંબાનું ઝાડ જોઈને વિચાર કર્યો કે
આ આંબાની કેરીઓ ખાવામાં, મંજરી કફ સુધારવામાં,
પાંદડાં મંગળ તોરણ બાંધવામાં, લાકડા મકાનો બાંધવામાં
કામ આવે, પણ આ મૂળીયાં તો કાંઈ કામમાં આવતા જ નથી.
દેખાવમાં ભલે મૂળીયાં કાંઈ કામમાં આવતા દેખાતા નથી,
પણ તેના આધારે જ
થડ, ફૂળ, ફુલ, પત્તાં વિગેરે છે.
તેમ જીવનમાં સર્વ વસ્તુઓની જડ
કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

ૐ

એક મનુષ્ય અને એક ઢોર, એ તફાવત શાના અંગે?

<u>ઢોર કરતાં મનુષ્યની કિંમત અધિક હોય તો</u>

<u>ધર્મની કિંમત સમજવી જ પડશે.</u>

કેટલાકો મનુષ્યની કિંમત વિષયોપભોગાદિ ગણે છે.
એને અંગે જ જો જીવનની કિંમત હોય,
તો તે મનુષ્ય સિવાયના પ્રાણીઓની જ ગણવા પડશે.
મનુષ્ય સિવાય સર્વે વિષયોના ભોગવનારા છે.
ભોગવનારા મનુષ્ય જીવનમાં જ છે.

જાનવરોને કુદરતી ખોરાકાદિ ચાલે, મનુષ્યને નહિ. રાજાના બગીચાની સુગંધ માટે મનુષ્યોને પ્રતિબંધ, પક્ષીઓને નહિ. રાજમહેલનાં સંગીત સાંભળવા કે રાજરાણીઓનાં રૂપ જોવા મનુષ્યોને પ્રતિબંધ, તિર્યંચોને નહિ.

તિર્યંચપણામાં વગર મહેનતે વિષયો મળે છે.

એક સ્ત્રી માટે કેટલાં બંધન? બધાના લેણાની મુદત, સ્ત્રીનાં લેણાની નહિ. સ્ત્રી હજારો કમાય, પણ આદમીએ તો ભરણપોષણ કરવું જ જોઈએ. રાજાના કુતરા તરીકે અવતરનારને રાણીના ખોળામાં બેસી બધા વિષયો મફત ભોગવવા મળે છે. <u>તત્ત્વજ્ઞોએ વિષયો માટે મનુષ્ય જીંદગી ઉત્તમ માની નથી, ધર્મવિવેક અંગે જ મનુષ્યદશા ઉત્તમ છે.</u>

ૐ

વિવેકદશા કે ધર્મને મનુષ્ય સિવાય અન્યત્ર સ્થાન જ નથી.

ઇંદ્રિયોના વિષયોનો વિવેક પણ મનુષ્ય કરતાં
બીજા પ્રાણીઓ અધિક કરી શકે છે.
કીડી કરિયાતાના પાણી ઉપર ચઢતી નથી.
ગધેડું પણ પીશાબ પીતું નથી.
ઉંટ પણ તમાકુના ખેતરમાં જતું નથી.
હરણિયા અને સર્પને સુંદર શબ્દની જેટલી કદર છે
તેટલી મનુષ્યોને નથી, હરણ તેની ખાતર પ્રાણ પણ આપે છે.
ભમરાને સુગંધની એટલી કદર છે કે
તે ખાતર પ્રાણને પણ તુચ્છ ગણે છે.
હાથી સ્પર્શેન્દ્રિયના વિષયની ખાતર બંધન સ્વીકારે છે.
વિષયોનો વિવેક આ રીતે પશુઓમાં છે,
પણ કાર્યાકાર્ય કે કૃત્યાકૃત્યનો વિવેક તેમને નથી.
જન્મે, મોટા થાય, ચરે, બોજો ઉપાડે, મજૂરી કરે અને
જિંદગી પૂરી થાય એટલે ચાલતા થાય.
મનુષ્ય પણ તેમ જ કરે, તો તે પણ જાનવર જ છે.
આત્મા જગત માટે દેખતો છે પણ
પોતા માટે તો અનાદિકાળથી અંધ છે.
આંખ આખા જગતને દેખે, પોતાને ન દેખે.

ॐ

તીર્થંકર ગણધરોએ ઢંઢેરો પીટ્યો છે કે:
આ આત્મા ભવાંતરથી આવી ઉત્પન્ન થયો છે
અને અહીંથી નીકળી બીજે ઉત્પન્ન થવાનો છે.

બાદશાહનો મહેલ પણ સરાઈ કે મુસાફરખાનું જ છે.

'ધર્મ' શબ્દ જગતને વહાલો છે, પણ ધર્મ પદાર્થ નહિ.
'સંપ' શબ્દ બધાને ગમે છે, પણ માફી માગવી, આપવી
અને અન્યનું ભલું કરી ખમવું કેટલાને ગમે છે?
તે વિના સંપ થાય શી રીતે?

એ રીતે ધર્મ પદાર્થ જેના અંતરમાં રમી રહ્યો છે, તેનાં
અંતઃકરણમાં પણ ચાર વસ્તુ રમી રહેલી રહેવી જોઈએ:

(૧) બીજાનો ફાયદો મેં કેટલો કર્યો? પોતાનો ફાયદો તો જાનવર પણ કરે છે. મારા દ્વારા કે બીજા દ્વારા જગતના જીવોનું હિત થાઓ. કોઈ પાપ કરો નહિ, કોઈ દુઃખી થાઓ નહિ, સૌ કોઈ પાપ અને દુઃખથી મુકાઈ જાઓ.
જગતના હિતમાં પોતાનું હિત છે.

સમજુ શેઠિયો જાણે કે નાતની શોભામાં મારી શોભા છે.
પારકી બેટી લાવી, ઘરની બેટી પારકે ઘેર સોંપવી છે.
આખી નાતને સારી કરી હોય તો જ છોકરી સુખી થાય.

(૨) બીજાના દુઃખનો નાશ કરવાનો વિચાર તે કરુણા.
ઈર્ષ્યામાં અવળો ફોટો આવે છે.

ॐ

પેઢ સ્થાન તો જગત ઉજળું, પેઢ ઉજળો તો જગત સ્થાન.
એ ઈર્ષ્યાનો નાશ કરવા બીજી ભાવના છે.
(૩) ત્રીજી ભાવના અરતિ બીજાના સુખને સાંગો સંતોષ.
બીજાના દુ:ખનો નાશ કરવો જેટલો જરૂરી છે,
તેટલું જ જરૂરી બીજાના સુખમાં સંતોષી થવું તે છે.
(૪) કાર્ય સફળ થાય તે માટે પ્રયત્ન કરવો સહેલો છે,
પણ પ્રયત્નની પ્રતિકૂળતામાં મધ્યસ્થ રહેવું મુશ્કેલ છે.
કાર્યની સફળતા કે નિષ્ફળતામાં સમપણું રહેવાય ત્યારે
સમજવું કે ખરેખર પરોપકારવૃત્તિ આવી ગઈ છે.
જેમ શાલને ધિક્કાર કરનાર એક પવિત્ર ભાઈ પોતાના
શાલને કીમતી ગણાને બીજા બુદ્ધિથી ઉપર મળતાં અન્ન,
વસ્ત્ર, ઋદ્ધિ, સમૃદ્ધિ, આરામ, ઐશ્વર્ય, સંપત્તિ, કુટુંબના
સુખોને લાત મારે છે અને બળાત્કારે પણ તે આવતું હોય
તો પણ શાલને બચાવવા માટે તેનાથી દૂર જ ભાગે છે,
તેમ એક ભવ્ય જીવ પણ કર્મની પરાધીનતાથી પ્રાપ્ત થતાં
ભોગસુખોને મનથી પણ ઈચ્છે નહિ, તેમાં શું આશ્ચર્ય?
કર્મનો કેદી બનીને ખાવા-પીવા, પહેરવા-ઓઢવાના ઘણા
પણ સુખને સ્વપ્નો પણ સુખ તરીકે માને નહિ,
તે તદ્દન બનવાજોગ છે.

ॐ

આ દુનિયામાં બહુ દેવું કરીને
બંગલો બાંધવા ઇચ્છનાર મૂરખની કોટિમાં જ ગણાય છે.
જે દિવસથી જીવ ગર્ભમાં સંક્રમે છે, તે જ દિવસથી
તેનું મૃત્યુ સમીપ અસ્ખલિત પ્રયાણ શરૂ થઈ જાય છે.
જેને યમરાજ સાથે મિત્રતા હોય, તે જ એમ કહી શકે કે:
'આ કામ હું આવતી કાલે કરીશ.'
જે આ જાતિના ઉપદેશરૂપી અમૃતનું નિરંતર પાન કરે છે
તેઓ શક્તિને કદી પણ વશ થતા નથી.
પૌદ્ગલિક સુખ એ મોહરાજાની લાંચ-રૂશ્વત છે.
પૌદ્ગલિક દુઃખ અને પ્રતિકૂળતાઓ
એ ધર્મરાજાના અનુપમ ઉપકારી દૂતો છે.
અનુકૂળતા ખોટને માટે છે,
પ્રતિકૂળતા નિયમા લાભને માટે જ થાય છે.

તીર્થંકરોની ત્રણ અવસ્થા

(૧) કર્મકાય - સમ્યક્ત્વથી માંડી તીર્થંકર ભવ સુધી-પરાર્થ.
(૨) ધર્મકાય - દીક્ષાથી માંડી શૈલેશી પર્યંત-સ્વાર્થ.
(૩) તત્ત્વકાય - શૈલેશીથી અયોગી અવસ્થા શુદ્ધ નિષ્ઠા.
મનથી ધ્યાન વડે, તનથી પ્રણામ વડે, વચનથી ગુણગાન
વડે, ધનથી બહુમાન વડે, એમ સર્વ રીતે તીર્થંકરો તારે છે.

ૐ

જૈન શાસનમાં જો કાંઈપણ મુખ્ય ધ્યેય હોય તો તે એક જ છે કે રાગ અને દ્વેષનો સર્વથા નાશ કરવો અને ક્રોધ-માન-માયા તથા લોભનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાથી સર્વથા અભાવ કરવો. એમ કર્યા વિના કૃત્સ્ન કર્મક્ષયથી થતી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. કર્મની મૂળ કે ઉત્તરપ્રકૃતિઓમાં રાગ-દ્વેષને સ્થાન નથી આપ્યું, તેનું કારણ એ છે કે રાગની અભિવ્યક્તિ

મુખ્યતયા માયા અને લોભરૂપમાં હોય છે અને

દ્વેષની અભિવ્યક્તિ ક્રોધ અને માનરૂપમાં હોય છે.

રાગ અને દ્વેષ પ્રચ્છન્ન સ્વરૂપે રહે છે,

ક્રોધ, માન, માયા, લોભ વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે. કર્મબંધના કારણોને નાશ કરવા કટિબદ્ધ થયેલો આત્મા અભિવ્યક્ત સ્વરૂપને જ રોકી શકે, અવ્યક્ત સ્વરૂપને રોકી શકાય નહિ. કર્મપ્રકૃતિમાં રાગ તથા દ્વેષને સ્થાન નથી, પરન્તુ શાસ્ત્રકારો જ્યારે ગુણોની મહત્તા જણાવવા તૈયાર થાય છે, ત્યારે અવ્યક્ત સ્વરૂપના નાશને જ ગુણ તરીકે જણાવી વીતરાગપણાદિકને જ ગુણો તરીકે જણાવ્યા છે.

રાગ-દ્વેષ અને ક્રોધ-માન-માયા-લોભ વચ્ચે

જે તફાવત છે, તે આ જ છે.

ॐ

## વિનય, અહિંસા અને સત્ય

જૈન શાસનમાં ધર્મનું મૂળ વિનય છે,
સ્વરૂપ અહિંસા છે અને અધિષ્ઠાતા સત્ય છે.
વૃક્ષના મૂળ વિના એનું સ્વરૂપ હોઈ શકતું નથી
અને વૃક્ષનું સ્વરૂપ તૈયાર થયા પછી જ
તેનો અધિષ્ઠાતા હોય છે,
તેમ વિનય, અહિંસા અને સત્ય માટે સમજવાનું છે.
વિનયહીન, અહિંસક અને સત્યવક્તા
મૂળ વિનાના લીલાછમ વૃક્ષની શોભા જેવી છે,
તેનાથી ફળની પ્રાપ્તિ થઈ શકતી નથી.
વિનયને ધર્મનું મૂળ નહિ માનતાં
અહિંસા કે સત્યને માનીએ, તો
અભવ્યને પણ મોક્ષની પ્રાપ્તિ થઈ જવી જોઈએ,
કારણકે અભવ્યો પણ સંપૂર્ણ અહિંસક કે
નિરપવાદ સત્ય બોલનારા હોઈ શકે છે.
જે ઝાડ ફળ ન આપે તે ખેડુતને મન ભારરૂપ છે, એ ન્યાયે
અભવ્યના અહિંસા ને સત્ય અફળ હોવાથી નિરર્થક છે.
ભવ્ય જીવને જે ધર્મ મોક્ષ આપે,
તે જ અભવ્યને સંસારમાં રખડાવનાર થાય છે.

ॐ

શૌચ એ ધર્મનું મૂળ નહિ પણ ધર્મનું એક સાધન છે. જૈનેતરોને દેવપૂજા વિના હજુ ચાલે પણ સ્નાન વિના ચાલતું નહિ, કારણકે શૌચને ધર્મનું મૂળ માને છે. જૈનોને સ્નાન વિના ચાલે પણ દેવપૂજા વિના ન ચાલે. દેવપૂજા માટે સ્નાન અવશ્ય કરે, કારણકે શૌચને ધર્મનું સાધન માને છે. જો સ્નાનમાં જ ધર્મની જડ હોય તો મનુષ્યો જે ધર્મ કરશે તેના કરતાં દેડકા અને માછલાઓ જ અધિક કરી શકવાના. એક કલાક સ્નાન કરવાથી પુણ્ય થાય તો ચોવીસે કલાક પાણીમાં જ પડી રહે, તેને તો પુણ્યના ઢગલાના ઢગલા જ થાય અને જો તે વાત સાચી ઠરે, તો મનુષ્યનો મોક્ષ કે સ્વર્ગ તો થાય ત્યારે થાય, પણ માછલા-દેડકાનો અવશ્ય થાય અને તેમ થાય તો લાભ પણ તેઓનો જ અધિક ઠરે.

## શૌચને ધર્મ મનાવવો તે વિચાર

બુદ્ધિ અને તર્કથી તદ્દન જ અસંગત અને ખોટો છે. સ્નાન અને શૌચાચારને જ ધર્મનું મૂળ માનનારા મરતી વખતે મરનારના શરીર ઉપર ધળોધળ પાણી નાંખે છે, જેથી શરીર ઉપરનો મેલ ધોવાઈ જાય. માન્યતા છે કે જો મેલ સાથે બાળવામાં આવે તો મરીને શયાળવો થાય.

જૈનો દેવપૂજા માટે સ્નાન કરે છે, કારણકે અરિહંતના અંગને અપવિત્ર શરીર વડે સ્પર્શ કરવાથી આશાતનાનો દોષ લાગે. તેનાથી બચવા માટે જ જૈનો સ્નાન કરે છે. અંતિમ સમયે અસ્નાનથી પણ ઇત્યાદિ કે 'પણ' વાળા બનવાનું શાથી થાય છે? શૌચને જ ધર્મનું મૂળ માનવાથી. સમજવું હોય તેને આ વાક્યથી પણ તત્ત્વ જડી શકે છે.

## તપ એ પરમ ધર્મ

જેઓ તપને પરમધર્મ માનતા નથી અને ખાવા-પીવામાં ગાંડાતુર બનેલા હોય છે, તેમને અંત અવસ્થામાં પ્રબળ દાહ થાય છે. ખાવા-પીવામાં ભાન ભૂલાઈ જતાં ફાવે તેમ ઠાંસ્યું હોય, તો અંત સમયે ઝાડાનો રોગ થાય છે. ઝાડો છૂટવાની સાથે પ્રાણ પણ છૂટી જાય છે. તેથી આત્મા શિયાળવો બને કે તિર્યંચગતિમાં જાય તેમાં ખોટું નથી. આવી દીનદશાની પ્રાપ્તિ ન થાય માટે ખાવા પર કાબૂ રાખી, તપને શ્રેષ્ઠ ધર્મ તરીકે કબૂલ કરવો ઘટે. 'વિષ્ટા સહિત બાળવામાં આવે તો શિયાળીયો થાય' એ કથનનું તાત્પર્ય આ રીતે ખરું જોતાં તો આહારસંજ્ઞા ઉપર કાબૂ અને અંકુશ રાખવા માટેનું જ હોવું જોઈએ, નહિ કે મરતી વખતે પાણી છાંટીને મારી નાખવા માટેનું. 'આહારસંજ્ઞા વધારી નહિ અને તપ કરવાની ટેવ રાખો'

ॐ

એ જ આ વાક્યનો ગર્ભિત આશય સમજાય છે.
જેથી અંત અવસ્થાએ દુર્દશા થતી નથી
અને દુર્ગતિથી બચી જવાય છે.
શૌચને ધર્મની જડ સમજનારા અને એ જાતિનું શિક્ષણ
જન્મથી જ પામેલા લોક અન્યનો અશૌચ દેખાતાંની સાથે
જ ઘૃણાવાળા બને છે, તેમ વિનયને ધર્મનું મૂળ સમજનારા
અને એ જાતનું શિક્ષણ જન્મથી જ પ્રાપ્ત કરનાર
તપ, અહિંસા અને સત્ય આદિ
ધર્મની પાછળ પણ જો વિનયને ન લાવે,
તો તે ધર્મ તરફ તેમને પણ ઘૃણા ઉત્પન્ન થવા જોઈએ.
જો ધર્મની પાછળ મુક્તિનો ઈરાદો ન હોય,
આરોગ્ય-યશ આદિ પૌદ્ગલિક ધ્યેય હોય,
તે ધર્મ તરફ લોકોની દૃષ્ટિ પણ ઘૃણાત્મક જ હોય, અન્યથા
તેઓ વિનયને ધર્મના મૂળ તરીકે સમજ્યા ન જ ગણાય.
જેઓએ વિનય શીખ્યા છે તેમના જ સત્ય અને
દયા આદિ ધર્મોનું મૂલ્ય છે. વિનય વિનાના સત્ય અને
દયા આત્મા વિનાના દેહની જેમ નિર્માલ્ય-નિર્મૂલ્ય છે.
અભવ્યોમાં વિનય વિનાના
દયા અને સત્ય હોય છે, પણ તે મિથ્યા ગણાય છે.

ॐ

વિનય સત્પુરુષના વચનને માનવાનું, મોક્ષ પ્રત્યે વફાદારી
રાખવાનું શીખવે છે. એ વફાદારી પૂર્વકની અહિંસા
અને સત્ય જ મોક્ષફળને આપનાર થાય છે.

બાવળ, વડ, આંબો, આસોપાલવ વૃક્ષ રૂપે ચારે સરખા,
પણ બાવળના લાકડાની ઈમારત ચણી શકાતી નથી,
વડના ટેટાનું શાક થઈ શકતું નથી, જ્યારે
આંબાની કેરીનો મુરબ્બો થઈ શકે છે અને
આસોપાલવના પત્તાના મંગળ તોરણો બાંધી શકાય છે.
જેમ બાવળનાં લાકડાં લાંબો કાળ ટકતાં નથી, તેમ
વિનય વિનાની દયા અને વિનય વિનાના સત્યના
મૂલ્ય પણ થોડા જ કાળમાં ખવાઈ જાય છે.

આદિ મોક્ષની ઈચ્છારૂપી વિનય
એ જ ધર્મનું મૂળ છે એમ સિદ્ધ થાય છે.

'विनीयन्ते कर्माणि अनेन इति विनयः।'

કર્મને દૂર કરવાનું સાધન તે વિનય. ધર્મમાં કર્મક્ષય
તથા મોક્ષ પ્રાપ્તિનો હેતુ તેનું જ નામ 'વિનય' છે.

બહારથી સારી લાગતી વસ્તુ પણ જો ભીતરથી ખરાબ હોય,
તો ડાહ્યા મનુષ્ય તેના પાશમાં કદી પણ લપેટાતા નથી.
મોક્ષ પ્રાપ્તિનો હેતુ એ જ સાચો વિનય છે,
એ સિવાય વિનય છે જ નહિ.

## સમજવા જેવું સત્ય

ધર્મના મૂળ તરીકે વિનયને મૂકી,
સ્વરૂપ તરીકે સત્યને નહિ મૂકતાં અહિંસાને કેમ મૂકી?

દેવતા પહેલાં વૃક્ષનું સ્વરૂપ કેવું છે તે જોઈને જ એ વૃક્ષના અધિષ્ઠાયક બને છે. તેથી બોરડી કે બાવળ આદિના અધિષ્ઠાયક નથી બનતા, તેમ જે ધર્મમાં દયા, અહિંસા કે કરૂણાદિકની લાગણી પ્રવર્તતી નથી, તે ધર્મ પણ અધિષ્ઠાયક બનવાને લાયક નથી. શાસ્ત્રો કહે છે: સત્ય બોલવાથી પણ જો હિંસા વધતી હોય, તો તેવું સત્ય બોલવાની છૂટ નથી. અહિંસાની વૃદ્ધિ માટે અસત્ય પણ બોલવું પડતું હોય, તો તે અસત્ય બોલવાનો અવશ્ય અધિકાર છે. હિંસાને ટાળવા માટે જૂઠું બોલવાની છૂટ છે.

ધર્મમાં સત્યનું અધિષ્ઠાતાપણું ત્યાં સુધી જ છે કે
જ્યાં સુધી દયાનું અસ્તિત્વ છે.

દયાના અસ્તિત્વ વિનાની ચીજમાં સત્યનું અધિષ્ઠાતૃત્વ નથી. ધર્મનું નામ ગુરૂ કે ધર્મના નામ ઉપરથી નહિ, પણ તેના દેવના નામ ઉપરથી જ પડે છે, તેથી વિનય મૂળવાળો, અહિંસા લક્ષણવાળો અને સત્યની અધિષ્ઠાતૃત્વવાળો ધર્મ પણ વિનય ધર્મ, અહિંસા ધર્મ કે સત્ય ધર્મ નહિ,
પણ 'જૈન ધર્મ' જ કહેવાય છે.

ૐ

## વિનય ગુણનું મહાત્મ્ય

(૧) માન-મદ-માયા એ જ્ઞાનાદિક ભાવપ્રાણોનો નાશ કરનારા છે. વાંસને અથવા કેળને ફૂલ આવવાથી જેમ વાંસ કે કેળનો નાશ થાય છે, તેમ માન-મદ-માયા થવાથી જ્ઞાનાદિભાવ પ્રાણોનો નાશ થાય છે.

(૨) ગુરુ મંદબુદ્ધિ, અલ્પવય કે અલ્પ શ્રુતવાળા હોય તો પણ હીલના ન કરવી. ગુરુહીલના મહાપાપ છે.

(૩) કર્મની ગતિ ગહન છે. અલ્પ વયવાળા શુદ્ધ બુદ્ધિવાળા, જ્ઞાનાદિ આચારવાળા તથા ગુણાધિષ્ઠિત આત્માવાળા હોય છે. વૃદ્ધ વયવાળા બુદ્ધિમાં સ્વભાવથી મંદ પણ હોય છે.

(૪) ગુરુહીલના, નિંદા કે અવર્ણ અગ્નિની જેમ જ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે અથવા સર્પ નાનો છે એમ માનીને કદર્થના કરનારનો નાશ થાય છે. ગુરુહીલના બેઇંદ્રિયાદિ ભવોને આપે છે. મિથ્યાત્વને પમાડે છે, તે દૃષ્ટિવિષ સર્પથી પણ ભયંકર છે. વિનય હીલનાથી બચાવે છે.

(૫) બળવા માટે અગ્નિમાં ઊભું રહેવું, સર્પને ક્રોધ પમાડવો અથવા બળવા માટે ઝેરને ખાવું, તેમ ગુરુ આશાતના છે.

(૬) મંત્રબળથી અગ્નિ, સર્પ કે વિષ વશ થાય પણ ગુરુહીલના કરનારનો મોક્ષ થાય નહિ.

ॐ

(૭) માથા વડે પર્વત ભાંગવા ઈચ્છે, સુતા સિંહને જગાડે,
ખડગની ધાર ઉપર હાથ વડે પ્રહાર કરે,
તે ઉપમા ગુરુ હીલનાની જાણવી.

(૮) અપ્રસન્ન આચાર્યથી સદ્બોધિના અભાવે
મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે.

(૯) જ્ઞાની શિષ્યે પણ આહિતાગ્નિવત્
ગુરુની સેવા કરવી જોઈએ.

(૧૦) જેની પાસે ધર્મપદો શીખવા હોય તેનો વિનય કરવો.
ઉભા થવું, હાથ જોડવા, મસ્તક નમાવવું 'મત્થએણવંદામિ'
બોલી મન વડે વિનય ભાવ ધારણા કરવી.

(૧૧) જેમ દેવોમાં ઈંદ્ર, નક્ષત્રગણમાં ચંદ્ર અને
આકાશતલમાં સૂર્ય, તેમ સાધુગણમાં
શ્રુતવાન, શીલવાન, બુદ્ધિમાન આચાર્ય શોભે છે.

(૧૨) સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટે મોક્ષ પામવાના
અભિલાષી જીવોએ આચાર્યાદિનો વારંવાર વિનય કરવો.

(૧૩) મૂળથી સ્કંધ, સ્કંધથી શાખા, શાખાથી ડાળી, ડાળીથી
પાંદડા, પાંદડાથી પુષ્પ, પુષ્પથી ફળ અને ફળથી રસ અનુક્રમે
પેદા થાય છે, તેમ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે
અને રસ મોક્ષ છે. સત્કર્મથી દેવલોકમાં ગમન અને
સુકુળમાં આગમન એ સ્કંધ, શાખા વિગેરે છે.

વિનયથી કીર્તિ, શ્રુત, લાભ અને પ્રશંસા પામી શકાય છે.
(૧૪) અવિનયવાન ચાર ગતિમાં રોળાય છે. હિતશિક્ષા આપનાર ઉપર કોપ કરનારો પોતાની પાસે આવતી દિવ્ય લક્ષ્મીને આડી લાકડી વડે નિષેધ કરે છે, પાછી વાળે છે.
(૧૫) રાજાદિકના વિનયહીન દાસ અને ઘોડા ક્લેશરૂપ દુઃખને પામી ભાર ઉપાડવાવાળા થાય છે, જ્યારે વિનયી આભૂષણો, ગજશાળા, અશ્વશાળા, ખોરાકને ભોગવે છે. તિર્યંચો પણ વિનયથી સુખ પામે, તો મનુષ્યો શું ન પામે?
(૧૬) વિનયહીન જીવો દેવયોનિમાં પણ આભિયોગિક દેવપણું પામે, જ્યારે વિનયવંત મહર્દ્ધિક દેવપણું પામે છે.
(૧૭) જલસિંચનથી વૃક્ષ વધે, તેમ ગુરુ પ્રત્યેના વિનયગુણે શિષ્યની પોતાની ગ્રહણ, આસેવન શિક્ષાઓ વધે છે.
(૧૮) અન્ન-પાન-ભોગોપભોગ-શિલ્પકલાદિ માટે જો રાજકુંવરાદિ પણ કલાચાર્ય તરફથી શિક્ષાદિકને સહે છે, તો પછી શ્રુતલાભ અને મોક્ષમાર્ગના અભિલાષીઓએ આચાર્યાદિની શિક્ષાઓને અવશ્ય અનવરત માનવી જોઈએ.
(૧૯) ક્રોધી, ગારવવાન, અવર્ણવાદી, અકૃત્યમાં તત્પર, ગુરુ આજ્ઞાને નહિ માનનાર, અવિનયી અને અસંવિભાગી શિષ્યોને ક્લિષ્ટ અધ્યવસાયોના કારણે મોક્ષપ્રાપ્તિ નથી.

ॐ

(૨૦) વચનરૂપી કાંટાઓ લોઢાના કાંટાઓ કરતાં પણ સહન કરવા દુષ્કર છે, શૂરવીર અને જિતેન્દ્રિય સાધુ તો તેને પણ વિનયની સાધનાને કારણે જીતી જાય છે.

(૨૧) જે વિનય વડે સમાધિ પ્રાપ્ત થાય, તેના ચાર પ્રકાર છે:

ગુરૂ વચનને ઈચ્છે, અંગીકાર કરે,

આરાધન કરે અને સ્વપ્રશંસા ન કરે.

(૨૨) જે શ્રુત વડે સમાધિ પ્રાપ્ત થાય, તેના ચાર પ્રકાર છે: શાસ્ત્ર ભણે, એકાગ્રતા ભળે, શુદ્ધ ધર્મ ભણે અને બીજાઓને પણ ધર્મમાં સ્થાપન કરે.

(૨૩) જે તપ વડે સમાધિ પ્રાપ્ત થાય, તેમાં:

આ લોકની ઈચ્છા ન હોય, પરલોકની ઈચ્છા ન હોય,

કીર્તિ, વર્ણ, શબ્દ અને પ્રશંસાની ઈચ્છા ન હોય,

કેવલ કર્મ નિર્જરાની ઈચ્છા હોય.

(૨૪) જે શીલ વડે સમાધિ પ્રાપ્ત થાય, તે:

આ લોક માટે નહિ, પરલોક માટે નહિ,

વર્ણ - કીર્તિ - શ્લાઘા - પ્રશંસા માટે નહિ,

કેવળ અરિહંત ભગવંતોએ કહેલ મોક્ષના હેતુ માટે.

(૨૫) મસ્તકથી પર્વતને તોડવો, ભુજાઓથી પૃથ્વીને ઉપાડવી કે સમુદ્રને તરવો, સોયના અગ્રભાગથી સમુદ્રને માપવો,

હાથ વડે ચંદ્રને અડવું કે મેરૂને હલાવવો, ગતિ વડે પવનને જીતવો, ભુજ વડે સ્વયંભૂરમણ સમુદ્રને પીવાને ઇચ્છવો, અધીત પ્રજ્ઞા વડે સૂર્યને પરાભવ કરવો, તેની જેમ જ જિનવચનને સંગ્રહિત કરવું એ દુષ્કરમાં દુષ્કર કાર્ય છે. વિનયની પરીક્ષા કરવી આકરી છે. ગુરૂ મિતાવિદ્ અને અમોચક હોય તેવા ગચ્છની ઉપેક્ષાથી દીર્ઘ સંસાર તથા એવા ગચ્છના પાલનથી ત્રીજા ભવે મોક્ષ મળી શકે છે.

સારણાવિહીન ગચ્છ ત્યાજ્ય છે.

જીહ્વાથી ચાટતા ગુરૂ અભદ્ર,

જ્યારે દંડથી તાડતા ગુરૂ ભદ્ર ગણાયા છે.

એવા ગુરૂ વિનીત શિષ્યને કોમલ વચનથી,

જ્યારે અવિનીત શિષ્યને

પરૂષ અથવા કઠોર કે અપ્રિય લાગે તેવા વચનથી તારે છે.

o ઇન્દ્રિય એ શરીરથી અભિન્ન છે.

o સ્વરૂપ ભૂતોનો ધર્મ, સંખ્યા એ ભૂતોનું કાર્ય નથી.

o કાલ એ સ્કંધોનું કાર્ય નથી.

o સંબંધ એ પરમાણુનો ધર્મ નથી.

o સંસ્કાર એક શરીરમાં અનેક છે.

o નિષેધ એ ચૈતન્યનો અનુભવ નથી.

ॐ

## અહિંસા અને કુમારપાળનું જૈનત્વ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ કુમારપાલ મહારાજાને પ્રતિબોધ કરીને જૈન બનાવ્યા હતા. તેઓએ પોતાના સમસ્ત રાજ્યમાં અહિંસા પ્રવર્તાવી, અમારિ પડહ વગડાવ્યો હતો.

એમના રાજ્યમાં કોઈપણ મનુષ્ય પશુ-પંખીને તો ન જ મારી શકે, પણ કીડી, મંકોડા, માખી, માંકડ, જુ સુદ્ધાંને ય મારી શકતા નહિ. આજના યુગમાં મનુષ્ય મનુષ્યને ન મારે આટલી મર્યાદાએ જ અહિંસાની પ્રવૃત્તિ દેખાય છે. આજે ગુજરાત, મારવાડ, માળવા, મેવાડમાં માંસાહાર અને મત્સ્યાહારની પરહેજ તથા અહિંસાધર્મ તરફ લાગણી દેખાય છે, તેનું કારણ શ્રી કુમારપાલ મહારાજાના એ રાજ્યની છાયા છે, જે બધું હેમચંદ્રાચાર્યજીને આભારી છે.

## જૈન દૃષ્ટિએ અહિંસાનું સ્વરૂપ

અપાર અને પારાવાર એવા સંસારમાં જીવના પતનનું કોઈપણ કારણ હોય તો તે બે પ્રકારની હિંસા જ છે: દ્રવ્યથી કોઈ જીવનો પ્રાણવિયોગ કરવો તે 'દ્રવ્યહિંસા' અને કઠોર હૃદય વડે દુષ્ટ અધ્યવસાયપૂર્વક પીડા આપવા તથા પમાડવાની ઈચ્છા તે 'ભાવહિંસા' કહેવાય છે.

ॐ

દુષ્ટ અધ્યવસાયના અનેક પ્રકારમાં મુખ્ય નીચે મુજબ:
(૧) આકુટ્ટી - જાણીને કે કારણ વિના પાપ સેવવું.
(૨) પ્રમાદ - કામક્રોધાદિકને આધિન થઈને પાપ સેવવું.
(૩) દર્પ - ધાવન, વલ્ગન, હાસ્ય - કુતૂહલાદિ વડે
વૃથા અથવા અકારણ પાપ સેવવું.
(૪) અભિનિવિષ્ટ - દુરાગ્રહ અથવા કુમતની વાસનાને
વશ થઈને નિષિદ્ધ આચરણ કરવું.
ઉપર્યુક્ત દુષ્ટ અધ્યવસાયોથી હૃદય કઠોર બને છે અને
કઠોર હૃદયવાળાને રૌદ્રધ્યાન અવશ્યંભાવી હોય છે.
જમાલી, મરીચી આદિની જેમ કઠોર હૃદયના થવાને બદલે
સુકોમળ હૃદયધારીને આર્તધ્યાનનો પણ સંભવ નથી.

આર્તધ્યાન કોને કહેવાય?

ભરત ચક્રવર્તી, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, વિષ્ણુકુમાર વિગેરેની
જેમ જેમાં રાજ્યના ઉપભોગ આદિની તૃષ્ણા હોય તે.

રૌદ્રધ્યાન કોને કહેવાય?

જેમાં છેદન - ભેદન - તાડન - તર્જન આદિની સૌ
ક્રિયાઓ નિરનુકંપપણે થતી હોય તે.

ધર્મધ્યાન કોને કહેવાય?

જેમાં સ્વાધ્યાય, ધ્યાન, મહાવ્રતપાલન, બંધ - મોક્ષની
જીવની ગતિ - આગતિ આદિની ચિંતા થતી હોય, વળી

ૐ

પ્રાણીઓની દયા અને પંચેન્દ્રિયોનો નિરોધ હોય છે તે.

## શુક્લધ્યાન કોને કહેવાય?

જેમાં ઇન્દ્રિયો વિષયોથી પરાંગ્મુખ હોય છે, જેમાં મન સંકલ્પ-વિકલ્પના દોષોથી રહિત તથા ચપળતારહિત શરીર કે સ્થિર શરીર હોય તે શ્રેષ્ઠ એવું શુક્લધ્યાન છે.

આર્તધ્યાનથી તિર્યંચગતિ, રૌદ્રધ્યાનથી નરકગતિ, ધર્મધ્યાનથી દેવગતિ અને શુક્લધ્યાનથી જન્મક્ષય થાય છે.

સંસારવૃક્ષના કારણભૂત જે હિંસા કહી છે, તે આર્ત-રૌદ્ર અધ્યવસાયવાળી હિંસા સમજવી.

દુર્ધ્યાનથી હૃદય કઠોર બની પરપીડામાં પરિણમે છે.

તે પીડા ત્રણ પ્રકારની હોય છે.

(૧) પર્યાયક્ષય = પ્રાણવિયોગ

(૨) મનઃક્લેશ = શારીરિક પીડા અને પ્રાણવિયોગ

(૩) દુઃખોત્પાદ = પ્રાણવિયોગ વિનાની શારીરિક પીડા ઉત્પન્ન કરવાનો ક્લિષ્ટ અધ્યવસાય.

આ ત્રણ પ્રકારની હિંસા સંસારવૃક્ષનું કારણ છે, એમ શ્રી જિનમતથી જ ઘટી શકે છે, કારણકે હિંસા કરનારો તથા હિંસાને પામનારો જીવ નિત્યાનિત્ય અને શરીરથી ભિન્નાભિન્ન શ્રી જિનમતમાં જ કહેલો મળે છે.

સં. ૨૦૧૮, જેઠ વદ ૧૪

## ધર્મની પ્રતીતિ

આત્મા, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણે વડે
ધર્મતત્ત્વની પ્રતીતિ થાય છે.
તીર્થંકરોને આત્માથી, ગણધરોને ગુરુથી,
શિષ્ય પરંપરાને શાસ્ત્રથી ધર્મની ઓળખ થાય છે.
આત્મા એટલે પોતાની બુદ્ધિ,
ગુરુ એટલે સાક્ષાત અધિક બુદ્ધિમાન અને
શાસ્ત્ર એટલે પરોક્ષ અધિક જ્ઞાનવાન,
એ ત્રણેની સહાયથી જ ધર્મની ઓળખાણ થાય છે.
એકલા આત્મા વડે,
એકલા ગુરુ વડે કે
એકલા શાસ્ત્ર વડે ધર્મની પ્રતીતિ થઈ શકતી નથી.
શાસ્ત્રવચન વડે ગુરુના વચનની અને
ગુરુવચન વડે આત્માના અનુભવની તથા
સત્યાસત્ય સંબંધી ખાત્રી કરી શકાય છે.
સામાયિક ધર્મ એવો છે કે
તેને કહેનાર શાસ્ત્ર અને ગુરુ તથા
સ્વીકારનાર આત્માની સત્યતાનો વિશ્વાસ થાય છે.

ॐ

પાટણ, સં. ૨૦૧૮, આસો સુદી ૨, રવિવાર

'સમાધાન' એટલે સરખું ધોરણ રાખવું. તેને 'યોગ' પણ કહેવાય. અહીં જતું કરવાની વાત નથી પણ સત્યની અનેક બાજુઓને સહૃદયતાથી સ્વીકારવાની વાત છે. 'મને લાગ્યું તે જ સત્ય અને તેને જ સ્વીકારાવવું' એ રસ્તો શૂરાનો કે હરિનો નથી, પણ તોફાનનો છે.

o 'સર્વધર્મ સમભાવ'માં બધા ધર્મો નહિ, પણ બધા ધર્મોની ધાર્મિકતા સંગ્રહી લેવાની છે. એનું જ નામ સાચો 'સર્વધર્મ સમભાવ' છે. ધર્મ ભલે ઈશ્વર પાસેથી આવે છે પણ માર્ગમાં જુદા જુદા મહાપુરુષોના હાથમાં અને હૃદયમાં થઈને આવે છે, તેથી એમાં માણસે ઉમેરેલો મેલ પણ આવે છે. ધર્મો બધાને ઉપર લઈ જવા માગે છે.

દરેક ધર્મની સાડી અલગ હોઈ શકે.

મનુષ્યના સ્વીકાર કે ઈન્કારનું મહત્ત્વ શૂન્ય માત્ર છે.

સનાતન ધર્મમાં એ વૃત્તિ હોય છે કે રુચિના વૈવિધ્ય અનુસાર સૌ ઈશ્વરની ઉપાસના કરે.

સમ્યગ્ જ્ઞાન = આત્મજ્ઞાન

સમ્યગ્દર્શન = આત્મદર્શન

સમ્યક્ ચારિત્ર = આત્મભાન

ૐ

૦ 'આયા સામાઇએ, આયા સામાઇયસ્સ અટ્ઠે |'
અર્થાત્ આત્મજ્ઞાન અને આત્મદર્શનમૂલક
અનાસક્ત જીવનવ્યવહાર તે સમ્યક્ ચારિત્ર છે.
વિદ્યાધ્યયનથી ઋષિઋણ, સંતાન જન્મથી પિતૃઋણ તથા
યજ્ઞ-પૂજનાદિથી મનુષ્યનું દેવઋણ ચૂકવી શકાય છે.
આ સર્વથી ઇચ્છાઓનું શોધન થાય છે.

૦ શાસ્ત્રપૂજા પાછળનો સમગ્ર હેતુ દુર્બળ મનને
તાકાતવાન અને મલિન મનને નિર્મળ બનાવવાનો છે.
એ હેતુ ન સધાય તો તે પૂજા નિષ્ફળ છે.

૦ પ્રાણીઓને બચાવવાની સાથે મહત્ત્વનો સવાલ તો
આપણી કરુણાવૃત્તિને બચાવવાનો છે. પ્રાણીઓ કરતાં
આપણી કરુણાવૃત્તિ મરે છે, તે વધારે દુઃખની વાત છે.
The crisis of character & Compassion
એ આજના યુગની કરોકટી છે. કરુણા ઓસરવા સાથે
આખી માનવ સંસ્કૃતિ અને સભ્યતા જોખમાવા લાગી છે.

આસો સુદ ૮

સુખ બાહ્ય પદાર્થોનો ધર્મ નથી, પરંતુ અંતરના આત્યંતિક
અનુભવની વસ્તુ છે. બાહ્ય ધનના ઢગલા હોય પણ
ચિત્ત જો કોઈ ચિંતાથી સળગી રહ્યું હોય તો સુખ શું?

ॐ

ટૂંકી બુદ્ધિવાળા એવું માને છે કે સુખ ધનમાં, સ્ત્રીમાં, પૈસા-મકાનમાં, માન-પાન, સત્તા અને સાહ્યબીમાં છે, પણ તે મિથ્યા છે. સુખ એ બાહ્ય વસ્તુનો ધર્મ નથી, એ તો આત્માની ચીજ છે, જે ત્યારે જ અનુભવમાં આવે છે જ્યારે કોઈ ચિંતા, ભય કે અજંપો ન હોય, પરન્તુ તેને નિશ્ચિંતતા, નિર્ભયતા અને શાંતિ હોય. જે રીતિએ વન-વગડામાં અત્યંત જ ભૂખ્યા માનવને સુકો રોટલો પણ મહાસુખ આપે છે, તેમ એક ધર્માત્મા દુન્યવી સામાન્ય સંયોગોમાં પણ મહાઆનંદમાં રહે છે.

સાધુ-મહર્ષિને ધર્મ વડે પુણ્યના યોગ સર્જાય, જે જન્માંતરમાં પણ સારી ગતિ, કુળ, જાતિ, આરોગ્ય, ઋદ્ધિ, સમૃદ્ધિ અને ધર્મસામગ્રી આપે છે.

આસો સુદ ૧૦

બાહ્ય દેહાદિમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરીને આત્મામાં જ આત્મત્વ બુદ્ધિને ધારણ કરનારો 'અંતરાત્મા' કહેવાય છે અને તે જ જ્યારે પોતાના આત્મામાં પરમાત્માપણું જુએ છે, ત્યારે પરમાત્મભાવને પામ્યો કહેવાય છે.

આસો સુદ ૧૧

ધર્મનો હેતુ અહિંસા છે, અહિંસાનો હેતુ મૈત્રી છે.

ॐ

ધર્મનો હેતુ સમ્યક્ત્વ છે.

સમ્યક્ત્વનો હેતુ ગુણદૃષ્ટિની ઉપાસના છે.

ધર્મનો હેતુ સંતોષ છે.

સંતોષનો હેતુ આત્માદિગ્રહનો ત્યાગ છે.

૦ નમસ્કાર એ દ્રવ્ય-ભાવ સંકોચ સ્વરૂપ છે.

ધ્યાતાનો સંકોચ એ નમોના ખોળામાં ચોથી વિભક્તિ હોય.

ધ્યેયનો સંકોચ એ નમસ્કારના ખોળામાં છઠ્ઠી વિભક્તિ પામે.

ધ્યાતાનો સંકોચ સર્વ પાપનો નાશક છે.

ધ્યેયનો સંકોચ સર્વ મંગળમાં પહેલું મંગળ છે.

'નમો અરિહંતાણં' એ ધ્યાતાનો સંકોચ સૂચવે છે.

'અરિહંતાણં નમો' એ ધ્યેયનો સંકોચ જણાવે છે.

ધ્યાતાનો સંકોચ ધ્યેયને ઉદ્દેશીને છે અને

ધ્યેયનો સંકોચ ધ્યાતાને ઉદ્દેશીને છે.

૦ ત્રણે કાળના અરિહંતોના સર્વ દ્રવ્યો અને

દ્રવ્યોના સર્વ પર્યાયોનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ

એ ચારેની દૃષ્ટિએ અનંત વિસ્તાર છે.

એ વિસ્તારને સંકુચિત કરવાનો છે.

જેમ ૧૪ પૂર્વોનો સંકોચ નવકારમાં છે,

તેમ નવકારના પાંચે પરમેષ્ઠિઓના સર્વ દ્રવ્યો અને

સર્વ પર્યાયોનો સંકોચ આત્મામાં કરવાનો છે.

ૐ

વસ્તુતઃ એ સર્વદ્રવ્યો અને
સર્વપર્યાયોનો સંક્ષેપ તે જ આત્મા છે.
આ રીતે ત્રણે કાળના સર્વ શુભ પર્યાયોનું
એકી સાથે આત્માની અંદર અભેદ ભાવવાથી
એક એવો ઉલ્લાસ પેદા થાય છે,
જે પૂર્વે કદી પણ ન અનુભવ્યો હોય.

પૂર્વે કાયિકાદિ વૃત્તિઓનો સંક્ષેપ કરતા હતા, તે ધ્યાતાનો સંક્ષેપ ધ્યેય માટે હતો, કારણકે ચતુર્થ વિભક્તિ હતી. એ રીતે ધ્યેયનો પણ સંક્ષેપ ધ્યાતા માટે થવો જોઈએ. ત્યારે દ્રવ્ય-ભાવ, વ્યવહાર-નિશ્ચય, ભેદ-અભેદ અને બાહ્ય-આંતર, સર્વ રીતે પૂર્ણ નમસ્કાર થઈ જઈને તેનું પૂર્ણફળ પાપનાશ અને મંગળલાભ રૂપે પ્રગટે છે. પાપ એટલે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, દુષ્ટયોગો. પાપના આ કારણોનો નાશ ધ્યાતાના સંક્ષેપથી થાય છે.

ધ્યેયના સંક્ષેપથી સર્વ મંગળોમાં પ્રધાન મંગળ
એવો આત્મધર્મનો લાભ થાય છે.

આસો સુદ ૧૩, ગુરૂવાર

લાભ મેળવવાનું હોય છે, ભાવના આપવાની હોય છે. આપાતી વસ્તુ લેનારને લાભ કરે કે ન કરે તે જોવાનું નહિ, આપનારને લાભ કરે છે કે નહિ, તે જ જોવાનું છે.

ॐ

જે વસ્તુ નિરવદ્ય હોય, નિષ્પાપ હોય, અને તે બદલો મેળવવાની ઇચ્છા વિના જ અપાય તો આપનારને અવશ્ય લાભ કરે છે. એ જ નિયમ ભાવનાને પણ લાગુ પડે છે. જે ભાવ પણ આપી શકે નહિ, તે દ્રવ્યને શું આપી શકશે? જે દ્રવ્યને આપે અને ભાવને ન આપે તેણે આપ્યું ન કહેવાય, પણ થોડું આપીને ઘણું બધું માગ્યું કહેવાય. મનુષ્ય માત્ર ભાવ આપવા માટે જ જન્મેલો હોય છે. ભાવ આપવા માટે જ મનુષ્યનો ભવ મળેલો હોય છે.

તે જ્યાં સુધી આપતો નથી ત્યાં સુધી
તેને ભાર રહે છે, તેના ચિત્તને શાંતિ થતી નથી.
જે વસ્તુ જે હેતુ માટે મળી હોય,
તે હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં ન આવે,
તો ગુન્હો છે, અપરાધ છે, તેની શિક્ષા ભોગવવી પડે છે.
તે શિક્ષાનું નામ જ ચિત્તની અસમાધિ છે.
ચિત્તસમાધિ માટે ભાવ આપવો અનિવાર્ય છે.

દુઃખ એટલે આત્માથી દૂર રહેવું તે.
સુખ એટલે આત્માની નજીક રહેવું તે.

નિઃસ્પૃહતા, સ્વાધીનતા, નિરીહીતા એ સુખના લક્ષણ છે.
સ્પૃહા, પરાધીનતા, ઇચ્છા એ દુઃખના લક્ષણ છે.
दुष्टु स्वानि यस्के रसिकन् तद् दुःखं ।

આસો વદી ૧

## ધ્યાનનું ગૂઢ રહસ્ય

આત્માના હૃદયમાં પરમાત્માના યથાર્થ સ્વરૂપરૂપી આ સગુણસાકાર ઈશ્વરરૂપી ઈષ્ટદેવને સ્થાપી, તેના જ્યોતિર્મયરૂપ અને પ્રેમમય ભાવમાં વિષયાસક્તિરહિત મન દ્વારા જોડવાનો આ તદ્રૂપ કરવાનો અભ્યાસ પાડવો એ ધ્યાનનું ગૂઢ રહસ્ય છે. તે પામવા પુરુષાર્થ કરવો. જ્યારે ભાવ પરિપક્વ થાય આ પરિપ્લુતિ પ્રાપ્ત કરે, અખંડ તૈલધારાવત્ વહે, ત્યારે મન ઈષ્ટમાં તન્મય થઈ જાય છે. એ અવસ્થાને જ ભાવ આ સમાધિ કહે છે.

સમાધિની જેમ નમસ્કાર એ જપ ગુહ્ય છે.
નમસ્કાર એ શ્રુત સામાયિક અને
સમ્યક્ત્વ સામાયિકરૂપ છે, તેમ જપ ગુહ્યરૂપ છે.

કહ્યું છે કે:

પ્રભુ નામની ઔષધિ, ખરે ભાવસે ખાય;
રોગ-શોક આવે નહિ, સબ સંકટ દૂર થાય.

જગતના બહુમાનમાં જિનનું બહુમાન છે
અને એ જિનના બહુમાન વિના
જગતનું સાચું બહુમાન જાગવું અત્યંત દુષ્કર છે.

ॐ

0 શૂન્યવાદ પરરૂપેણ અસત્, અદ્વૈતવાદ સ્વરૂપેણ સત્,
સ્યાદ્વાદ સ્વરૂપેણ સત્ અને પરરૂપેણ અસત્.
પહેલો ઋજુસૂત્રનય છે, બીજો સંગ્રહનય છે, ત્રીજો સર્વસિદ્ધ છે;
તેથી પ્રમાણભૂત છે.

0 'નવકાર ચૌદ પૂર્વનો સાર છે';
એ શાસ્ત્રવચન પ્રશસ્તિરૂપે નહિ, પરંતુ
હકીકત કે Scientific formula રૂપે દેખાય છે.

<u>નવકાર દૃષ્ટિવાદની ચાવી છે</u>

તેથી નવકાર દ્વારા જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.
નવકાર એ અનાદિકાળની સુષુપ્ત અંતરદૃષ્ટિનો ઉઘાડ છે.
શ્રદ્ધા એટલે શાસ્ત્રો અને મહાપુરુષોના વાક્યોમાં
અડગ વિશ્વાસ અને તે પ્રમાણે વર્તન કરવાનો અડગ
નિશ્ચય, સદ્વર્તન કરવાની તીવ્ર અભિલાષા અને રુચિ.

0 જળ અને પૃથ્વી મૂર્ત અન્ન જેવાં છે,
તેજ અને વાયુ અન્નનો વિપાક કરનારાં,
આકાશ બધાં એનું આધારપાત્ર છે.
આ પાંચનું વિશિષ્ટરૂપ તે જ આપણો માનવદેહ.
દૃષ્ટિ-સૃષ્ટિવાદ, વ્યષ્ટિ-સમષ્ટિવાદ, બિંબ-પ્રતિબિંબવાદ,
પિંડ-બ્રહ્માંડવાદ બધા આ તત્ત્વને આભારી છે.
અગ્નિ-સ્ફુલિંગવાદ પણ આ જ છે.

ॐ

<u>નમસ્કાર મહામંત્રના આરાધક બનવા માટેની પૂર્વતૈયારી</u>

જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે.
તે જ્ઞાનના પાંચ પ્રકાર છે:
મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવળજ્ઞાન.
તેમાં શ્રુતજ્ઞાન સ્વપર પ્રકાશક હોવાથી મુખ્ય છે.
<u>શ્રુતજ્ઞાન ચૌદ પૂર્વ અને બાર અંગ સ્વરૂપ</u>
<u>તથા સાગર જેટલું વિશાળ છે.</u>
દૈવી સહાય થકી બે ભુજા વડે
સ્વયંભૂરમણ સાગરનો પાર પામવો હજુ પણ શક્ય છે,
પણ દેવ અને ગુરુની ભક્તિ વિના પોતાના પ્રયત્નથી
શ્રુતસાગરનો પાર પામવો અશક્ય છે.
<u>શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે:</u>

દેવ-ગુરુને પ્રણામ એ જ શ્રુતસાગરને પાર પામવાનો ઉત્તમ ઉપાય છે. તે દેવ-ગુરુને પ્રણામ નમસ્કાર મંત્ર વડે થાય છે, તેથી ગુરુ પાસે વિધિપૂર્વક ગ્રહણ કરીને તે મંત્ર ભણવો જોઈએ. તે ગ્રહણ કરવા માટે ઉપધાન તપ કરવો જોઈએ. આજે <u>નવકાર મંત્રના ઉપધાન</u> થાય છે, તેમાં ૧૮ દિવસ સુધી ગુરુનિશ્રાએ પૌષધમાં રહી ૧૨॥ ઉપવાસના તપની સાથે રોજ બે વખતના પ્રતિક્રમણ,

પ્રતિલેખન, સાત વખત દેવવંદન, ૧૦૦ લોગસ્સનો
ઉભા ઉભા કાયોત્સર્ગ અને ૧૦૦ ખમાસમણા, ગુરુવંદન,
વ્યાખ્યાન શ્રવણ આદિ શાસ્ત્રોક્ત ક્રિયા કરવી પડે છે.

રોજ 2000 નવકારમંત્રનો જાપ
લાગલાગાટ ૧૮ દિવસ સુધી કર્યા પછી
જીવ નમસ્કાર મંત્રનો સાચો અધિકારી બને છે.

તેટલી તપ કરવાની શક્તિ આદિ જેનામાં ન હોય તો તે
તપ કરવાની ભાવના હૃદયમાં રાખીને પણ નવકારમંત્ર
ગણી શકાય છે અને જ્યારે પણ શક્તિ-સામગ્રી મળે
ત્યારે તે તપ પૂર્ણ કરી આપવાની તૈયારી રાખવી પડે છે.

આ બધું શા માટે? શ્રુતજ્ઞાનની આરાધના માટે.

શ્રુતજ્ઞાન ન ભણી શકે તેને પણ દ્વાદશાંગના સારરૂપ
નમસ્કાર મંત્રને ભણવા દ્વારા શ્રુતજ્ઞાનના આરાધક
બનવા માટેની સરળ સામગ્રી શાસ્ત્રકારોએ બતાવી છે.

તે સામગ્રીમાં ઉપધાન તપ પણ છે.

નવકાર મંત્રમાં એવું શું છે કે જેથી તેને ચૌદ
પૂર્વ અને બાર અંગનો સાર કહી દીધો?

તેમાં દેવ-ગુરુને સાચા ભાવથી પ્રણામ છે.

તે નમસ્કાર કરનાર સંસારસાગરના પારને પામી જાય.

ૐ

સંસારસાગર ગમે તેટલો ભયંકર હોય,
પણ જેની પાસે નમસ્કાર છે, તેને તે કાંઈ ન કરી શકે.
નમસ્કારમાં આટલું બધું સામર્થ્ય શાથી?
એ સામર્થ્ય જેને નમસ્કાર કરવામાં આવે છે,
તે દેવ - ગુરુમાં છે.
અરિહંત અને સિદ્ધ એ દેવ છે,
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ છે.
દેખે તે દેવ અને દેખાડે તે ગુરુ.

આપણા આત્માનું શુદ્ધસ્વરૂપ દેખાડનાર ગુરુતત્ત્વ છે.
આપણા આત્માનું શુદ્ધસ્વરૂપ પમાડનાર દેવતત્ત્વ છે.

શાસ્ત્રો કહે છે: Know thyself – આત્માને ઓળખો. આખા જગતને ઓળખ્યું, પણ પોતાને ન ઓળખ્યો તેણે કાંઈ જ ઓળખ્યું નથી. બધાના નામ જાણી અને પોતાનું નામ ભૂલી જાય તે વ્યવહાર માટે નાલાયક ગણાય છે, તેમ આખી દુનિયાની બધી વાત જાણી પણ પોતાની જ જાતને ન જાણી તે આત્મા મોક્ષ માટે અનધિકારી છે.

નમ્રતા સદા બોધ શીખવાડે છે કે:

'કર્મનું આવરણ છે અને એ આવરણ નીચે શુદ્ધસ્વરૂપ રહેલું છે એવું શ્રદ્ધાપૂર્વકનું ભાન નિર્ભયતા અપાવે છે.'

ॐ

**આપણને નવકાર મંત્ર એવો બોધ કરાવે છે કે:**

પોતાની જાત આઠ કર્મથી બંધાયેલી છે, એટલું જ નહિ
પણ કર્મોના આવરણ નીચે જે શુદ્ધ સ્વરૂપ રહેલું છે,
તે અરિહંત અને સિદ્ધ છે.

જ્યાં સુધી 'હું કોઈનું દેણદાર છું,' એવો ખ્યાલ ન આવે
ત્યાં સુધી માનવદુઃખનો ભાર જરા ય ઓછો થતો નથી.
નમસ્કાર એટલે દાસત્વ, સમર્પણ, આત્મદાન તથા
સ્વામી પ્રત્યે સેવકનો સમર્પણભાવ.
મનુષ્ય પોતાની પ્રકૃતિ તેમાં જ શોધે છે.

## 'નમો' પદનું મહત્વ

નવકાર મંત્રના પહેલાં 'નમો' પદ વડે એક બાજુ
નમ્રતા - વિનય ગુણ કેળવાય છે અને
બીજી બાજુ નિર્ભયતા - નિશ્ચિંતતા ગુણ વિકસે છે.
જો તેના અર્થની ભાવનાપૂર્વક 'નમો' પદ બોલાય તો
એક જ 'નમો' પદ વડે આપણા દુષ્કૃતોની નિંદા તથા
અરિહંત પરમાત્માદિ પાંચે પરમેષ્ઠિ ભગવંતોના
સુકૃતોની અનુમોદના થાય છે.
તે જ પદ વડે આપણા આત્માના શુદ્ધસ્વરૂપનું શરણ
અર્થાત્ સ્મરણ - ધ્યાન વગેરે સહજ સાધ્ય બને છે.

ॐ

બધાં શાસ્ત્રો આત્મજ્ઞાન કરાવવા માટે છે અને એ જ કાર્ય નવકાર મંત્રથી પણ થાય છે, તેથી તેને બધાં શાસ્ત્રોનો સાર કહ્યો છે, તે યથાર્થ છે.

આમ અર્થની વિચારણાપૂર્વક શાંત ચિત્તે, એકાગ્ર મનથી, શ્રદ્ધા ભક્તિપૂર્વક રોજ નવકાર મંત્રનું સ્મરણ કરનારો આ ભવ-પરભવની અંદર અનેક માંગલિક માળાઓ અને સુખોની પરંપરા મેળવી નિર્વિઘ્નપણે સંસારસાગરના પારને પામી જાય છે.

શાસ્ત્રકાર ભગવંતોએ સર્વ દૃષ્ટિથી જોઈ-જાણીને નવકાર મંત્રનું આ માહાત્મ્ય દર્શાવ્યું છે.

તેને જે કોઈ શ્રદ્ધાપૂર્વક સ્વીકારી, આત્માને નવકારથી ભાવિત કરે તે માનવજન્મ, જૈનકુળ અને તેમાં દુર્લભ એવી ધર્મસામગ્રીને સફળ કરી સદ્ગતિને સાધી જાય છે.

નવકાર વડે જે દેવ-ગુરુનું શરણ સ્વીકારાય છે, તે અચિન્ત્ય પ્રભાવવાળું હોવાથી જીવને નિર્ભય બનાવે છે.

જૈનમતમાં દેવ વીતરાગ છે અને ગુરુ નિર્ગ્રન્થ છે. વીતરાગદેવ ગુણરત્નૈશ્વર્યવાન - અચિન્ત્ય શક્તિવાળા છે, તેથી સર્વ મનોવાંછિત પૂરનાર છે. નિર્ગ્રન્થ ગુરુ મોહ-મમતા રહિત, સર્વ સાવદ્યનાં ત્યાગી તથા સર્વ જીવો પ્રત્યે સમાન

ॐ

હિતના આશયવાળા લૌકિક દેવોને પણ પૂજનીય છે. તે જ તત્ત્વ જ જગતને વિનાશમાર્ગે જતું અટકાવી રહ્યાં છે. તેમનો કહેલો અને આચરેલો ધર્મ જ જગતને આલંબન રૂપ છે, તેથી તે જ તત્ત્વોની ભક્તિ જ પરમ કર્તવ્ય છે. તે જ તત્ત્વો એટલે કે દેવ-ગુરુને દર્શાવનારો નમસ્કાર મહામંત્ર સર્વશ્રેષ્ઠ છે, તેથી સર્વને આદરવા લાયક છે.

પરમેષ્ઠિ ભગવંતોને વંદન શાથી?

પરમાત્મસ્વરૂપને પામેલા અરિહંત-સિદ્ધ ભગવંતો તથા પરમાત્મસ્વરૂપ પામવા સદા ઉદ્યમશીલ એવા આચાર્ય-ઉપાધ્યાય-સાધુભગવંતોને વારંવાર નમસ્કાર કરવા વડે પાપપ્રકૃતિઓનો ક્ષય, પુણ્યપ્રકૃતિઓની વૃદ્ધિ અને પાપ-પુણ્યથી પર એવા શુદ્ધ આત્મસ્વરૂપની નજીક જવાય છે.

o પ્રાર્થનાથી પ્રણિધાન સધાય

પ્રણિધાન વડે પાંચ વસ્તુની સિદ્ધિ થાય છે:

(૧) સન્માર્ગની દૃઢતા (૨) શુભાશયની વૃદ્ધિ
(૩) પ્રવચનની આરાધના (૪) કર્તવ્યતાનો નિશ્ચય
(૫) સાનુબંધ શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ.

ભાવપ્રાર્થનાનાં લક્ષણો

(૧) ગુણરાગ (૨) ભવખેદ (૩) વિસ્મય (૪) ભાવવૃદ્ધિ
(૫) અર્થનું આલોચન.

ॐ

## થોડા શબ્દાર્થો

**વિવેક** = નિત્ય-અનિત્ય વસ્તુ વચ્ચેનો ભેદ સમજવો.

**બ્રહ્મ** = નિત્ય, શાશ્વત, નિર્વિકાર, સચ્ચિદાનંદ સ્વરૂપ.

**જગત** = બ્રહ્મનો વિવર્ત હોવાથી એનો અધ્યાસ જે તે અશાશ્વત, મિથ્યા, અનિત્ય, અસ્થાયી છે.

**વૈરાગ્ય** = પીંડથી બ્રહ્માંડ પર્યંતના પ્રત્યેક વિનાશી પદાર્થ માટે રાગનો, મોહનો, અભિલાષાનો ત્યાગ.

**શમ** = નિરાકાર બ્રહ્મસ્વરૂપમાં મનોનિગ્રહની સ્થિતિ.

**દમ** = કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિયને તેના વિષયોમાંથી ઉપરામ (વિરામ) કરી પોતાના ગોલકોમાં સ્થિર કરવી.

**ઉપરતિ** = વૃત્તિઓને પદાર્થનો આકાર ન લેવા દેવો.

**તિતિક્ષા** = સર્વ પ્રકારના ક્લેશને શાંતચિત્તથી-વિલાપન કર્યા વિના, સમજણપૂર્વક સહન કરવા.

**સમાધાન** = સર્વદા નિષ્કલંક, વિશુદ્ધ, શાશ્વત બ્રહ્મમાં પોતાની બુદ્ધિને સદૈવ સ્થિર કરવી, સુસ્થાપી કરવી.

**શ્રવણ** = આર્ષગ્રન્થોનું ધ્યાનથી કાન દઈને અધ્યયન કરવું.

**મુમુક્ષુત્વ** = સ્થૂલ, સૂક્ષ્મ અને કારણદેહમાં અહંતા ત્યાગી આત્માનુસંધાન કરવાની તીવ્ર ઉત્કંઠારૂપ બહિરંગ સાધન (અંતરંગ સાધન = શ્રવણ, નિદિધ્યાસન).

ॐ

<u>મનન</u> = પુપુકૃત્ય કેટલું સનાતન, કેટલું આગંતુક છે, તેનો તર્ક કરી નિશ્ચય કરવો તે.

<u>નિદિધ્યાસન</u> = નિત્ય સત્યના સ્વરૂપ વિષે નિશ્ચય થયે તેના મર્મ, રહસ્યમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન.

<u>બે પ્રકારે સત્ય</u> = શાશ્વત અને દેશકાળાનુસાર સામાયિક. ચિત્તના વિજાતીય પ્રવાહને રોકી સજાતીય પ્રવાહ તરફ વાળી 'હું નિર્વિકાર, નિરાકાર, સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા છું;' એવી અનુભૂતિ માટે સતત પ્રયાસ - નિરંતર અભ્યાસ કરવાથી અવિદ્યાના સર્વ કાર્યોને, સર્વ વિક્ષેપોને દૂર કરીને જીવને પરમાત્મામાં, નિર્ગુણ બ્રહ્મમાં સ્થાપિત કરે છે.

સન્માર્ગ માત્રનો આ સામાન્ય આશય રહેલ છે.

પ્રત્યેક યોગમાર્ગનો હેતુ પરમાત્માને વિશુદ્ધ સ્વરૂપમાં ઓળખવાનો - જીવન દ્વારા તેનો આવિર્ભાવ કરવાનો છે. કર્મયોગ ક્રિયાશક્તિનો, ભક્તિ ભાવનાશક્તિનો અને જ્ઞાની વિવેક અથવા વિચારશક્તિનો ઉપયોગ કરી પોતાના એકમેવ ધ્યેય તરફ સતત આગેકૂચ કરે છે. આ સાધનાનું કાર્ય નકારાત્મક છે, અંતરાયો નિવારણ કરી, અપરોક્ષ લાભ માટે અંતઃકરણને તૈયાર કરવાનું છે.

એ વિચાર મનમાં સ્થિર કરવાનો છે કે:

ॐ

'આત્મા સિવાય અન્ય પદાર્થો વિનાશી છે.'
મનને આ વિચારથી અનાસક્ત અને વિશુદ્ધ કરવાનું છે.
એ રીતે ચિત્ત સાત્ત્વિક બને
સરળ આપોઆપ ઋતંભરા પ્રજ્ઞાનો ઉદય થાય છે.
આપણને યથાર્થ સ્વરૂપનું ભાન થતું નથી, તેમાં કારણ
આપણામાં પશુબુદ્ધિનું અને દેહબુદ્ધિનું પ્રાધાન્ય છે.
આહાર, નિદ્રા, રતિભોગ વગેરે શરીરના ભોગોમાં
મનુષ્ય અને પશુ વચ્ચે સમાનતા હોય છે.
જેનામાં ભાન સંપાદન કરવાનો રસ હોય,
મનનો ઉત્કર્ષ થયો હોય,
તેઓ જ મનુષ્યસંજ્ઞાને યોગ્ય છે.
મનોમય પ્રાણી (મનુષ્ય)ની એ જ વિશિષ્ટતા છે.
વધારે શ્રેષ્ઠ કોટિના મનુષ્યોમાં
મુમુક્ષુત્વની, અમરત્વની તાલાવેલી હોય છે.
બુદ્ધિને તીક્ષ્ણ બનાવવાને, ક્રિયાશક્તિનો વિકાસ કરી
વધારે સામર્થ્યશાળી બનાવવા, હૃદયને વધુ વિશાળ કરી,
જીવનને સંયમી બનાવવાને નીતિમય જીવન ગાળવામાં જ
માનવદેહની સાર્થકતા નથી. આ બધી નિમ્નકોટિની માનુષી
પ્રકૃતિ છે, તેમાં સાત્ત્વિક અહંકાર જરૂર રહી જાય છે,

ૐ

તેથી પ્રકૃતિનું કિંચિત દાસત્વ રહે છે.
મનમાં આળસ, ક્રોધ, લોભ, અશાંતિ કાયમ રહે છે.
જ્યાં સુધી પરિમિતતા, અપૂર્ણતા હોય,
ત્યાં સુધી માનવમનમાં અતૃપ્તિ રહેવાની જ.
માનવબુદ્ધિને ઇંદ્રિયોથી પર એવા નિત્ય તત્ત્વનું
અસ્તિત્વ સ્વીકારવાની આવશ્યકતા અનિવાર્ય લાગે છે.
આના અપરોક્ષ જ્ઞાન માટે ભૌતિક વિદ્યાઓમાં
કામ આવતા સાધનોનો ઉપયોગ થઈ શકે નહિ.
સ્થૂલ સૃષ્ટિમાં જે પદાર્થો છે, તેનું જ્ઞાન કરવા માટે મન,
ઇંદ્રિયો અને તેના ગોલકો સ્થૂલ શરીરમાં હોય છે. સૂક્ષ્મ
વસ્તુઓનું જ્ઞાન સૂક્ષ્મ ઇંદ્રિયો દ્વારા મેળવી શકાય છે,
પણ જેની સાથે આપણો એકતાનો સંબંધ છે,
તેનું જ્ઞાન તો તાદાત્મ્ય સંબંધથી જ સંપાદન થઈ શકે છે.
તેથી યૌગિક જ્ઞાનમાં મન, બુદ્ધિ, અહંકાર વગેરે
સર્વ કરણોથી પર જવાની જરૂર રહે છે.

મોક્ષનો માર્ગ

(૧) જ્ઞાનનું જ્ઞાન (૨) શ્રદ્ધા ઉપર શ્રદ્ધા
(૩) ચારિત્રનું સંરક્ષણ.
જ્ઞાન, શ્રદ્ધા અને સંરક્ષણના પૂર્ણ વિકાસનું નામ મોક્ષ.

ૐ

## સમ્યગ્દર્શન - આશયની શુદ્ધિ

'ન ચાશુદ્ધાશયે ભૈષજાદિવ શ્રુતાત્મલાભં લભતે ।'

અર્થ: અશુદ્ધ આશયવાળું શ્રુતજ્ઞાન ઔષધની જેમ આત્મલાભને આપતું નથી. અધ્યયન અન્ય આશયથી સંભવે પણ આશય શુદ્ધિ, તત્ત્વરુચિ વિના સમ્યગ્દર્શન નથી.

## એકતા

'એકતા ભાવવી' એનો અર્થ મનુષ્યોને સહિષ્ણુ અને સમજુ કરવા. 'એકતા'નો અર્થ એક કરવા કે સરખા કરવા એવો જ નથી, પણ મનુષ્યમાત્રની લાગણીઓ-સુખ-દુઃખ એક છે, માટે તેનો વિચાર કરીને વર્તવું કે પોતાના અને પારકા વચ્ચેના ભેદને સમજણપૂર્વક દૂર કરવો. આવી જાતની ભાવના દિલમાં ઉગાવવી એ જ ધર્મબુદ્ધિ. આવી ભાવના ઉગાડનારા જવલ્લે જ પાકે છે. તેઓ વિશિષ્ટ પ્રકારના હૃદય સાથે જન્મ્યા હોય છે. એમની વાણી હૃદયમાંથી સ્ફુરે છે અને એ વાણી આપણને કબજે કરી લે છે. પોતાની વાણીમાં વિશ્વાસ પેદા કરાવવા શકવાની શક્તિ ફક્ત સંત પુરુષોમાં જ હોય છે. વિશ્વાસ એ પ્રેમનું જ ફળ છે. પ્રેમની ગાંઠથી બંધાયેલા મનુષ્યો એકમેકનાં શબ્દમાં પૂરો વિશ્વાસ કરે છે.

ૐ

વિશ્વાસ ગયા પછી બધું જાય છે,
બુદ્ધિની પણ તાકાત પછી રહેતી નથી.
વિશ્વાસ વિના એકતા આવતી નથી. એકતા કરવા માટે
કુટુંબ વચ્ચેમાંથી ઉગ્રતા કે કટુતા દૂર થયે નહિ ચાલે.
દિલમાંથી પણ ડંખ કાઢી નાંખવો જોઈએ.
મહાસંતોના હૃદય દ્વારા જે વસ્તુ સમજી કે સમજાવી શકાય
છે, તે ઠરાવો કે ઝુંબેશ દ્વારા કદી પણ શક્ય નથી.
એને 'હૃદયપલટો' કહે છે. તે દિલનું પરિવર્તન છે.
દિલથી દુનિયા એક છે.

આસો વદી ૧૦

વૈરાગ્યાગ્નિ - ભાવનાનલ - જ્ઞાનાગ્નિ પાસે
સર્વ દોષ તૃણ સમાન છે.
અરે! પ્રકાશ પાસે અંધકાર અનંત હોય,
કે અનંતાનંત હોય તો યે શું વિસાતમાં?
એટલે અજ્ઞાનના અનંતાનંત દોષો પણ
જો ભેગા થાય તો યે ઝૂંપડીઓમાં રહેલો આત્મપ્રકાશ
અંધકારરૂપ અનંતાનંત પુંજોનો ક્ષય કરી શકે.
પ્રકાશની સામે અંધકારનું ગમે તેવડું ગણિત હોય,
તો યે એની કશી ગણના નહિ.

ॐ

બધાનું અજ્ઞાન નિર્મૂળ કરવાની તાકાત જ્ઞાનજ્યોતિમાં છે,
પરન્તુ જ્ઞાનમાં એ પ્રકાશ પ્રગટ થાય નહિ, ત્યાં સુધી
ઘણા ભાવના હોય તો પણ નાઈલાજ. માત્ર ઉપદેશાદિ દ્વારા
આત્મામાં પ્રકાશ ઉત્પન્ન કરવાનો પુરૂષાર્થ - પ્રયત્ન કરે.

o દ્રવ્યકર્મ એ ભાવકર્મનું સર્જન છે.
ભાવકર્મ જાય એ મહત્વની વસ્તુ છે.
તે એના પ્રતિપક્ષ વીતરાગદેવાદિનું ધ્યાન કરવાથી જાય,
તેથી ભાવકર્મ અને દ્રવ્યકર્મ બંને ટળે.

o સૌના કલ્યાણ માટે પોતાના સ્વરૂપનું સમર્પણ
એ હૃદય પરિવર્તન છે.
હૃદય, જીવન, સમાજમાં ત્રિવિધ પરિવર્તન જરૂરી છે.

o ઈશ્વર ઘટ-ઘટ વ્યાપી છે, કિન્તુ પ્રભુને પ્રસન્નતા
અર્પવા કરાતો યજ્ઞ એ માલિકી ભાવનાનું વિસર્જન છે.

o આત્મારૂ, જ્ઞાન, બુદ્ધિ એ બધું સમાજનું છે,
એ બધા ઉપર સમાજનું ઋણ છે.
તેમાંથી મુક્ત થવું એ ધર્મ છે.
મા-બાપ, શિક્ષક, પાડોશી, ખેડુત, વણકર, સુથાર, લુહાર,
આ બધાનો સત્કાર ન હોત તો કોઈ મોટા જ ન થાય.
આત્માને માત્ર પોતાનો ગણાવો કે ગણાવવો
તે જ શું એક પ્રકારનું અજ્ઞાન નથી?

પોતાના ધનને પોતાનું જ માનવું,
પોતાના દેહને માત્ર પોતાનો જ માનવો,
પોતાના બળ, બુદ્ધિ અને જ્ઞાન
ઉપર માત્ર પોતાનો જ અધિકાર માનવો,
એ પણ જો વિશ્વમાં દ્રોહ ગણાતો હોય,
તો પોતાના લાભને પોતા સિવાય બીજા કોઈને માટે પણ ઉપયોગ ન કરવો તે મોટો દ્રોહ નહિ? શું તે મોટી કૃપણતા, મોટી પશુતા કે મોટી સ્વાર્થપરાયણતા નહિ? તન, મન, ધન, વચન અને સ્વજન - એમાં જો સર્વ કોઈનો હક્ક હોય તો તે બધાનો સમગ્ર સરવાળો જે આત્મા છે, એ દરરોજ પોતાનો નહિ, પણ સર્વનો છે એમ માનવું એ જ સાચું જ્ઞાન તથા સાચો લાભ છે.

o જીવમૈત્રીથી જિનભક્તિ સફળ બને છે.

સત્ એ શુદ્ધ અસ્તિત્વ છે.
ચિત્ એ અસ્તિત્વનું ભાન છે.
આનંદ એ અસ્તિત્વનો આનંદ છે.
તમસ્ એ પોતાને સિદ્ધ કરતું ચિત્ છે.

o દિવાળી - વીર નિર્વાણ - ગૌતમસ્વામી કેવળજ્ઞાન સમયે લક્ષ્મી પૂજા દાન વડે, સંસ્કૃતિરક્ષા દયા વડે તથા શારદા પૂજા જ્ઞાનાધ્યયન વડે કરાય છે.

ૐ

આસો વદ ૧૪

## માધ્યસ્થ્યનું સાચું લક્ષણ

રાગ-દ્વેષરહિતતા અથવા પક્ષપાતરહિતતા છે. એવું 'માધ્યસ્થ્ય' હિતચિન્તાના વિષયમાં સ્વપરનો ભેદ મટાડી દે છે અને તેના પ્રભાવે જ પ્રભુએ ઉપદેશેલો સામાયિકધર્મ સાચા અર્થમાં આત્મામાં પરિણામ પામે છે. પોતાનું હિત ચાહનાર પોતાના જેવા બીજા જીવો અનંતા છે, એમ જાણવા છતાં તેઓનું હિત ન ચાહે તો તેનામાં માધ્યસ્થ્ય સમપરિણામ અથવા સમત્વ કેવી રીતે ટકે?

સમત્વનો પરિણામ સ્થિર કરવા માટે
હિતચિન્તાના વિષયમાં સ્વપરના
ભેદનો છેદ ઉડવો જરૂરી છે, અનિવાર્ય છે.

હિતની ચિન્તાના વિષયમાં સ્વ-પરનો ભેદ પાડવા જતાં પક્ષપાતદુષ્ટતા આવે છે, જે સમત્વને બાધક છે. એવું સામાયિક જ કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ બને. માધ્યસ્થ્ય ટકાવવા ગુણની ઉપર પ્રમોદ થવો જ જોઈએ, દુઃખી ઉપર કરુણા જાગવી જ જોઈએ, પાપી પ્રત્યે ઉપેક્ષા અનુભવવી જ જોઈએ. તો જ સાચી મૈત્રી અને તો જ સાચું માધ્યસ્થ્ય ટકે તો જ પ્રભુભાષિત સાચું સામાયિક.

ૐ

૦ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ક્ષયોપશમથી તત્ત્વરુચિ પ્રગટે છે અને સુદેવાદિનો સ્વીકાર થાય છે, તેમ જીવદ્રવ્ય પ્રત્યેના વલણમાં પણ કાંઈ ફેરફાર થાય છે કે નહિ? અન્ય ગુણીની સાથે મૈત્ર્યાદિભાવો પણ પ્રગટે છે કે નહિ?

આત્મજ્ઞાનમાંથી દયા, દયામાંથી સમશત્રુ મિત્રતા,
એથી અનંતાનુબંધીનો ક્ષયોપશમ, પછી સમ્યક્ત્વ,
આત્મતત્ત્વનું અપરોક્ષ - સ્વાનુભૂતિરૂપ જ્ઞાન થાય છે.

<u>નિર્ભયતા - નિરીહતા</u>

નિર્ભયતાને નિરીહતાની સાથે સંબંધ છે.
નિર્ભયતા એ સર્વ સદ્ગુણોની કસોટી છે.
નિરીહતા એ નિર્ભયતાની કસોટી છે.

<u>આસો વદી ૦))</u>

૦ મેઘના ધનુષ્ય, સંધ્યાના રંગ, શરદના વાદળ, અંજલિનું પાણી, જળની રેખા, ઝાકળનાં બિંદુ, ઝાંઝવાનાં જળ,
ભિખારીના સ્વપ્ન, વિજળીના ચમકારા જેવું
ક્ષણિક આપણું જીવન છે.

૦ જેમ ઘેટાંના ટોળામાં સિંહ, મૃગનાભિમાં કસ્તુરી, ભયંકર અટવી અને તોફાની દરીયા પરખાતા નથી, તેમ આ સંસારના અવિરત દુઃખો પણ પરખાતા નથી.

ૐ

o વિચારમાં સ્યાદ્વાદ પ્રગટ્યા વિના આચારમાં અહિંસા ઉતારવી મુશ્કેલ છે. તપરૂપી અગ્નિ, કર્મરૂપી પશુ, બ્રહ્મચર્યરૂપી સ્નાન, હિત-મિત-પથ્ય-સત્ય વચન, હૃદયમાં દયા-કૃતજ્ઞતા-પરોપકાર, મનમાં અશરણ-એકત્વ-અન્યત્વ-સંસાર-અશુચિ-આશ્રવ-સંવર નિર્જરા-લોકસ્વરૂપ-બોધિદુર્લભ, મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્ય ભાવના તથા જે બુદ્ધિ ધર્મમાં સ્થિર રહેશે, તે સ્વયં જીવો આરાધક થઈને જીવનને સફળ કરશે.

o <u>ભાવિક વચન</u>

સમાજ લજ્જા, મર્યાદા, પરાર્થ, દાક્ષિણ્યરહિત થશે. અસત્ય, ચોરી, શીલભંગ, સ્વજનવિરોધાદિ સમાજની ઓળખ થશે. નીચ-ઉંચ, ઉંચ-નીચ, રાજ-યમદંડ, દેવો આદિ અપ્રત્યક્ષ થશે. શિષ્યો ગુરૂઓનું અને પુત્રો પિતાનું કહેણ માનશે નહિં.

વહુ સર્પિણ અને સાસુ કાળરાત્રિ સમાન થશે.

કુલિન સ્ત્રીઓ ગણિકાનું અનુકરણ કરશે,

છતાં એ સમાજમાં ગૌરવ પામશે.

ધર્મમાં દંભ-દેખાડો વધશે.

સત્પુરૂષોની અવગણના થશે અને દુર્જનોનું માન વધશે.

ધરતીનાં રસકસ ઘટશે.

મણિ, મંત્ર, તંત્ર, ઔષધ, ફળ, પુષ્પ, રસ, રૂપ, શરીર દુર્બળ થશે.

ૐ

અહિંસા અને સંવર નિર્જરાનું મૂળ છે.
જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ અહિંસાનું મૂળ છે.
સ્નેહ પરિણામનું મૂળ ચૈતન્યનો સ્વભાવ, જે આનંદ
પરિણતિરૂપ છે. જીવને ખેદ અપ્રિય - આનંદ પ્રિય છે.
આનંદ સાધવા માટે જ મૈત્રીનો પ્રયત્ન અને દુઃખનાવટને
દૂર કરવાનો છે. જીવો પ્રત્યે મૈત્રી ધારણા ન કરવી એ
ચૈતન્યની સામે પડકાર છે. પોતાના જ ચૈતન્યભાવની
હિંસા છે, તેથી આપણા અંદર રહેલ ચૈતન્ય આવરાય છે.
મૈત્રીથી ચૈતન્ય ઉપરનું આવરણ ખસે છે.
અમૈત્રી એ મોહ છે, મૈત્રી એ વિવેક છે.

o

Navkar is the master key to
the process of soul sublimation.
Only man is capable of this process, but
not all men. A man must become man.
Every highly cultivated of men,
habitually sees the world and
himself through the mentally coloured
lenses. Navkar filters the colours,
cleanses the lenses.

માગશર વદ ૪

(1) જેને જે વાતની દૃઢ તાલાવેલી લાગી છે,
તેને તે બાબતની બધી જરૂરી સામગ્રી આપવા માટે
સમગ્ર વિશ્વ તત્પર બનીને સામે આવે છે.
આદિ પણ લાગે જ છે કે
સમગ્ર વિશ્વમાં કંઈચિત એક જ આત્મા છે અહિ
જેટલું આ બાહ્યવિશ્વમાં નજરે પડે છે, તે બધું
આપણા આ માનવદેહમાં પણ અવશ્ય રહેલું જ છે.
(2) દરેક ધર્મ સંપ્રદાયવાળા પોતપોતાના આગમોને
માનીને સાધનાદિ કરે, તો તેને આત્મા-મોક્ષ,
સંસાર-માયાદિનું સ્વરૂપ યથાર્થ પ્રતિભાસે છે.
(3) જે પોતાને સમજ્યા વિના બીજાને
સમજાવવા પ્રયત્ન કરે તે પ્રાયઃ વિડંબિત થાય.
(4) જેનું-તેનું વાંચવું બંધ કરીને,
ફક્ત સાચા અનુભવી ચિંતકો કે પ્રાચીન મહર્ષિકૃત શ્લોકો
કે ગ્રન્થોના પારાયણ કે સ્વાધ્યાય વિષે મગ્ન રહેવું.
(5) આપણે જ્યારે-જ્યારે વિશ્વચેતના સાથે સુમેળ
સાધવા પ્રયત્ન કરીએ છીએ કે તુરત જ સમગ્ર વિશ્વ
આપણી મદદે આવીને આપણને વધુ ને વધુ વિશ્વ

ॐ

ચેતનાવાળા બનાવે છે. આપણાં કાર્યોમાં અદૃશ્ય રીતે અવારનવાર બળ-સહાય્યાદિ પ્રાપ્ત થતાં જ હોય છે. તે આપણને કોઈ ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરાવે છે.

(6) એકાગ્રતા કેળવ્યા વિના કદાપિ શક્તિનો સંચય થતો નથી. શક્તિ આવ્યા વિના શુદ્ધિમાં ટકી શકાતું પણ નથી.

(7) જગમાત્ર બાહ્ય જગ સાથે અભેદ સાધવા માટે અનુકૂળતા કે પ્રતિકૂળતાદિ પણ અવશ્ય પ્રયત્ન કરે છે.

(8) 'ન્યૂઝપેપર'નો ખરો અર્થ છે કે જેમાંથી નવા સમાચાર મળી શકે, પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં નવું કંઈ બનતું જ નથી.

જીવનના બધા બનાવો સાપેક્ષ છે,
તે પ્રમાતા માટે બને છે, આત્મા માટે નહિ.
પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય ત્રણે કલ્પિત છે,
એટલે કે સાપેક્ષ સત્ય છે પણ સંપૂર્ણ સત્ય નથી.
'જે હતું તે છે અને જે છે તે રહેશે'
એમ જાણીને પ્રાચીનકાળના ઋષિઓએ
છાપખાનાની શોધ ન કરીને ડહાપણ વાપર્યું છે.
સુધારાનો અંત આવતો નથી.
અંત લાવવો હોય તો જે તત્ત્વ કદાપિ બગડતું નથી,
એ આત્મતત્ત્વનો અનુભવ લેવો જોઈએ.

ॐ

(૯) જેમ જેમ બાળ જીવ સાચો સમભાવ સાધતો જાય છે, તેમ તેમ વૈર-વિરોધ કે પ્રતિકૂળતાઓ ઘટતાં જાય છે અને પૂર્ણ સમભાવ કેળવ્યા પછી તો તેને કોઈપણ પ્રકારનાં દુઃખ કે વિરોધ રહેતાં જ નથી.

સ્યાદ્વાદ ન્યાય કેળવ્યા વિના જીવમાત્ર સાથે
જીવનમાં સાચો સમભાવભાવ પ્રગટી શકતો નથી.

ફક્ત આપણી ભૂલોને કબૂલી આપણે કદી
નાસીપાસ થવું ન જોઈએ.
આપણે તેને સુધારીને તેનો લાભ લેવો જોઈએ.
આમ ખરેખર દરેક ભૂલ આપણને ઉત્સાહ આપે છે,
કેમકે દરેક ભૂલનો (બોધ) પાઠ શીખવાથી
આપણે એક પગથિયું ઉંચે ચઢીએ છીએ.
આવી રીતે ચોક્કસ પ્રગતિ થશે.

(૧૦) સંત મહાપુરુષોની નિર્બળતાઓની ગણની જ સંખ્યા અને એક ચક્રવર્તી શઠરાજના પાપકર્મોની મહાસંખ્યાઓ વચ્ચે આસમાન-જમીન જેટલો ફરક રહે છે.

## ભક્તિના ઉપાયો

उत्साहान्निश्चयाद्धैर्यात् तत्तत्कर्म-प्रवर्तनात् ।
संगत्यागात् सतो वृत्तेः षड्भिर्भक्तिः प्रसिध्यति ॥

(પરિશિષ્ટ-૨૫)

ૐ

## પ્રતિષ્ઠા તત્ત્વ

(1) પરમાત્મવિષયક ભાવના ઈત્યાકારક ભાવ
'સ એવ અહમ્'ની ભાવના આત્મામાં પ્રતિષ્ઠા કરવી
તે જ તાત્ત્વિક પ્રતિષ્ઠા છે, જે
કાલક્રમે આપણા ભવરૂપી તામ્રને સિદ્ધકાંચન બનાવે છે.

(2) 'હું પરમાત્મ સ્વરૂપ છું.'
'પરમાત્મા પરમાત્મ સ્વરૂપ છે.'
બંને પ્રકારના ભાવો તાત્ત્વિક દૃષ્ટિએ એકરૂપ જ છે.
એકાંતવાદી ફક્ત બીજા ભાવને પકડે છે,
જે નયવિશેષે આરાધનામાં પરમ ઉપયોગી પણ છે.
પરમનિઃસ્પૃહભાવની ઉત્પત્તિ,
અહેતુકી અને પરમપ્રેમસ્વરૂપા ભક્તિ એથી પ્રકટે છે,
'સોઽહં'માં સૂક્ષ્મ પણ સ્પૃહા રહેલી છે.

(3) 'સ એવ અહમ્' ભાવથી થતી પ્રતિષ્ઠા અપેક્ષાએ
(જ્યારે આત્મામાં થાય છે ત્યારે) તાત્ત્વિક હોય છે.
અપેક્ષાએ (જ્યારે બિંબમાં હોય ત્યારે) ઔપચારિક છે.
ઔપચારિક પ્રતિષ્ઠા પણ ઔપાધિક નહિ, પણ
સ્વાભાવિક ઉપચારરૂપ છે.

(4) પ્રથમ વીતરાગત્વાદિ ગુણસહિત મોક્ષગત પરમાત્માનું

લગન કરવાનું છે, પણ તે લગન આત્મામાં દૃઢ કરવાનું છે,
પછી તેને બિંબમાં સ્થાપન કરવાનું છે.

(5) મોક્ષનિષ્ઠ પરમાત્મગત ચૈતન્ય સીધું બિંબમાં ન આવી શકે એથી વચન જ પ્રમાણ સમજવું. એ ચૈતન્યનું વહન થવા માટે આપણું ચૈતન્ય તારનું કામ કરે છે. બિંબ તે બલ્બ છે અને પ્રકાશ તે પરમાત્મ ચૈતન્ય છે. એકવાર સ્થાપન થયા પછી એ બિંબ રહેતું નથી, એ તો પરમાત્મ ચૈતન્ય સ્વરૂપી જ થઈ જાય છે.
તેની સાથે આત્મચૈતન્યનું સીધું અનુસંધાન થઈ
જવાથી વચ્ચે મોક્ષને ભાવવાનો રહેતો નથી.

(6) પરમાત્મવિષયક પોતાનો 'સ એવ અહં' ભાવ
અને પરમાત્મવિષયક પોતાની
વીતરાગતાવિગાહિની બુદ્ધિ એ બેમાં ખાસ અંતર નથી.
અભેદથી બંને ભાવો એક છે, ભેદથી જુદા છે.

(7) બધા ધર્મોમાં કોઈને કોઈ રૂપે મૂર્તિ છે જ.
સંસારમાં રહેલા કોઈને કોઈ વસ્તુમાં
પરમચૈતન્યની સ્થાપના કર્યા સિવાય
કોઈથી પણ ઉપાસના થઈ શકતી નથી.
જૈન પ્રતિષ્ઠા એ દ્રવ્યથી અને
ભાવથી તથા નામથી અને સ્થાપનાથી સર્વદા શુદ્ધ છે.

(૪) મૂર્તિનું મૂર્તિ તરીકે દર્શન હોય નહિ. ત્યાં સાક્ષાત પરમાત્મા જ દેખાવા જોઈએ. ભક્ત અને આત્મા અથવા આત્મા અને પરમાત્મા જુદા નહિ. પોતાના ભક્તની પ્રતિષ્ઠા કે પરમાત્માની પ્રતિષ્ઠા એ બંને એક જ છે.

(૫) પ્રતિષ્ઠાપક પ્રથમ મોક્ષગત પરમાત્માને આત્મામાં અને તે ભક્તસહિત આત્માને બિંબમાં સ્થાપે છે. પ્રથમ ક્ષણમાં આ પ્રતિષ્ઠા પ્રતિષ્ઠાપક માટે ઉપયોગી છે. આ જાતની પ્રતિષ્ઠા એક વખત થઈ ગયા પછી પુનઃ પુનઃ એ પ્રતિષ્ઠાને કરવાનું કોઈ પ્રયોજન નહિ. તે પછી પ્રતિષ્ઠાપક કે અન્ય કોઈ પણ સાધક માટે

'સ એવ અહમ્'

સદા અભેદ વિચાર જ કરવાનો રહે.

અહીં જે 'સઃ' પદ છે તેનો અર્થ વ્યવહારથી મોક્ષગત પરમાત્મા - નિશ્ચયથી સ્વગત શુદ્ધાત્મા છે. એ સ્વગત શુદ્ધ આત્મતત્ત્વ અનાદિ-અનંત, નિર્વિકલ્પ, સદા એકરૂપ, સનાતન, સુપ્રતિષ્ઠ, નિશ્ચલ અને સર્વતંત્ર સ્વતંત્ર તથા પ્રત્યેક જીવમાં રહેલું છે.

સ્વ અને પરમાત્મામાં જે ભેદ ભાસે, તે વ્યવહારગત છે. નિશ્ચય તેને 'ભ્રમારોપિત' કહે છે.

ॐ

(10) આપણને 'હું વીતરાગ છું' એવું ભાન થાય છે
અને વીતરાગને 'હું વીતરાગ છું'
એવું જે ભાન હોય છે, તેમાં સામાન્ય એક જ છે.
'હું વીતરાગ છું' એ ભાન વડે વીતરાગમાં રહેલ
ભાન - શુદ્ધ ચૈતન્યનો અવતાર આપણામાં થાય છે.
(11) ઈશ્વરવાદી ઈશ્વરને અન્ય જીવો કરતાં જુદી
જાતનું વિલક્ષણ, વિરૂપ તત્ત્વ માને છે. આપણે ત્યાં
આત્મા અને પરમાત્મા સ્વરૂપથી સરખા છે. ત્યાં
'પરમાત્મા પરમાત્મરૂપ છે' અને 'હું પરમાત્મરૂપ છું'
એ બે બુદ્ધિઓમાં ભાવથી, ભેદ સંભવે.
આપણે ત્યાં બંને બુદ્ધિઓ એકરૂપ પણ હોઈ શકે છે.
(12) ભવતિ ચ ખલુ પ્રતિષ્ઠા નિજ ભાવસ્યૈવ દેહતોદ્દેશાત્ ।
સ્વાત્મન્યેવ પરંતત્ સ્થાપન મિહવચનનીત્યોચ્ચૈઃ ॥
આ પ્રતિષ્ઠા મુખ્ય છે, કારણકે
વીતરાગભાવ પ્રાપ્તિરૂપ પરમ પ્રતિષ્ઠાનો હેતુ છે.
પ્રતિમામાં ઉપચરિત સ્વભાવ વિશેષની પ્રતિષ્ઠા છે.
ઉપચરિત સ્વભાવ બે પ્રકારે: સ્વાભાવિક, ઔપાધિક.
સ્વાભાવિક ભવિ સર્વદર્શિત્વરૂપ છે.
ઔપાધિક સ્વભાવ અનેક પ્રકારનો અને વિચિત્ર છે.

ૐ

## પુદ્‌ગલ સેં ન્યારો પ્રભુ મેરો... સ્તવન

પરમ પ્રભુ સબ જન શબ્દે ધ્યાવે,
જબ લગ અંતરભરમ ન ભાંજે, તબ લગ કોઉ ન પાવે...(૧)
સકલ અંસ દેખે જગ જોગી, જો ખિનુ સમતા આવે,
મમતા અંધ ન દેખે યાકો, ચિત્ત ચિહું ઓર ધ્યાવે...(૨)
સહજ શક્તિ અરૂ ભક્તિ સુગુરૂકી, જો ચિત્ત જોગ જગાવે,
ગુન પર્યાય દ્રવ્યસું અપને, તો લય કોઉ લગાવે...(૩)
પઢત પુરાન વેદ અરૂ ગીતા, મૂરખ અરથ ન ભાવે,
ઈત ઉત ફિરત ગ્રહત રસ નાંહિ, જ્યોં પશુ ચર્વિત ચાવે...(૪)
પુદ્‌ગલ સેં ન્યારો પ્રભુ મેરો, પુદ્‌ગલ આપ છિપાવે,
ઉનસે અંતર નાંહી હમારે, અબ કહાં ભાગો જાવે...(૫)
અકલઅલેખ અજઅજર નિરંજન, સો પ્રભુ સહજ સુહાવે,
અંતરયામી પૂરન પ્રગટ્યો, સેવક જસ ગુન ગાવે...(૬)

ૐ

## શ્રી સુમતિજિન સ્તવન

રૂપ અનૂપ નિહાળી, સુમતિજિન તાહરૂં હો લાલ.
છાંડી ચંચળ સ્વભાવ, ઠર્યું મન માહરૂં હો લાલ.
રૂપી સરૂપી ન હોત જો જગ તુજ દીસતું,
તો કુણ ઉપર મન, કરી હમ રીસતું હો લાલ ...(૧)

ટીંસ્યા વિણ ચિત શુદ્ધ સ્વભાવને ઇચ્છતા,
ઇચ્છ્યા વિણ તુજ ભક્ત પ્રગટ કીમ પ્રીછતા,
પ્રીછ્યા વિણ કીમ ધ્યાન દશામાંહિ ભાવતા,
ભાવ્યા વિણ રસ સ્વાદ કહો કીમ પાવતા ...(૨)
ભક્તિ વિના નહિ મુક્તિ હુવે કોઈ ભગતને,
કૃપા વિના તો તેહ હુવે કીમ જગતને,
ન્હવણ વિલેપન માળ પ્રદીપ ને ધૂપણા,
નવ નવ ભૂષણ ભાલ તિલક શિર ખૂંપણા ...(૩)
આમ શત પૂજને યોગે તુમ કૃપા થયા હો લાલ,
અમૃત સમાની વચ્છી ધરમની કરી ગયા,
તેહ આલંબને જવ ધ્યેયમાં જૂઝીયા,
ભાવિ ભવ્યન રાજને આમો પ્રભુ રંજીયા ...(૪)
તે માટે તુજ પિંડ ધ્યેય ગુણ કારણો,
સેવ્યો ધ્યાયો હુવે મહાભદ્ર વારણો,
શાંતિવિજય બુધ શિશ કહે ભવિકા જના,
પ્રભુનું પિંડસ્થ ધ્યાન કરી
થઈ ઈક મના હો લાલ ...(૫)

ॐ

## શ્રી નવકાર મહામંત્રની ધૂન

જગપતિ જગવત્સલ અરિહંત,
ભવ દુઃખ ભંજન જય ભગવંત. ...જગપતિ (૧)

ઈશ્વર અર્હં પાવન નામ,
આપે સુમતિ શાશ્વત ધામ. ...જગપતિ (૨)

કરતો નહિ હું સુકૃત કામ,
દાન, દયા અને પ્રભુનું નામ. ...જગપતિ (૩)

કુમતિ દે ચોર્યાસી ભમાડી,
શુદ્ધ માર્ગ મુજને નહિ મળાડી. ...જગપતિ (૪)

સદ્ગુરુ મળીયા ધર્મ સુણાવ્યો,
મંત્ર મહા નવકાર જણાવ્યો. ...જગપતિ (૫)

મંત્ર ભલો નવકાર જપીજે,
નવપદનું મન ધ્યાન ધરીજે. ...જગપતિ (૬)

તારક અડસઠ અક્ષર જાણી,
સદા ય સમરી ભવિજન પ્રાણી. ...જગપતિ (૭)

ઘાતી અઘાતી કર્મ જે કાપે,
મનવાંછિત સુખ સહુને આપે. ...જગપતિ (૮)

નવકાર ધ્યાને શિવસુખ આવે,
અર્હં સેવક જિન ગુણ ગાવે. ...જગપતિ (૯)

ॐ

## આનંદઘનજીનું પદ

મનાજી... તું તો પ્રભુ ચરણે ચિત્ત લાય,
તેરો અવસર વિત્યો જાય...

મનાજી૦ ॥૧॥

ઉદર ભરણકે કારણે રે, ગૌઓં વનમેં જાય, ચારો ચરે
ચિંહુ દિશિ ફરે રે, વાંકું ચિત્તડું વાછરુઆ માંહ્ય...

મનાજી૦ ॥૨॥

ચાર પાંચ સાહેલી મલીને, હીલ મીલ પાણી જાય,
તાલી દીયે ખડખડ હસે રે, વાંકું ચિત્તડું ગગરીયા માંહ્ય...

મનાજી૦ ॥૩॥

નટવા નાચે ચોકમાં રે, લખ આવે લખ જાય,
વાંસ ચઢી નાટક કરે રે, વાંકું ચિત્તડું દોરડીયા માંહ્ય...

મનાજી૦ ॥૪॥

જુગટીયા મન જુગટું રે, કામિનીને મન કામ,
આનંદઘન એમ વિનવે રે, ઐસો પ્રભુકો ધર ધ્યાન...

મનાજી૦ ॥૫॥

ॐ

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૧)**
જ્ઞાન વિનાનું ચારિત્ર મિથ્યાત્વની પુષ્ટિ કરનારું છે. - ઉપદેશમાલા ટીકા

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૫)**
કૃષિ આદિ કાર્યોમાં ફળની શંકા છતાં પણ 'મહેનત કરશું તો ફળ મળશે' એવા નિશ્ચયથી પ્રવૃત્તિ કરાય છે, એમ ધર્મમાં પણ ન્યાય અનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૨૭)**
વિષયની સમાપત્તિ ભાવસંજ્ઞી-ભાવનિક્ષેપાની ઉત્પત્તિ છે. વળી આત્માની સમાપત્તિ પરમાત્મદલરૂપ જીવાત્માનો કે દ્રવ્યનો તાત્વિક ભાવ છે. ટીકાઃ અર્થ અને જ્ઞાનનો કોઈ એકવૃત્તિઆરૂઢપણાથી એકત્વપરિણામ સંભવતો નથી, કેમકે ચેતનત્વ અને અચેતનત્વનો વિરોધ છે, એ પ્રમાણે ભાવ છે. વળી, આત્માની સમાપત્તિ પરમાત્મદશા પ્રાપ્ત કરવાના ઉપાદાન કારણભૂત એવા ધ્યાતાના આત્મદ્રવ્યનો, તાત્વિક કે સહજશુદ્ધ ભાવ (પરિણામ) છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૨)**
હે નાથ! હું તારો નોકર-દાસ-સેવક-ચાકર છું, તું મને 'હા' કહીને સ્વીકારી લે. એથી વધુ મારે કાંઈ કહેવું નથી.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૫૩)**
વાંસલાથી કોઈ છેદે કે ચંદનથી કોઈ પૂજે, તે બન્ને અવસ્થામાં સમભાવી, સુખ-દુઃખ બન્ને અવસ્થા સમાન છે જેને એવા તથા સંસાર અને મોક્ષ બંનેમાં અપ્રતિબદ્ધ સ્વભાવી, એવા જે હોય તેઓને 'મુનિ' કહેલાં છે. આ કારણથી અન્ય ધર્મશાસ્ત્રોમાં પણ પ્રાયઃ આ જ કહેલું છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૫૪)**
ટીકાઃ વાસી-ચંદનતુલ્ય મધ્યસ્થ સ્વભાવી 'મુનિ' હોય છે. કોઈ શત્રુ મુનિના શરીરને વાંસલાથી છોલે તો અલ્પ પણ દ્વેષ ન કરે અને કોઈ ચંદનથી પૂજે, તો અલ્પ પણ રાગ ન કરે, છોલનાર અને પૂજનાર બન્ને ઉપર મધ્યસ્થ સ્વભાવી 'મુનિ' છે. અન્ય દર્શનકારોનો અર્થ : વાંસલાથી ચંદનને જેમ છેદવામાં આવે, તેમ છેદનાર

ૐ

વ્યક્તિને અને વાંસલાને બન્નેને ચંદન વધારે સુવાસ જ આપે છે, તેમ મુનિ પણ કરુણા જ વરસાવનારા હોય છે. આને પણ 'વાસી-ચંદનન્યાય' કહેવાય છે અને એટલા જ માટે આ પાઠનો 'એકાન્તે પરનું હિત કરનારા' એવો બીજો અર્થ અન્ય આચાર્યો કરે છે. આ વિશેષણ બાહ્યાપેક્ષિત -આન્તરાપેક્ષિત છે. સુખ-દુઃખ ઉપર સમભાવી, મધ્યસ્થપણે વર્તનારા, સર્વત્ર રાગ-દ્વેષનો ત્યાગ કરનારા 'મુનિ' હોય છે. સંસાર અને મોક્ષ એમ બન્ને વિષે અપ્રતિબદ્ધ સ્વભાવી, ઈચ્છા જ નાશ પામેલી હોવાથી કોઈપણ પ્રત્યે આસક્તિ વિનાના 'મુનિ' છે. આ કારણથી યથોક્તશુદ્ધ સામાયિક યોગે ઘણું કરીને બહુલતાએ ષષ્ઠીતન્ત્રાદિ અન્ય દર્શનકારોના શાસ્ત્રોમાં આવા મુનિને જ 'મુનિ' કહેલા છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૭૫)**

જીવ વીતરાગનું ધ્યાન કરતો વીતરાગી થાય છે, કે રાગાદિથી મુકાય છે અને રાગી જીવના આલંબનથી, ક્ષોભાદિ કરનાર રાગી થાય છે. જેમ મણિ જે જે ભાવ કે રંગની સાથે જોડાય છે, તે તે રંગ સ્વરૂપી થાય છે, તેમ યંત્રવાહક કે આત્મા જે જે ભાવ(રાગાદિ)ની સાથે જોડાય છે, તે તે ભાવથી તે ભાવ કે રાગ સ્વરૂપને પામે છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૮૯)**

સ્વાધ્યાય દ્વારા યોગનો અને યોગથી સ્વાધ્યાયનો અભ્યાસ કરે. સ્વાધ્યાય અને યોગની સંપત્તિ વડે પરમાત્મા પ્રકાશે છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૯૦)**

તે વળી અધિકારીનાં ભેદથી ત્રણ પ્રકારે છે. (૧) મૃદુ (૨) મધ્ય (૩) તીવ્ર. તે અંગે પિપીલિકા, વાંદરો અને પક્ષીનાં ન્યાયનું દષ્ટાંત છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૯૩)**

ફરતી એવી ઈન્દ્રિયોની પાછળ મન જોડાય છે અને ઈન્દ્રિયોમાં જોડાવાથી જેમ વાયુ નાવને પાણીમાં લઈ જાય, તેમ મન આત્માની પ્રજ્ઞાને તે વિષયોમાં ખેંચી જાય છે કે આસકત થાય છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૯૬)**

પ્રભુએ કહ્યું છે કે જે મંત્રની ચેતના કે તાત્પર્યને જાણનાર હોય તે 'ગુરૂ' કહેવાય તથા મંત્રજાપથી મનનો લય એકાગ્ર થાય છે, તેથી મંત્ર એ યોગ છે.

ॐ

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૯૭)**

ગુદાની પાછળનાં આ ભાગમાં દેહ સહિત આત્માને ધારણ કરનાર વીણાદંડ છે. આખા શરીર પ્રમાણ લાંબા હાડકા સુધીની એવી તેને 'બ્રહ્મનાડી' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૯૭)**

જ્ઞાનેન્દ્રિયોથી સમ્યગ્ જ્ઞાન, કર્મેન્દ્રિયોથી ક્રિયા થાય. બધું પ્રાણમાં સ્થાપન થાય છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૯૮)**

મહાકુંડલિની પરમબ્રહ્મ સ્વરૂપી, એક છતાં અનેક અક્ષરી આકૃતિવાળી, શબ્દબ્રહ્મમય દેવી કહેવાઈ છે. જ્યાં સુધી તે દેહમાં સુતેલી હોય છે, ત્યાં સુધી મનુષ્ય પશુ જેવો હોય છે અને કરોડો પ્રયત્ન કરે તો પણ જ્ઞાન (કેવળજ્ઞાન) પ્રાપ્ત થતું નથી.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૯૮)**

તે આત્મશક્તિ મૂલાધારચક્રમાં સૂતેલી છે. જાગૃત થયેલી વિશુદ્ધચક્રમાં રહે છે. શ્રેષ્ઠ એવી આ શક્તિ મુક્તિ સ્વરૂપ છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૦૯)**

પોતાનો આત્મા જ્ઞાતા, જ્ઞાન અર્ઘ્ય, જ્ઞેય ઘી છે. આ બધાનું એકીકરણ કરવું તે શ્રી ચક્રપૂજન જાણવું.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૧૩)**

જેમ પ્રાણ વિના દેહ કોઈ કામ કરવા અસમર્થ છે, તેમ સેંકડો જાપ વડે પણ પ્રાણ વિનાનો મંત્ર સિદ્ધ થતો નથી. મંત્રનો અર્થ અને મંત્રચૈતન્ય જે સાધક જાણતો નથી, તે સેંકડો-લાખ વાર મંત્રજાપ કરે, તો પણ તેને સિદ્ધ થતો નથી.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૧૩)**

પ્રણવનો જાપ અને પ્રણવથી કહેવાતા ઈશ્વરની ભાવના તે જાપ કરનારા યોગીને પ્રણવ માટે ભાવના ભાવવાથી ચિત્ત એકાગ્ર થાય છે.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૪)**

જે માર્ગ વડે નિરામય બ્રહ્મસ્થાને જવાનું છે, તે દ્વારને મુખ વડે ઢાંકીને પરમેશ્વરી કુંડલિની સૂતેલી છે.

ॐ

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૧૪)**
મૂલાધારમાં સર્પની જેમ કુંડલરૂપે આ શક્તિ સ્થાપન કરેલી હોવાથી આ 'કુંડલી' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૧૫)**
'બ્રહ્મ છે' એમ જો વેદ કહે છે તો તે પરોક્ષ જ્ઞાન જ છે. 'હું બ્રહ્મ છું' એમ જો વેદ કહે છે તો તે અપરોક્ષ (પ્રત્યક્ષ) જ્ઞાન છે.

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૧૬)**
યોગ આકાશ ઉપર, ભૂમિમાં કે પાતાલમાં નથી. 'જીવ અને આત્માના ઐક્યમાં યોગ છે' એમ યોગ વિશારદો કહે છે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૧૭)**
દોરી વડે મજબૂત બંધાયેલ પક્ષીની જેમ સર્વ જીવોમાં રહેલું ચિત્ત પ્રાણ સાથે બંધાયેલું છે. (૧) વિવિધ વિચારો વડે મન બંધાતુ નથી, તેને જીતવાનો ઉપાય પ્રાણજય જ છે. (૨) તર્ક, વચન, શાસ્ત્રજાલ, યુક્તિઓ, મંત્રો કે દવા વડે પ્રાણ વશ થતો નથી. (જેમ) સિદ્ધ ઉપાય વિના માત્ર વિધિથી (મંત્રાદિ) સિદ્ધ ન થાય. (૩)

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૨૮)**
જયણા ધર્મની માતા છે. ધર્મનું પાલન કરવામાં જયણા પળાય છે. નવ પ્રકારની વૃદ્ધિ કરનારી તે છે. જયણા એકાંતે સુખકારી છે. જયણામાં વર્તતો જીવ સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર તથા શ્રદ્ધા-જ્ઞાન-સેવા ભાવનાનો આરાધક થાય છે.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૨૦૪)**
ઉત્સાહથી, નિશ્ચયથી, ધૈર્યથી, તે-તે કાર્યમાં પ્રવૃત્તિ કરવાથી, બાહ્યસંગ ત્યાગ કરવાથી અને સજ્જન જેવું આચરણ કરવાથી - આ ૬ ઉપાયોથી ભક્તિ સિદ્ધ થાય છે.




ઉપર દર્શાવેલ ૮ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૩૮ - ૧૯૭૪ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.




૫ + ૫ + ૫ + ૫ = ૨૦ — ૮

૧ + ૩ + ૯ + ૭ = ૨૦ — ૯

૧ + ૫ + ૫ + ૯ = ૨૦ — ૧

૯ + ૫ + ૫ + ૧ = ૨૦ — ૨

૨ + ૫ + ૫ + ૮ = ૨૦ — ૩

૩ + ૫ + ૫ + ૭ = ૨૦ — ૪

૭ + ૫ + ૫ + ૩ = ૨૦ — ૫

૬ + ૫ + ૫ + ૪ = ૨૦ — ૬

૬ + ૨ + ૪ + ૮ = ૨૦ — ૭

www.fiestadesigns.in